*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૬

## મોક્ષમાર્ગીનું જીવન

અહા, મોક્ષમાર્ગી જીવોનાં જીવન કોઈ જુદી જાતના છે. પોતાના ચૈતન્યસ્વભાવ સિવાય બીજા કોઈની જેને અંતરમાં દરકાર નથી. જગતના પ્રસંગોથી એમની પરિણતિ હલી જતી નથી. અંતરની અનુભવદશામાં ચૈતન્યના આનંદના દરિયા ડોલતા દેખ્યા છે, એનું ચિત્ત હવે બીજે કેમ લાગે ?

રે જીવ! તારે મોક્ષમાર્ગી થવું છે ને! તો સંસારમાર્ગી જીવો કરતાં મોક્ષમાર્ગી જીવોનાં લક્ષણ તદ્દન જુદાં હોય છે. માટે પ્રતિકૂળતા વગેરે પ્રસંગ આવતાં તું સંસારીજીવોની જેમ ન વર્તીશ. પણ મોક્ષમાર્ગી–ધર્માત્માઓની પ્રવૃત્તિ લક્ષમાં લઈને તે રીતે વર્તજે; મોક્ષમાર્ગમાં દ્રઢ રહેજે...મોક્ષમાર્ગી ધર્માત્માઓના જીવનને તારા આદર્શરૂપે રાખજે.


વીર સં. ૨૪૯૩ **બ્રહ્મચર્ય અંક ( ચોથો )** વર્ષ: ૨૪
શ્રાવણ અંક: ૧૦

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ગુરુદેવના આશીર્વાદ

'આત્મધર્મ' આ ખાસ અંકમાં ગુરુદેવના આશીર્વાદરૂપે તેઓશ્રીના પવિત્ર હસ્તાક્ષર આપીએ છીએ જે આપણને અમૂલ્ય ચિંતામણિ દેખાડે છે





ૐ
નિજ પરમ પાવન પરમાત્માનું
નિજ પરમ સ્વરૂપ, તેના પ્રવાહની
પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા
એ અમૂલ્ય ચિંતામણી રત્ન છે.
કે જેનું મુલ્યાંકન હોઈ શકે નહિં.

જેમ કોઈ ઝવેરી હાથમાં લઈને મૂલ્યવાન રત્ન બતાવે તેમ અહીં ગુરુદેવ સ્વહસ્તાક્ષરવડે અમૂલ્ય ચિંતામણિરત્ન બતાવે છે. હસ્તાક્ષરની શરૂઆતમાં જ ૐ દ્વારા, નજીકમાં સાંભળેલી ભગવાનની દિવ્યવાણીને યાદ કરી છે. ને પછી એ દિવ્યધ્વનિના દરિયામાંથી એક અમૂલ્ય રત્ન શોધીને આપતા હોય તેમ લખ્યું છે કે–'નિજ પરમપાવન પરમાત્માનું નિજ પરમસ્વરૂપ, તેના પ્રવાહની પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા–એ અમૂલ્ય ચિંતામણિરત્ન છે, કે જેનું મુલ્યાંકન હોઈ શકે નહીં.'

વાહ! કેવા મજાના ગૂઢભાવો આ ટૂંકા હસ્તાક્ષરમાં ખોલ્યા છે! પ્રથમ તો પરમ પાવન પરમાત્મસ્વરૂપ દરેક આત્મા પાસે છે, ને પ્રવાહપણે તે અનાદિઅનંત વર્તી રહ્યું છે. આવા પોતાના પરમાત્મતત્ત્વની પરમ પ્રતીતિ, માત્ર સાંભળીને પ્રતીતિ નહીં પણ પરમ પ્રતીતિ એટલે કે સ્વાનુભવસહિતની પ્રતીતિ, અને પ્રતીતિ ઉપરાંત તેમાં સ્થિરતા, એ અમૂલ્ય ચિંતામણિરત્ન છે; આવા અમૂલ્ય ચિંતામણિને હાથમાં રાખીને આત્માનો જે કાંઈ વૈભવ ચિંતવવામાં આવે તે તત્ક્ષણે પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જગતના સર્વોત્કૃષ્ટ રત્નો આ ચિંતામણિમાં સમાઈ જાય છે, તેમજ બીજા અનંતગુણોની નિર્મળતારૂપ અનંત રત્નો તેમાં ભેગા આવી જાય છે.–એમાં પ્રતીતિ અને એમાં સ્થિરતા એ સિવાય બીજા કોઈ પ્રકારે એનાં મુલ્યાંકન થઈ શકે નહીં. ગુરુદેવે સ્વહસ્તે દર્શાવેલા આવા ચૈતન્યચિંતામણિ રત્નને શીઘ્ર પામીએ..એ જ ભાવના. (સં.)

બ્રહ્મચર્ય-અંક
( ચોથો )

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૩
શ્રાવણ

* વર્ષ ૨૪ : અંક ૧૦ *

તંત્રી:જગજીવન બાવચંદ દોશી 卐 સંપાદક: બ્ર. હરિલાલ જૈન

# અં...જ...લિ

હૃદયની ઘણી ઊર્મિઓ સાથે આ ચોથો બ્રહ્મચર્ય-અંક સાધર્મીઓ સમક્ષ રજુ થાય છે. ૧૮ વર્ષમાં આ ચોથો બ્રહ્મચર્ય-અંક પ્રસિદ્ધ થાય છે ત્યારે એ અઢાર વર્ષના ઉત્તમ પ્રસંગો આજે ફરીને તાજા થાય છે. પૂ. ગુરુદેવનો અધ્યાત્મઉપદેશ અને પૂ. ધર્મમાતાઓની વાત્સલ્યઝરતી છાયા જિજ્ઞાસુઓના જીવનમાં જ્ઞાન-વૈરાગ્યનું કેવું અદ્‌ભુત સીંચન કરી રહ્યા છે, અને તેમના પ્રતાપથી જિજ્ઞાસુઓ કેવા ઉત્સાહથી હિતમાર્ગની પ્રેરણા મેળવી રહ્યા છે! તે વાતને આવા ઉત્તમ પ્રસંગો અત્યંત પ્રસિદ્ધ કરી રહ્યા છે. જ્ઞાનીજનોના સંગમાં વસતાં જીવનમાં જ્ઞાન વૈરાગ્યની પુષ્ટી થયા જ કરે છે. આવા ધર્માત્માને દેખતાં મુમુક્ષુહૃદયમાં અનેરો હર્ષ ઉલ્લસે છે. આ વિશેષઅંક દ્વારા પરમઉપકારી સન્તો પ્રત્યે ભક્તિભરી ઉપકાર-અંજલિ અર્પણ કરીએ છીએ.

–સંપાદક

### નવકુમારિકા બહેનોએ ગ્રહણ કરેલ

# બ્રહ્મચર્યની દીક્ષા

અમારા સાધર્મીઓને આ ચોથીવાર આનંદ–સમાચાર આપતાં હર્ષ થાય છે કે–શ્રાવણ વદ એકમ ને રવિવારના રોજ સોનગઢમાં પૂ. ગુરુદેવની મંગલછાયામાં એકસાથે નીચેના નવ કુમારિકા બહેનોએ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરી છેઃ–

| | | | |
|---|---|---|---|
| (૧) | ઇન્દિરાબેન | (વર્ષઃ ૩૦ નવલચંદ ખીમચંદના સુપુત્રી) | મોરબી |
| (૨) | હંસાબેન | (B. Sc. વર્ષ ૨૫ કેશવલાલ મહીજીભાઈના સુપુત્રી) | જલગાંવ |
| (૩) | સુરેખાબેન | (વર્ષઃ ૨૩ કેશવલાલ મહીજીભાઈના સુપુત્રી) | જલગાંવ |
| (૪) | રમાબેન | (વર્ષઃ ૨૩ મોતીલાલ સુંદરજીના સુપુત્રી) | દાદર–મુંબઈ |
| (૫) | મૈનાબેન | (વર્ષઃ ૨૨ ખેમરાજ કંવરલાલના સુપુત્રી) | ખૈરાગઢ |
| (૬) | સુશીલાબેન | (વર્ષઃ ૨૩ નત્થુસા બાલચંદસાના સુપુત્રી) | મલકાપુર |
| (૭) | નિર્મળાબેન | (વર્ષઃ ૨૪ રતનલાલસા પન્નાલાલસાના સુપુત્રી) | મલકાપુર |
| (૮) | વિમલાબેન | (વર્ષઃ ૨૩ પુનમચંદસા ભિકુસાના સુપુત્રી) | મલકાપુર |
| (૯) | વિમલાબેન | (વર્ષઃ ૨૨ લાલચંદજી જૈન સિંઘઈના સુપુત્રી) | જબલપુર |

આ નવે બહેનો સુશિક્ષિત ખાનદાન કુટુંબના છે, બાલબ્રહ્મચારી છે, અને લાંબા સમયથી સોનગઢમાં રહીને ગુરુદેવના ઉપદેશથી તેમજ પૂ. બેનશ્રી–બેનની મંગલછાયામાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તથા વૈરાગ્યનું સીંચન કર્યું છે. જ્યારથી બહેનોનું બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લેવાનું નક્કી થયું ત્યારથી જ સોનગઢમાં ઉલ્લાસભર્યા ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું.

શ્રાવણ વદ એકમની સવારમાં, બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લેનારા બહેનો તરફથી જિનમંદિરમાં સમૂહપૂજન થયું હતું. ત્યારબાદ બ્રહ્મચારી બહેનોના હાથમાં જિનવાણીસહિત જુલૂસ નીકળ્યું હતું, ને ગામમાં ફરીને પ્રવચન–મંડપમાં આવ્યું હતું. પછી લગભગ

# તારા ચરણોમાં રહીએ સદાય.....



Photo: Poonam Sheth

જ્ઞાની–સન્તોની શીતલ છાયામાં આત્મહિત સાધવાના પ્રયત્નમાં અમારું જીવન વીતે...ને એમના પ્રતાપે અમે હવે આ ભવભ્રમણથી છૂટીને આત્મસુખ પામીએ,–આવી ભાવનાપૂર્વક નવ કુમારિકા બહેનો પૂ. ગુરુદેવ સમક્ષ બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરે છે–તે વખતનું ભાવભીનું દૃશ્ય.

( સોનગઢ વીર સં. ૨૪૯૩, શ્રાવક વદ એકમ )

# સંત કેરી શીતલ આ છાંયડી



Photo:Poonam Sheth

પૂ. બેનશ્રીબેનની ચરણછાયામાં નવ બ્ર. બહેનો.

હંસાબેન, મૈનાબેન, સુશીલાબેન, સુરેખાબેન, ઈન્દિરાબેન, વિમલાબેન, નિર્મલાબેન, વિમલાબેન, રમાબેન

તમે આત્મહિતના હેતુએ જીવન ગાળજો...દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે ભક્તિ અને બહુમાન વધારજો...અરસપરસ એકબીજાની બહેનો હો–એ રીતે વર્તજો ને વૈરાગ્યથી રહેજો...એમાં શાસનની શોભા છે. આત્માનું કલ્યાણ કેમ થાય...ને તે માટે પૂ. ગુરુદેવ શું કહે છે તેનો વિચાર કરવો. સ્વાધ્યાય અને મનન વધારવું, બ્રહ્મચર્યજીવનને લીધે આત્માના વિચારને માટે નિવૃત્તિ મળે છે એમ ગુરુદેવ વારંવાર કહે છે, માટે નિવૃત્તિ લઈને સ્વાધ્યાય–મનન કરવું. આમ તમારે તમારા જીવનમાં આત્માનું કલ્યાણ કરવાનું લક્ષ રાખવું...

( બ્રહ્મચર્ય અંક નં. ૨ માંથી ) ( પૂ. માતાજીની શિખામણ )

## यह जीवन तुमसा जीवन हो



**Photo: Poonam Sheth**

પૂ. બેનશ્રી–બેનની મંગલછાયામાં વસતાં મુમુક્ષુઓ અંતરની ઉર્મિથી કહે છે કે હે ધર્મમાતા ! આપ જ અમારી સાચી માતા છો. માતા કરતાં પણ વધુ હેતથી દિનરાત આપ અમારા હિતની સંભાળ રાખી રહ્યા છો. જ્ઞાન–વૈરાગ્યનો સન્માર્ગ બતાવીને એવા જીવનના સંસ્કારોનું સીંચન કરીને આપ અમારા ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છો...હે માતા ! આપનું જીવન એક આદર્શ જીવન છે; તેથી અમે એવી ભાવના ભાવીએ છીએ કે यह जीवन तुमसा जीवन हो।



Photo: Poonam Sheth

(બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા પ્રસંગના સરઘસનું દૃશ્યઃ જેમાં નવ કુમારિકા બહેનો જિનવાણીસહિત નજરે પડે છે.)

સમ્યક્ત્વાદિની આરાધનાની ભાવના ભાવવી.

આરાધના પ્રત્યેનો ઉત્સાહ વધારવો.

આરાધક જીવો પ્રત્યે બહુમાનથી પ્રવર્તવું.

–ઇત્યાદિ સર્વપ્રકારના ઉદ્યમવડે આત્માને આરાધનામાં જોડવો.

આરાધનાને પામેલા જીવોનું દર્શન અને સત્સંગ આરાધના પ્રત્યે ઉલ્લાસ જગાડે છે.

દોઢ હજાર માણસોની સભામાં ગુરુદેવનું ભાવભીનું પ્રવચન થયું–જેમં સિદ્ધો અને સર્વજ્ઞભગવંતોના આદરરૂપ અપૂર્વ મંગલનું સ્વરૂપ સમજાવ્યું. ત્યાર બાદ એકસાથે નવ કુમારિકા બહેનો બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેવા માટે ઊભા થયા. એકસાથે નવ વીરબાળાઓ આત્મહિતના પંથે પ્રયાણ કરવા તત્પર બની–એ દ્રશ્ય વૈરાગ્યપ્રેરક હતું. જીવનમાં ક્યારેક જ જોવા મળતો વૈરાગ્યનો આવો ઉત્સવ દેખીને મુમુક્ષુઓને આનંદ થતો હતો. આ નવેય બહેનો અનેક વર્ષોથી પૂ. ગુરુદેવના અધ્યાત્મરસઝરતા ઉપદેશનો લાભ લઈને સત્સમાગમે તત્ત્વનો અભ્યાસ કરે છે, અને પૂ. બેનશ્રી–બેનની વાત્સલ્યભરી છાયામાં જ્ઞાન–વૈરાગ્યનું પોષણ કરે છે. આત્મકલ્યાણની ભાવના પ્રબળ થતાં તેમને એમ થયું કે આપણુ જીવન સંતોની છાયામાં આત્મહિત સાધવાના પ્રયત્નમાં જ વીતે. આવી ઉત્તમ ભાવનાપૂર્વક પોતાનું સારુંય જીવન તેઓએ સત્સમાગમે અર્પણ કર્યું ને નાની ઉંમરમાં આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. આ પ્રશંસનીય કાર્ય બદલ બધા બહેનોને ધન્યવાદ! આ શુભકાર્યમાં અનુમતિ આપવા માટે બધા બહેનોના માતા–પિતા અને વડીલોને પણ ધન્યવાદ. આપણા સાધર્મી બહેનો આજે જીવનના નુતનપંથે પ્રયાણ કરવા વૈરાગ્યભાવથી જે પગલું ભરી રહ્યા છે–આત્મહિતના જે ધ્યેયપૂર્વક મંગલમાર્ગે પ્રસ્થાન કરી રહ્યા છે તે જીવનધ્યેયમાં સન્તોની સેવાના પ્રતાપે તેઓ શીઘ્ર સફળ થાઓ એમ ઈચ્છીએ છીએ.

આજે પૂ. ગુરુદેવના મહાન પ્રતાપે શાસનપ્રભાવના દિન–પ્રતિદિન વધતી જાય છે. જિજ્ઞાસુ જીવો જાગતા જાય છે...ને ગુરુદેવના અધ્યાત્મરસપોષક ઉપદેશથી પ્રભાવિત થઈને અનેક જીવો **‘સંત કેરી શીતળ છાંયડી’ માં** આત્મહિતનો ઉદ્યમ કરી રહ્યા છે. આવા જ ઉદ્દેશપૂર્વક એકસાથે નવ–નવ કુમારિકા બહેનોના આજીવન બ્રહ્મચર્યના પ્રસંગો બની રહ્યા છે. બ્રહ્મચારી બહેનોની કુલ સંખ્યા લગભગ પચાસ જેટલી થઈ છે. આજીવન બ્રહ્મચારી રહેવા ઉપરાંત **જે ઉદ્દેશથી ને જે લક્ષથી આ કરવામાં આવે છે તે ઉદ્દેશની ને તે લક્ષની ખાસ મહત્તા છે; અને તેમાંય જ્ઞાનીઓના સત્સંગના સાક્ષાત્ યોગમાં રહીને આ બધુંય થાય છે-તે સૌથી મોટી વિશેષતા છે.**

બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા પ્રસંગે દીક્ષામહોત્સવ જેવું ઉલ્લાસકારી વાતાવરણ નજરે પડતું હતું. બધા બહેનોના કુટુંબીજનો આ પ્રસંગે સોનગઢ આવ્યા હતા; ઠેર ઠેર મંડપ બંધાયા હતા. પ્રવચન પછી પ્રતિજ્ઞા લેવા માટે એકસાથે નવ વીરબાળાઓ જ્યારે ગુરુદેવ સમક્ષ ઊભી થઈ ત્યારનું દ્રશ્ય વૈરાગ્યપ્રેરક હતું. બ્રહ્મચર્યની દીક્ષા આપતાં ગુરુદેવે કહ્યું કે નાની ઉંમરમાં આ દીકરીઓ બ્રહ્મચર્ય લ્યે છે તે સારું કામ કરે છે. તત્ત્વના અભ્યાસપૂર્વક તેઓ આ કામ કરે છે. અહીં બે બહેનોનો ( બેનશ્રી–બેનનો ) જોગ છે તેને લઈને કુલ ૫

બ્રહ્મચારી બહેનો થયા છે.–બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા પ્રસંગે સૌએ હર્ષથી અનુમોદના કરી હતી. તથા સંસ્થા તરફથી દરેક બ્રહ્મચારી બહેનને અભિનંદન સાથે ચાંદીનો ગ્લાસ તથા સાડી પૂ. બેનશ્રી–બેનના સુહસ્તે ભેટ આપવામાં આવ્યા હતા. બીજા પણ ઘણા જિજ્ઞાસુ ભાઈ–બહેનોએ વિધવિધ ભેટો જાહેર કરીને હાર્દિક અનુમોદન આપ્યું હતું.

ભારતના ઈતિહાસમાં વિરલ એવી બ્રહ્મચર્યદીક્ષાના આવા પ્રસંગો ગુરુદેવના પ્રતાપે અવારનવાર બન્યા કરે છે. વિષયકષાયોથી ભરેલા અત્યારના હડહડતા વાતાવરણમાં પચાસ જેટલા કુમારિકા બહેનોની બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞાના આવા પ્રસંગો સંસારને ચુનોતી આપે છે કે અરે જીવો! સુખ વિષયોમાં નથી, સુખ તો અધ્યાત્મજીવનમાં છે...સુખને માટે વિષયોને ઠોકર મારીને જ્ઞાની–સંતની છાયામાં આવી આત્મસાધનામાં જીવનને જોડો.

આ બધા બહેનોએ આત્મહિતને માટે જીવન સમર્પણ કરવાનું જે સાહસ પ્રાપ્ત કર્યું છે તેમાં પૂ. ગુરુદેવના વૈરાગ્યરસભીના આત્મસ્પર્શી ઉપદેશનો તો મુખ્ય પ્રભાવ છે જ; તે ઉપરાંત પૂ. બે પવિત્ર બહેનોની શીતલછાયા ને વાત્સલ્યભરી હૂંફે તે બહેનોના જીવનમાં આ સામર્થ્ય આપ્યું છે. પૂ. બેનશ્રી ચંપાબેન, અને પૂ. બેન શાન્તાબેન–એ બંને ધર્મમાતાઓનું ધર્મરંગથી રંગાયેલું સહજ જીવન તો નજરે જોવાથી જ જિજ્ઞાસુને ખ્યાલમાં આવી શકે. એ બંને બહેનોની પવિત્રતા, અનુભવ, સંસ્કાર, વૈરાગ્ય તેમજ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યેની અપાર ભક્તિ, અર્પણતા, વિનય ને વાત્સલ્ય–એ બધા ગુણો મુમુક્ષુને આનંદ ઉપજાવે છે ને ભક્તિ જગાડે છે. તેઓશ્રીની છત્રછાયાને લીધે જ નાની વયના બહેનો માતાપિતાને છોડીને આવી હિંમત કરી શક્યા છે. તેઓ અપાર વાત્સલ્યપૂર્વક જીવનમાં નિરંતર જ્ઞાન–વૈરાગ્યનું સીંચન કરી રહ્યા છે. આ રીતે જીવનમાં પૂ. ધર્મમાતાઓનો પણ મહાન ઉપકાર છે. તેઓશ્રીનું આદર્શજીવન સહેજે જ્ઞાનવૈરાગ્યની પ્રેરણા આપે છે.

ઉપસ્થિત સમાજની વતી બ્રહ્મચારી બહેનો પ્રત્યે શુભેચ્છા અને અભિનંદનરૂપે વિદ્વાન વડીલ ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે એક ભાવભીનું ભાષણ કર્યું હતું; તેમાં બ્રહ્મચર્ય લેનાર બહેનોએ કેવા ભાવથી આ કાર્ય કર્યું છે તે બતાવ્યું હતું તથા સત્સંગનો મહિમા જણાવ્યો હતો. તેમનું ભાવભીનું પ્રસંગોચિત પ્રવચન સાંભળીને સૌને પ્રસન્નતા થઈ હતી. આ ઉપરાંત બહારગામથી પણ અનેક અભિનંદન–સન્દેશા આવ્યા હતા. આજે પૂ. ગુરુદેવને આહારદાન બ્રહ્મચર્યઆશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્રહ્મચારી બહેનો તરફથી થયું હતું. આશ્રમનું વાતાવરણ ઘણું હર્ષોલ્લાસમય હતું.

બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લેનાર આ બહેનો લાંબા સમયથી પૂ. ગુરુદેવના ઉપદેશનું શ્રવણ કરે છે; તે ઉપરાંત અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. દર્શન–પૂજનાદિ કાર્યો નિયમિતપણે કરે છે; રાત્રિભોજનત્યાગ વગેરે યોગ્ય આચારોનું પાલન કરે છે. સત્સમાગમે રહીને આત્મહિતની ભાવનાથી બ્રહ્મચર્યજીવન ગાળવાનો નિર્ણય સૌએ પોતાના દ્રઢ વિચારબળથી કર્યો છે. અમારી આ સાધર્મી બહેનો પ્રત્યે હાર્દિક વાત્સલ્યભરેલા અભિનંદનપૂર્વક, સંતોની શીતલ છાયામાં આત્મપ્રયત્ન જગાડી સૌ પોતાના જીવનધ્યેયને જલદી પ્રાપ્ત કરીએ...એવી શુભેચ્છા

– બ્ર. હ. જૈન

### બ્ર. બહેનો પ્રત્યે માનનીય પ્રમુખશ્રી તરફથી

# શુભેચ્છા-સન્દેશ

શ્રાવણ વદ એકમે બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લેનારા નવ કુમારિકાબહેનો પ્રત્યે શુભેચ્છાનો સન્દેશ પાઠવતાં માનનીય પ્રમુખશ્રી નવનીતલાલ સી. ઝવેરી લખે છે કે–

શ્રાવણ વદ એકમ એ તમારા જીવનની ધન્ય પળ છે કે જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવના ઉપદેશનું સાર્થક્ય તમારા જીવનમાં ઉતારવા તમે ભાગ્યશાળી થયા છો. પરમ હિતકારી જૈનધર્મ એટલો મહાન છે કે જે કોઈ જીવ પોતાના જીવનમાં તેને અંગીકાર કરે છે તેનું જીવન કૃતકૃત્ય થઈ જાય છે. પંડિત શ્રી દોલતરામજીએ કહ્યું છે–

यह मानुषपर्याय सुकुल सुनिवो जिनवानी,<br>
यह विध गये न मिले सुमणि ज्यों उदधि समानी।<br>
धन समाज गज बाज राज तो काज न आवै,<br>
ज्ञान आपको रूप भये फिर अचल रहावै;<br>
तास ज्ञानको कारन स्व-पर विवेक बखानौ,<br>
कोटि उपाय बनाय भव्य ताको उर आनौ।।

તમે પણ આવી ઉત્તમ ભાવનાથી બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરી છે; તેમાં આગળ વધો અને આવું જ્ઞાન પ્રાપ્ત કરીને તમે તમારા જીવનને ધન્ય બનાવો–એવી શુભેચ્છા સાથે અભિનંદન પાઠવું છું.

– નવનીતલાલ જવેરી

# સિદ્ધો અને સર્વજ્ઞોના આદરરૂપ મહા માંગળિક

卐

( શ્રાવણ વદ એકમ: નવ બહેનોની બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા પ્રસંગે પ્રવચનમાંથી )

( સમયસાર કળશ ૨–૩ )

સર્વજ્ઞવીતરાગદેવની અનેકાન્તમય વાણી આત્માના સ્વરૂપને પ્રકાશે છે. અનેકાન્તમયી વાણી છે તે સર્વજ્ઞને અનુસરનારી છે. જેવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યું છે તેવું જ વાણીમાં આવ્યું છે. ને વાણીમાં એવો સ્વભાવ છે કે, છ દ્રવ્યોમાં ઉપાદેયરૂપ શુદ્ધઆત્મા છે એવા વાચ્યને તે વાણી પ્રકાશે છે. સર્વજ્ઞનું જ્ઞાન અને વાણીનો આવો મેળ, છતાં બંનેનું પરિણમન સ્વતંત્ર છે.

જ્ઞાની સન્તોની વાણી પણ સર્વજ્ઞઅનુસાર છે, કેમકે સર્વજ્ઞદેવે જેવું સ્વરૂપ જાણ્યું તેવું જ્ઞાનીઓએ જાણ્યું છે; વસ્તુમાં અનંતા ધર્મો છે તે સર્વજ્ઞદેવે જાણ્યા છે ને વાણીમાં કહ્યા છે. આવો આત્મા ને આવું જ્ઞાન તથા આવી વાણી તે મંગળ છે. ને આવા સર્વજ્ઞનો જે નિર્ણય કરે તેનું જ્ઞાન પણ મંગળ છે.–

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।

ભગવાન કુંદકુંદસ્વામી કહે છે કે સર્વજ્ઞના આત્માને જે ઓળખે તે નિયમથી પોતાના આત્માને ઓળખે, ને તેનો મોહ નષ્ટ થઈને સમ્યગ્દર્શન થાય.–તે મહા માંગળિક છે.

‘वंदित्तु सव्वसिद्धे” કહીને આચાર્યદેવે સમયસારમાં મહાન અપ્રતિહત મંગળ કર્યું છે. અનંતા સિદ્ધભગવંતો જગતમાં છે, તેમના અસ્તિત્વને જ્ઞાનમાં સ્વીકાર્યું તે જ્ઞાનની તાકાત કેટલી? તે જ્ઞાન રાગથી જુદું પડીને અંતરસ્વભાવ તરફ વળ્યું છે. આ રીતે અનંતા સિદ્ધોને પોતાના જ્ઞાનમાં

જેણે પધરાવ્યા તે અપ્રતિહતપણે સિદ્ધપદ તરફ ચાલ્યો. અહા, આવા લક્ષે સમયસાર સાંભળશે તેને શુદ્ધાત્માની પ્રાપ્તિ જરૂર થશે થશે ને થશે.

જેણે સિદ્ધને અને સર્વજ્ઞને સ્મરણમાં લઈને તેમનો આદર કર્યો તેને રાગનો આદર રહે નહિ. રાગમાં તેની પરિણતિ અટકે નહીં, તે જ્ઞાનાનંદસ્વભાવ તરફ ઝુકીને તેનો અનુભવ કરે. આ રીતે સિદ્ધો અને સર્વજ્ઞના આદરરૂપ મંગળ કર્યું.

વીતરાગવાણીનું રહસ્ય શુદ્ધ આત્મા છે, તેને જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની વીતરાગવાણીના રહસ્યને જાણી શક્તો નથી. અહો, વીતરાગવાણીમાં જેવો શુદ્ધ આત્મા કહ્યો તેવો લક્ષમાં લઈને તે વાણીનો પણ આદર કરીએ છીએ, તે વાણીને નમસ્કાર કરીએ છીએ.

ત્રીજા કળશમાં આચાર્યદેવ કહે છે કે આ સમયસારમાં જે શુદ્ધ જીવનો ઉપદેશ છે તેના ઘોલનવડે મારી પરિણતિ શુદ્ધ થાઓ. “સમયસારની વ્યાખ્યા” થી એનો અર્થ એ કે તેમાં કહેલા શુદ્ધાત્માના ઘોલનથી અંતરમાં શુદ્ધતા વધતી જાય છે. ટીકાના શબ્દોનો કર્તા આત્મા નથી, પણ તેના વાચ્યરૂપ જે શુદ્ધાત્મા તે તરફ વારંવાર જ્ઞાનના ઝુકાવથી પરિણતિ શુદ્ધ થતી જાય છે. અને જે જીવો આવા શુદ્ધાત્માના લક્ષપૂર્વક સમયસાર સાંભળશે તેમને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા થશે.

અહા, ચૈતન્યવસ્તુ રાગથી પાર, તેને સ્વરૂપસાધનવડે જ નિર્મળતા થાય છે. વિકલ્પ કે વાણી કાંઈ તેનું ખરું સાધન નથી. અહા, જેની વાર્તા સાંભળતાં પણ મુમુક્ષુને આનંદ આવે એના અનુભવના આનંદનું શું કહેવું? આવા આત્માની પ્રાપ્તિ રાગ વડે ન થાય. રાગના અભાવરૂપ વૈરાગ્યનો ઉપદેશ છે. આખી દુનિયાથી ઉદાસ થઈને જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની લગની કર, તેનો આશ્રય કર, તેનો અનુભવ કર, -આવો સંતોનો ઉપદેશ છે. અતીન્દ્રિયઆનંદથી ભરેલો આત્મા છે તેનું ભાન થતાં પર્યાયમાં તે આનંદ અનુભવાયો છે. પછી સાથે કાંઈક અશુદ્ધતા રહી ગઈ તેને પણ ધર્મી જાણે છે. આનંદનો નમુનો ચાખીને પૂર્ણાનંદસ્વભાવની પ્રતીત કરી છે. પર્યાયમાં આનંદનો અંશ પ્રગટ થયા વગર પૂર્ણ આનંદસ્વભાવની સાચી પ્રતીત થાય નહીં. સમ્યગ્દષ્ટિ-સાધકને અંશે શુદ્ધતા અને મલિનતા બંને સાથે છે. તે જાણે છે કે મારા શુદ્ધ ઉપાદાનથી

મારી શુદ્ધતા થશે. વિભાવપરિણામને તે કલંક સમજે છે, ને શુદ્ધાત્મસ્વરૂપની વારંવાર ભાવનાવડે તેને ટાળવા માંગે છે. લગની તો શુદ્ધઆત્મામાં જ લાગી છે. શુદ્ધઆત્માની એવી લગની છે કે મુનિને જે શુભ વિકલ્પ આવે તે પણ કલંક લાગે છે; ત્યાં અશુભની તો વાત પણ કેવી? ટીકા વખતે વિકલ્પ ઉપર અમારું વજન નથી પણ જ્ઞાનમાં શુદ્ધાત્માનું ઘોલન ચાલે છે તેના ઉપર વજન છે, ને તે શુદ્ધાત્મા તરફના લક્ષના જોરથી શુદ્ધતા વધી જશે ને વિકલ્પ તૂટી જશે. સમ્યગ્દ્રષ્ટિનું મુખ્ય લક્ષ શુદ્ધ આત્મસ્વભાવ ઉપર છે. આવા આત્માને લક્ષમાં લઈને વારંવાર તેની ભાવનાનું ઘોલન કરવા જેવું છે. –તે માંગળિક છે.

# कुरु कुरु पुरुषार्थ......

જ્ઞાનાર્ણવમાં બ્રહ્મચર્યમહાવ્રતના કથનની સમાપ્તિ પ્રસંગે શાસ્ત્રકાર મહારાજ એક ઘણા જ સુંદર શ્લોક દ્વારા ઉપદેશ આપીને હિતની પ્રેરણા કરે છે કે–

विरम विरम संगात् मुंच मुंच प्रपंचं
विसृज विसृज मोहं विद्धि विद्धि स्वतत्त्वं।
कलय कलय वृत्तं पश्य पश्य स्वरूपं
कुरु कुरु पुरुषार्थं निर्वृतानन्दहेतोः।।४२।।

રે આત્મા!


તું સંગ–પરિગ્રહથી વિરક્ત થા...વિરક્ત થા, પ્રપંચ–માયાને છોડ...છોડ.
જગતના મોહને દૂર કર...દૂર કર, સ્વતત્ત્વને જાણ...જાણ.
ચારિત્રનો અભ્યાસ કર...અભ્યાસ કર, નિજસ્વરૂપને દેખ....દેખ.
અને મોક્ષના મહા આનંદને માટે તું પુરુષાર્થ કર...પુરુષાર્થ કર.

–આ પ્રમાણે બે–બે વાર કહીને આચાર્ય મહારાજે અત્યન્ત પ્રેરણા કરી છે; કેમકે શ્રી ગુરુમહારાજ મહા દયાળુ છે, તેથી હિતને માટે વારંવાર પ્રેરણા આપે છે.

*

# સિદ્ધપદના ટંકાર

આચાર્ય કુંદકુંદપ્રભુની વાણીમાં શુદ્ધાત્મઅનુભવનો અજોડ ટંકાર છે. અંતરમાં સિદ્ધપ્રભુને સ્થાપીને સમયસાર દ્વારા શુદ્ધાત્મઅનુભવના જે ટંકારા તેમણે કર્યા છે તે ટંકાર સાંભળતાં જ મુમુક્ષુ-વીરો આત્મિકશૂરાતનથી જાગી જાય છે ને મોહ ભાગી જાય છે. જેમના પહેલા જ ટંકારે સમકિત થાય ને બીજા ટંકારે વીતરાગતા થાય-એવા કુંદકુંદપ્રભુની વાણીના ટંકાર ગુરુદેવના આ પ્રવચનમાં દેખીને દરેક જિજ્ઞાસુ જીવ આનંદિત થશે ને એના અંતરમાંય સિદ્ધપદના ટંકાર થશે.



આ સમયસારની શરૂઆતમાં જ કુંદકુંદાચાર્યદેવે આત્મામાં સિદ્ધપણું સ્થાપીને મંગળ કર્યું હતું કે 'હું સિદ્ધ ને તું સિદ્ધ' મારામાં ને તારામાં બંનેમાં સિદ્ધને સ્થાપું છું; એટલે સિદ્ધપદ જેવા નિર્મળભાવોમાં વ્યાપે એવો આત્મા છે,-એવો આત્મા હું આ સમયસારમાં દેખાડીશ. તારી જ્ઞાનપર્યાયના આંગણે અનંતા સિદ્ધપ્રભુને પધરાવું છું ને વિકારને કાઢી નાંખું છું. અંતર્મુખ થયેલી જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે વિકારને કાઢી નાંખીને અનંતા સિદ્ધપ્રભુને પોતામાં સ્થાપે. આ રીતથી અનંત સિદ્ધોને તારા જ્ઞાનમાં આમંત્રણ આપ ને તું પણ તેવો થા. વિકારને તારા જ્ઞાનમાંથી કાઢી નાંખ ને સિદ્ધપણું સ્થાપ એટલે કે સિદ્ધ જેવા સ્વભાવથી ભરેલો તારો આત્મા તેને જ્ઞાનમાં લઈને પર્યાયમાં તું તેવો થઈ જા.

વાહ, સિદ્ધપદના ટંકાર કરીને અપૂર્વ શરૂઆત કરી છે, કે અમારા સમયસારનું શ્રવણ કરનારા શ્રોતાઓ પણ આવા હોય; એ રાગની રુચિવાળા

ન હોય. એ તો અનંતા સિદ્ધ-મહેમાનોનો સત્કાર કરીને પોતાના આંગણે પધરાવે છે; અનંતા સિદ્ધ જ્યાં પધારે તે આંગણું કેટલું મોટું ને કેટલું ચોક્ખું ?–એ જ્ઞાનપર્યાયની તાકાત કેટલી કે જે અનંતસિદ્ધોને સ્વીકારે ? રાગમાં અટકેલી પર્યાયમાં એવી તાકાત હોય નહિ. રાગ નહિ, વિકલ્પ નહિ, કર્મ નહિ, દેહ નહિ, અપૂર્ણતા નહિ, સિદ્ધ જેવો પૂર્ણ તાકાતવાળો હું છું–એમ સ્વીકારીને સિદ્ધને પોતામાં સાથે રાખીને જે ઊપડયો તે જીવ સિદ્ધપરિણતિને લીધા વગર પાછો નહિ ફરે.

અરે ભાઈ, આ તારું સ્વરૂપ સન્તો તને પોકારી પોકારીને બતાવે છે, તે એકવાર નક્કી તો કર. જંગલમાં વસતા ને સ્વરૂપને અનુભવતા દિગંબર સન્ત, મોરપીંછી ને કમંડળ તે પણ જેને બાહ્ય છે, અંદર સિદ્ધસ્વરૂપને જ પોતામાં વસાવીને ધ્યાવી રહ્યા છે, તેમનું આ કથન છે. પરમ વીતરાગી, પરમ નિર્દોષ ! અમે તો અંદર અમારા અનંતગુણની નિર્મળતા પ્રગટ કરીને તેમાં સિદ્ધપ્રભુને બિરાજમાન કર્યા છે; રાગ નહિ, પરસંગ નહિ, અલ્પજ્ઞતા નહિ, અમે તો જ્ઞાન-આનંદથી પૂરા એવા સિદ્ધને અમારા આત્મામાં સ્થાપીને સિદ્ધ પ્રભુની પંક્તિમાં બેઠા...હવે સિદ્ધ થવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નથી. વિકારરૂપે થનારા અમે નહિ, અમે તો સિદ્ધ થનારા.

અહો, અમે અનંતા સિદ્ધને મારા ને તારા આત્મામાં સ્થાપ્યા; હે જીવ ! અમારી પાસે તું 'શુદ્ધઆત્મા' સાંભળવા આવ્યો છો એટલે તું સતનું એટલું તો બહુમાન લઈને આવ્યો છો કે તને સિદ્ધપણું ગમશે ને વિકાર નહિ ગમે.–તો અમે તને તારું સિદ્ધપણું સંભળાવીએ છીએ ને તારો શુદ્ધઆત્મા દેખાડીએ છીએ; તે સાંભળીને તું તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપ. તું શ્રોતા થઈને આવ્યો એનો અર્થ એ થયો કે, અમે જે કહીએ છીએ તે તારે જાણવું છે-માનવું છે ને આદરવું છે. અમારી વાત તને ગોઠી એટલે તું સાંભળવા આવ્યો. હવે અમે સમસ્ત નિજવૈભવથી તને તારા આત્માનો વૈભવ બતાવીએ છીએ; અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સમાડી દે એટલે કે શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તું પણ સિદ્ધ થા-એવી તારા આત્મવૈભવની તાકાત છે. તેની સામે જોઈને આવા તારા સામર્થ્યની હા પાડ, તારા શ્રદ્ધા-જ્ઞાનરૂપી આંગણું ચોકખું કરીને તેમાં સિદ્ધપ્રભુને પધરાવ. પછી અમે તને સમયસાર સંભળાવીએ. તારી પ્રભુતાની હા પાડીને સમયસાર સાંભળ ! એટલે જરૂર

તને પણ અમારા જેવો સ્વાનુભવ થશે. ને વક્તાના તથા શ્રોતાના ભાવની સંધિ થશે.

જે આંગણામાં પ્રભુને પધરાવવા (-અનુભવમાં લેવા) હોય તે આંગણું કેટલું ચોક્ખું જોઈએ! વિકારની રુચિવડે જેનું આંગણું મલિન છે તે મલિન આંગણામાં પ્રભુ પધારે નહિ-અનુભવમાં આવે નહિ. એક સારો રાજા ઘરે આવે તોપણ તેનો કેટલો આદર કરે છે ને આંગણું ચોક્ખું કરીને કેવું શણગારે છે! તો હે ભાઈ! જગતના મહારાજા એવા સિદ્ધપ્રભુને તારા આત્મામાં પધરાવવા માટે તારી પર્યાયના આંગણાને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનવડે તું શણગાર. હકારના જોરપૂર્વક જે સાંભળવા આવ્યો તેની પર્યાય રાગથી પાછી હઠીને અંતર તરફ વળવા લાગી, સંસારથી પાછી ફરીને સિદ્ધપદ તરફ જવા લાગી. અનંતા સિદ્ધને ને સર્વજ્ઞપદને મારા જ્ઞાનમાં-શ્રદ્ધામાં-અનુભવમાં સમાડી દઉં એવી મારી તાકાત છે-એમ સ્વભાવના ભરોસે હા પાડીને તે સ્વભાવને સાંભળે છે; એટલે એના શ્રવણમાં ને એના ભાવમાં અપૂર્વતા છે.

જુઓ, આ પ્રભુતા! પ્રભુ પોતાના અનંત ગુણોમાં વ્યાપેલો વિભુ છે. તેની વિભુતાનો આ વિસ્તાર થાય છે. વિભુતામાં જ્ઞાન છે. વિભુતામાં વિકલ્પ નથી. વિકલ્પમાં કે વાણીમાં જ્ઞાન નથી, જ્ઞાનમાં વિકલ્પ કે વાણી નથી. જ્ઞાન સર્વને જાણવાના સામર્થ્યવાળું છે એ અપેક્ષાએ આત્માને સર્વવ્યાપક ભલે કહેવાય. પણ ખરેખર તો તે સ્વ-વ્યાપક છે; રાગમાં તે વ્યાપતું નથી ત્યાં પરમાં વ્યાપવાની તો વાત જ કેવી?

સ્ત્રી કે બાળક, વૃદ્ધ કે યુવાન, મનુષ્ય કે દેવ, એ તો બધા ઉપરના ખોખાં છે, એનાથી ભિન્ન અંદર બધા આત્મા એક જાતના છે. બધાય આત્મા પોતપોતાના અનંત ગુણના વૈભવથી ભરેલા છે. આત્મા ક્યાં સ્ત્રી આદિ છે? એ તો ચૈતન્યગુણનો ભંડાર છે. અહો, આવું સ્વરૂપ લક્ષમાં લેનાર જ્ઞાનની કેટલી ગંભીરતા? આવી ગંભીરતામાં અનંત સર્વજ્ઞ-વીતરાગને સ્થાપ્યા છે. ભાઈ! તું બીજા વિચાર ન કર...સિદ્ધ જેવી તારી તાકાત છે તેમાં શંકા ન કર. બીજો વિકલ્પ વચ્ચે ન લાવ. ભગવાન કુંદકુંદસ્વામી જેમણે વિદેહની યાત્રા કરીને સીમંધર પરમાત્માના સાક્ષાત્ ભેટા કર્યા. તેઓ સ્વાનુભવના જોરથી પરમ સત્યને પ્રસિદ્ધ કરતાં ફરમાવે છે કે આત્માના

નિજવૈભવમાં સિદ્ધપણું છે, તે અમે ભગવાન પાસેથી સાંભળ્યું છે, પરમ ગુરુઓએ કૃપાપૂર્વક અમને બતાવ્યું છે ને અમારા સ્વાનુભવથી અમે જોયું છે, તે અમે તને આ સમયસારમાં દેખાડીએ છીએ. અહો! આમાં તો ઘણી ગંભીરતા છે. જે પર્યાયમાં રાગવગરના અનંતા સર્વજ્ઞ–સિદ્ધોનો સ્વીકાર થયો તે પર્યાયની તાકાત કેટલી? તે પર્યાય શું રાગમાં ઊભી રહેશે?–નહિ; એ પર્યાય તો સ્વભાવસન્મુખ થઈને અનંતો આનંદ પ્રગટ કરશે, અનંત જ્ઞાનની તાકાત પ્રગટ કરશે, અનંત વીર્યવડે પ્રભુતા પ્રગટાવશે, રાગ વગરનું અતીન્દ્રિય ચૈતન્યજીવન પ્રગટાવશે. વાહ રે વાહ! આ તો પ્રભુતાની પ્રાપ્તિનો અવસર આવ્યો. અરે જીવ! આવી પ્રભુતાના પ્રસંગે પામરતાને યાદ ન કરીશ; સિદ્ધની સાથે ગોષ્ઠી કરી...હવે સંસારને ભૂલી જાજે; આત્મામાં સિદ્ધને સ્થાપ્યા–હવે સિદ્ધ થતાં શી વાર! થોડો કાળ વચ્ચે છે પણ સિદ્ધપણાના પ્રસ્થાનાના જોરે ( પ્રતીતના જોરે ) સાધક તે અંતરને તોડી નાંખે છે, ને જાણે અત્યારે જ હું સિદ્ધ છું એમ શુદ્ધદ્રષ્ટિથી દેખે છે. સિદ્ધનું પ્રસ્થાનું કર્યું ત્યાં જ રુચિમાંથી રાગ ભાગી ગયો. અરે, આઠવર્ષના બાળક પણ જાગી ઊઠે ને અંતરમાં પોતાના આવા નિજવૈભવને દેખે કે ‘આવો હું!’ સિદ્ધ જેવા અનંતગુણના સામર્થ્યરૂપે તે પોતાને દેખે છે ને નિર્વિકલ્પધ્યાનવડે અનુભવે છે. અમે દેહમાં કે રાગમાં રહેનારા નહિ. અમે તો એક સમયમાં નિર્મળ ગુણ–પર્યાયોરૂપ જે અનંત ભાવો તેમાં રહેનારા છીએ. અમારો વાસ અમારા અનંત–ગુણ–પર્યાયમાં છે; ‘અનંતધામ’ માં વસનારો વિભુ અમારો આત્મા છે. અહા, પોતાના અંતરમાં જ આવો વિભુ વસી રહ્યો છે પણ નજરની આળસે જીવો એને દેખતા નથી.

બુદ્ધિને અંતરમાં વાળે તો તો પોતે પોતામાં નજર કરવી સહેલી છે; પણ કદી એવી નજર કરી નથી ને મોંઘી માનીને પરભાવમાં અટકી રહ્યો છે. પરભાવ સુગમ ને નિજભાવ કઠિન–એવી વિપરીતબુદ્ધિને લીધે જીવ સ્વવૈભવને દેખી શક્તો નથી.–એ વિપરીતતાની મર્યાદા કેટલી? એક સમયપૂરતી; અને તે પણ કાંઈ સ્વભાવમાં પેસી ગઈ નથી. જો દ્રઢતાથી ઊપડે કે મારે મારા આત્માને દેખવો જ છે ને સ્વવૈભવને સાધવો જ છે, તો પરભાવની રુચિ તોડીને સ્વભાવને અનુભવતાં વાર લાગે નહિ. અહા, આત્મસ્વભાવના વૈભવનો પથારો કેટલો?–કે એકસાથે અનંતગુણોમાં ને તે બધાની નિર્મળપર્યાયોમાં

ફેલાઈ જાય એટલો એનો વિસ્તાર છે. પણ એ બહાર જઈને વિકારમાં ફેલાતો નથી. ચૈતન્યગુણના ફેલાવમાં વિકારનો અભાવ છે.

અરે, ચક્રવર્તીના આંગણે જઈને એની પાસે કોલસા ન મંગાય, એની પાસે તો હીરા મંગાય; તેમ આ ચૈતન્યચક્રવર્તીના આંગણે નીકટભવ્ય થઈને આવ્યો તો એની પાસે રાગ ન મંગાય, એની પાસે તો કેવળજ્ઞાનાદિ અનંત ગુણ–રત્નો મંગાય. અહો, ચૈતન્યના વૈભવની શી વાત! ક્ષેત્ર ભલે મધ્યમ–મર્યાદિત, પણ એના ભાવની તાકાત અચિન્ત્ય ને અમર્યાદિત છે. એક સમયમાં અનંતગુણનો જે અપાર વૈભવ પ્રગટયો તેમાં સર્વવ્યાપક થઈને પરિણમે છે–એવી આત્માની વિભુતા છે. સમ્યગ્દર્શન થતાં આવા ‘વિભુ’ નો પોતામાં સાક્ષાત્કાર થાય છે, આત્મભાન થાય છે, પરમાત્મપણું પોતામાં દેખાય છે, સાક્ષાત્ પરમાત્મા થવાની તાલાવેલી જાગે છે એટલે કે પરિણતિનો પ્રવાહ તે તરફ વહે છે. ( –સ્વરૂપ ભણી દોડે પરિણતિ. )

સિદ્ધપદના સાધક સન્તોએ કરેલા આ સિદ્ધપદના ટંકાર
ઝીલીને હે જીવ! તું પણ સિદ્ધિપંથનો પથિક થા.

---

**દસલક્ષણી-પર્યુષણ પર્વ:**

દસલક્ષણી પર્યુષણપર્વ ભાદરવા સુદ ૪ ને શુક્રવાર તા. ૮–૯–૬૭ થી શરૂ કરીને ભાદરવા સુદ ૧૪ ને રવિવાર તા. ૧૭–૯–૬૭ સુધી ઉજવાશે. ( વચ્ચે એક તિથિ ઘટતી હોવાથી પર્યુષણ એક દિવસ વહેલા શરૂ થાય છે. ) આ દરમિયાન દશલક્ષણી ધર્મો ઉપર પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો તેમજ દશલક્ષણધર્મોનું પૂજન વગેરે કાર્યક્રમો થશે.

ત્યાર પહેલાં શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધી તા. ૧ થી ૮ સપ્ટેમ્બર સુધીના આઠ દિવસો દરમિયાન દર વર્ષની જેમ રાબેતા મુજબ પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો થશે.

**ઉદ્ઘાટન:** શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈના સન્માન નિમિત્તે એકઠા થયેલા ફંડમાંથી શાસ્ત્રભંડાર માટેનો જે હોલ બાંધવામાં આવેલ છે તેનું ઉદ્ઘાટન ભાદરવા સુદ ચોથ ( તા. ૮–૯–૬૭ ) ના રોજ કરવાનું નક્કી થયું છે.

* * *

# ભગવાન ઋષભદેવ

## તેમની આત્મિક-આરાધનાની પવિત્ર કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે. બ્ર. હરિલાલ જૈન


( લેખાંક-૧૫ : આ કથા આ અંકે પૂરી થાય છે )

પ્રિય પાઠક! આપણા કથાનાયક મહાત્માએ મહાબલના ભવથી માંડીને ભગવાન ઋષભદેવ સુધીના દશ ભવમાં જે ધર્મસાધના કરી અને તીર્થંકર થઈને ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું તેનું જે વર્ણન ભગવત્ જિનસેનસ્વામીરચિત મહાપુરાણના ૨૫ પ્રકરણ સુધીમાં છે, તે આપે ટૂંકમાં અહીં સુધીમાં વાંચ્યું. ત્યારપછી ૨૬ મા પ્રકરણથી ૪૭ પ્રકરણ સુધી ભરતચક્રવર્તીના દિગ્વિજય વગેરેનું, તેમજ બાહુબલી, જયકુમાર વગેરે મહાપુરુષોના જીવનનું વર્ણન છે, અને પછી ઉત્તર-પુરાણમાં ( પ્રકરણ ૪૮ થી ૭૬ માં ) બાકીના ૨૩ તીર્થંકરભગવંતો, ચક્રવર્તીઓ, રામચંદ્રજી, હનુમાનજી વગેરે મહાપુરુષોની જીવનકથા છે. ભગવાન ઋષભદેવના શાસનકાળમાં થયેલા બીજા ભરતાદિ મહાપુરુષોના જીવનનું વિસ્તૃત વર્ણન તો તે-તે પુરુષોના જીવનચરિત્રમાં કોઈ વાર કરીશું, અહીં તો તેમના મંગલસ્મરણ-અર્થે ટૂંકો ઉલ્લેખ જ કરીશું; ને પછી છેલ્લે કૈલાસધામ ઉપર પહોંચીને ભગવાનનો મોક્ષકલ્યાણક જોઈશું.

### ભરત ચક્રવર્તી અને બાહુબલી

ભગવાન ઋષભદેવના મોટા પુત્ર, ને પૂર્વે અનેક ભવ સુધી તેમની સાથે રહેનાર ભરત, પુરિતમાલનગરીમાં ભગવાન ઋષભદેવના સમવસરણમાં વંદના કરીને અયોધ્યા આવ્યા; ત્યાં પુત્રજન્મનો તથા ચક્રરત્નની ઉત્પત્તિનો ઉત્સવ કર્યો, ને પછી છ ખંડનો દિગ્વિજય કરવા નીકળ્યા. જ્યારે સૌરાષ્ટ્રદેશમાંથી પસાર થયા ત્યારે વચ્ચે ગીરનારનો મનોહર પ્રદેશ આવ્યોઃ અહીં ભવિષ્યમાં નેમિનાથ તીર્થંકર થશે-એમ સ્મરણ કરીને ભરતચક્રવર્તીએ તે ભૂમિની વંદના કરી. છખંડનો દિગ્વિજય કરીને પાછા ફરતાં કૈલાસપર્વત ઉપર ભગવાન આદિનાથના ફરી દર્શન કર્યા. ભરતે ભગવાનના દર્શન કરીને દિગ્વિજયની શરૂઆત કરેલી. તે આજે ૬૦૦૦૦ વર્ષબાદ દિગ્વિજયની પૂર્ણતાપ્રસંગે તેને ફરીને ઋષભદેવપ્રભુનાં દર્શન થયા. તેની સાથે ૧૨૦૦ પુત્રો હતા, તેઓએ પોતાના આદિનાથદાદાને પહેલી જ વાર દેખ્યા, ને દેખીને પરમ આશ્ચર્ય પામ્યા! તેઓ પોતાની

માતા પાસે જઈને અત્યંત હર્ષપૂર્વક સમવસરણની શોભાનું ને આદિનાથ ભગવાનનું વર્ણન કરવા લાગ્યા.



"कैलासगिरि पर ऋषभजिनवर पदकमल हिरदे धरूं"

કૈલાસની યાત્રા કરીને અયોધ્યાની નજીક આવતાં ભરતનું ચક્ર અટકી ગયું, કેમકે ૯૯ ભાઈઓ હજી અણનમ હતા; તેઓએ ભગવાન આદિનાથ સિવાય બીજાને ન

નમવાનો નિરધાર કર્યો હતો. ભરતરાજાના દૂતદ્વારા સન્દેશો સાંભળીને ૯૮ ભાઈઓ તો સંસારથી વિરક્ત થઈ ગયા ને 'દીક્ષા એ જ રક્ષા છે' એમ સમજીને ભગવાન આદિનાથ પ્રભુના શરણે જઈને મુનિ થયા, ને પછી કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પામ્યા.



બાકી રહ્યા એક બાહુબલી! એમણે ન તો દીક્ષા લીધે કે ન ભરતને નમન કર્યું. અંતે ભરત–બાહુબલી વચ્ચે ત્રિવિધ યુદ્ધમાં ભરત હાર્યા, ચક્ર છોડયું, વિજેતા બાહુબલી સંસારથી વૈરાગ્ય પામીને દીક્ષિત થયા ને એક વર્ષ સુધી પ્રતિમાયોગ ધારણ કરીને ધ્યાનમાં લયલીનપણે અદ્‌ભુત–આશ્ચર્યકારી તપ કર્યું. આ ભવના ભાઈ, ને પૂર્વ ભવના પણ ભાઈ–એવા ભરતચક્રી તેમનું પૂજન કરવા આવ્યા, તે જ વખતે નિઃશલ્ય થઈને તેઓ કેવળજ્ઞાન પામ્યા, ને ભરતે રત્નોના અર્ઘવડે અતિભક્તિથી ફરીને બાહુબલી–કેવળીની મોટી પૂજા કરી. કેવળજ્ઞાનપ્રાપ્ત બાહુબલી જિનદેવે અનેક દેશોમાં વિહાર કરી દિવ્યધ્વનિવડે સર્વે જીવોને સંતુષ્ટ કર્યા ને પછી કૈલાસપર્વત ઉપર આવી પહોંચ્યા.

ભરતચક્રવર્તીએ એકવાર ૧૬ સ્વપ્નો દેખ્યા; તે તેનું ફળ જાણવા ભગવાનના સમવસરણમાં ગયા; ભગવાનના ચરણોમાં ભક્તિથી પ્રણામ કરતાં જ તેમને અવધિજ્ઞાન પ્રગટયું, એ ૧૬ સ્વપ્નો આગામી પંચમકાળના સૂચક હતા.

## જયકુમાર

ભગવાનને પ્રથમ આહારદાન દેનાર હસ્તિનાપુરના રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમાર; શ્રેયાંસકુમાર તો ભગવાનના ૯ ભવના સાથીદાર, ને છેવટે ગણધર થયા; સોમપ્રભરાજાના પુત્ર જયકુમાર; સોમપ્રભરાજાએ દીક્ષા લીધા પછી જયકુમાર હસ્તિનાપુરના રાજા થયા, તેમજ ભરતચક્રવર્તીના તેઓ સેનાપતિ પણ હતા. સુલોચનાદેવી સાથે તેનાં લગ્ન થયા; બંનેને જાતિસ્મરણ થતાં અનેક ભવોના સંબંધનું જ્ઞાન થયું હતું. ઇન્દ્રે તે બંનેના ઉત્તમ શીલની પ્રશંસા કરી તેથી દેવીએ આવીને તેમના શીલની પરીક્ષા કરી. એકદિવસ ભગવાનનો ઉપદેશ સાંભળીને જયકુમારે દીક્ષા લીધી, તેની સાથે તેમના નાના ભાઈઓ

જયંત, વિજય, સંજયંતે, તેમજ ચક્રવર્તીના રવિકીર્તિ વગેરે અનેક પુત્રોએ દીક્ષા લીધી. જયકુમાર ઋષભદેવપ્રભુના૭૧ મા ગણધર થયા ને મોક્ષ પામ્યા; સુલોચનાએ પણ દીક્ષા લીધી, ને એકાવતારી થઈ. ( જયકુમારની દીક્ષાનું દ્રશ્ય આ અંકમાં ટાઈટલ ૩ ઉપર છે. )

હવે આપણે પણ ભગવાનના સમવસરણમાં જઈને ભગવાનના ધર્મવૈભવને નીહાળીએઃ

## ભગવાનનો ધર્મવૈભવ

મોક્ષમાર્ગના નાયક ને ધર્મતીર્થના પ્રવર્તક ભગવાન ઋષભદેવ સમવસરણમાં ૮૪ ગણધરોની વચ્ચે શોભી રહ્યા છે. તેમના સમવસરણમાં વીસ હજાર કેવળજ્ઞાનીઓ ગગનમાં બિરાજે છે; ૪૭૫૦ શ્રુતકેવળીઓ છે; ૪૧૫૦ શિક્ષકમુનિવરો છે; ૯૦૦૦ અવધિજ્ઞાની મુનિવરો છે; ૨૦૬૦૦ વિક્રિયાઋદ્ધિધારક મુનિવરો છે; ૧૨૭૫૦ મનઃપર્યયજ્ઞાની મુનિવરો છે. એ રીતે કુલ ૮૪૦૮૪ ( ચૌરાશી હજાર ને ચોરાશી ) મુનિવરોનો સંઘ બિરાજે છે,–તેમને નમસ્કાર હો. બ્રાહ્મી વગેરે ત્રણ લાખ પચાસ હજાર અર્જિકામાતાઓ ભગવાનના ગુણોની ઉપાસના કરી રહ્યાં છે; દ્રઢવ્રતાદિ ત્રણ લાખ શ્રાવકો ને સુવ્રતાદિ પાંચ લાખ શ્રાવિકાઓ ભગવાનની સ્તુતિ કરે છે; દેવો અને તિર્યંચોનો પણ કોઈ પાર નથી. આવી ઉત્તમ ધર્મસભામાં દિવ્યધ્વનિના ધોધ છૂટી રહ્યા છે ને કેટલાય જીવો સમ્યક્ત્વાદિ ધર્મ પામીને મોક્ષમાર્ગને સાધી રહ્યા છે.

જયકુમાર વગેરેની દીક્ષા બાદ ભરત મહારાજાએ સમવસરણમાં આવીને ભગવાનની પૂજા કરી ને પરમભક્તિથી ધર્મોપદેશ સાંભળ્યો.


એ રીતે સજ્જનોને ઉત્તમ મોક્ષફળની પ્રાપ્તિ કરાવવા માટે ભગવાન એક લાખ પૂર્વ ( –તેમાં એક હજાર વર્ષ ને ૧૪ દિવસ કમ ) સુધી આ ભરતભૂમિમાં તીર્થંકરપણે વિચર્યા. જ્યારે તેમને મોક્ષ જવામાં ૧૪ દિવસ બાકી રહ્યા ત્યારે પોષ સુદ પૂર્ણિમાના દિવસે કૈલાસપર્વત ઉપર ભગવાનનો યોગનિરોધ શરૂ થયો, દિવ્યધ્વનિ બંધ થઈ ગઈ.

બરાબર એ જ દિવસે અયોધ્યાનગરીમાં ભરતે સ્વપ્ન જોયું કે મેરુપર્વત ઊંચો થઈને ઠેઠ સિદ્ધક્ષેત્ર સુધી પહોંચી રહ્યો છે, અર્કકીર્તિએ એવું સ્વપ્ન જોયું કે મહાઔષધનું વૃક્ષ મનુષ્યોનાં જન્મરોગને મટાડીને સ્વર્ગમાં જાય છે; ગૃહપતિએ જોયું કે કલ્પવૃક્ષ ઈચ્છિત ફળ આપીને સ્વર્ગમાં જઈ રહ્યું છે; પ્રધાનમંત્રીએ જોયું કે એક રત્નદ્વીપ લોકોને રત્નસમૂહ આપીને આકાશમાં જવા તૈયાર થયેલ છે; એ જ રીતે સેનાપતિ વગેરેએ પણ

ભગવાન ઋભષદેવના મોક્ષગમનસૂચક સ્વપ્નો દેખ્યા. ને એ જ સવારે ‘આનંદ’ નામનો દૂત સમાચાર લાવ્યો કે ભગવાન મોક્ષ જવાની તૈયારી કરી રહ્યા છે.

તુરત જ સમસ્ત પરિવાર સહિત ભરતચક્રવર્તી ભગવાનના સમવસરણમાં આવી પહોંચ્યા, ને ૧૪ દિવસ સુધી મહામહ નામની મોટી પૂજા કરી.

## ભગવાનનું મોક્ષગમન



પોષ વદ ૧૪ ( શાસ્ત્રીય મહા વદ ૧૪ ) ના રોજ સૂર્યોદય વખતે ભગવાન ઋષભદેવ પૂર્વમુખે અનેક મુનિઓ સહિત પર્યંકાસને બિરાજમાન થયા, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ નામના ત્રીજા શુક્લધ્યાનવડે ત્રણે યોગનો નિરોધ કરીને અયોગી થયા; અંતિમ ગુણસ્થાને પાંચ લઘુસ્વરના ઉચ્ચારણ જેટલા સમયમાં ચોથા વ્યુપરતક્રિયાનિવર્તિ નામના શુક્લધ્યાનવડે ચાર અઘાતીકર્મોનો અત્યંત અભાવ કરી, અશરીરી સિદ્ધપદને પામ્યા ને અષ્ટમહાગુણસહિત ઊર્ધ્વગમન કરી તનુવાતવલયમાં લોકાગ્રે બિરાજમાન થયા. આત્મસુખમાં તલ્લીનપણે અત્યારે પણ તેઓ ત્યાં બિરાજી રહ્યા છે.

**તે સિદ્ધપ્રભુને નમસ્કાર હો.**

**જય આદિનાથ !**

***

દેવોએ ભગવાન ઋષભદેવના મોક્ષકલ્યાણકનો ઉત્સવ કર્યો. એ વખતે ભરતનું પ્રબુદ્ધચિત્ત પણ સ્નેહવશ શોકાગ્નિથી સંતપ્ત થઈ રહ્યું હતું. ત્યારે તેમના નાનાભાઈ વૃષભસેનગણધરે તેમને વૈરાગ્યમય ધર્મોપદેશવડે આશ્વાસન આપ્યું ને ભગવાન ઋષભદેવ વગેરે દસેય જીવોના પૂર્વભવોનું વર્ણન કર્યું. ( જુઓ-દશજીવોની ભવાવલીનું કોષ્ટક. )

## ભગવાન ઋષભદેવ, ભરત-બાહુબલી વગેરે દશ જીવોનાં પૂર્વ ભવોનું દિગ્દર્શન

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઋષભદેવ તીર્થંકર | શ્રેયાંસ ગણધર | ભરત ચક્રવર્તી | બાહુબલી કામદેવ | વૃષભસેન ગણધર | અનંતવિજય ગણધર | મહાસેન | શ્રીષેણ | ગુણસેન ગણધર | જયસેન |
| * | * | * | * | * | * | * | * | * | * |
| જયવર્મા | ધનશ્રી | અતિ ગૃદ્ધ રાજા નરક | પ્રીતિવર્ધન ના સેનાપતિ | પ્રીતિરાજા ના મંત્રી | પ્રીતિરાજાના પુરોહિત | – | – | – | – |
| મહાબલ | નિર્નામિકા | શાર્દૂલ સિંહ | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ | – | – | – | – |
| લલિતાંગ દેવ | સ્વયંપ્રભા | દિવાકર દેવ | પ્રભાકર દેવ | કનકપ્રભ | પ્રભંજનદેવ | ઉગ્રસેન વૈશ્ય | હરિવાહન રાજા | નાગદત્ત વણિક | લોલૂપ હલવાઈ |
| વજ્રજંઘ રાજા | શ્રીમતી રાણી | મતિવર મંત્રી | અકંપન સેનાપતિ | આનંદ પુરોહિત | ધનમિત્ર શેઠ | સિંહ | ભૂંડ | વાનર | નોળિયો |
| ભોગ ભૂમિઆર્ય | ભોગભૂમિ | અહ મીન્દ્ર | અહમીન્દ્ર | અહમીન્દ્ર | અહમીન્દ્ર | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગ ભૂમિ | ભોગ ભૂમિ |
| શ્રીધરદેવ | સ્વયંપ્રભ | ” | ” | ” | ” | ચિત્રાંગદ દેવ | મણિકુંડલ દેવ | મનોહર દેવ | મનોરથ દેવ |
| સુવિધિ રાજા | કેશવ પુત્ર | ” | ” | ” | ” | વરદત્ત રાજા | વરસેન રાજા | ચિત્રાં– ગદ રાજા | શાન્ત દમન રાજા |
| અચ્યુતેન્દ્ર | અચ્યુત દેવ | ” | ” | ” | ” | અચ્યુત દેવ | અચ્યુત દેવ | અચ્યુત દેવ | અચ્યુત દેવ |
| વજ્રનાભી ચક્રી | ધનદત્ત | સુબાહુ (ભાઇ) | મહાબાહુ (ભાઈ) | પીઠ (ભાઈ) | મહાપીઠ (ભાઈ) | જય (ભાઈ) | વિજય (ભાઈ) | જયન્ત (ભાઇ) | અપરા જિત (ભાઇ) |
| સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ | સર્વાર્થ સિદ્ધિ |
| ઋષભદેવ તીર્થંકર | શ્રેયાંસ ગણધર | ભરત ચક્રી | બાહુબલી | વૃષભસેન (પુત્ર) ગણધર | અનંતવિજય (પુત્ર) ગણધર | મહાસેન (પુત્ર) | શ્રીષેણ (પુત્ર) | પુત્ર ગુણસેન ગણધર | પુત્ર જયસેન |
| સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ | સિદ્ધ |

( આ દશે જીવો પૂર્વભવમાં એકસાથે મુનિરાજ પાસે ધર્મોપદેશ સાંભળી રહ્યા છે તેના ભાવવાહી દર્શન માટે જુઓ પાછળ )

## ભગવાન ઋષભદેવ ભરત-બાહુબલી વગેરે દશ જીવોનાં પૂર્વ ભવનું એક દૃશ્ય



ભગવાન ઋભષદેવ પૂર્વે આઠમા ભવે જ્યારે વજ્રજંઘ હતા તે ભવનું આ દૃશ્ય છે; બંને મુનિવરો તે ભવમાં તેમના પુત્રો જ હતા. દશે જીવો કોણકોણ છે તેનો ટૂંક પરિચય નીચે મુજબ છે.

( ૧ ) વજ્રજંઘરાજા........તે આગળ જતાં ભગવાન ઋષભદેવ તીર્થંકર થયા.

( ૨ ) શ્રીમતીરાણી..........તે આગળ જતાં શ્રેયાંસકુમાર થયા.

( ૩ ) બેઠેલા ચાર જીવોમાં પહેલાં મંત્રી છે તે આગળ જતાં ભરતચક્રવર્તી થયા.

( ૪ ) બીજા સેનાપતિ છે તે આગળ જતાં બાહુબલી થયા.

( ૫ ) ત્રીજા પુરોહિત છે તે આગળ જતાં વૃષભસેન–ગણધર થયા.

( ૬ ) ચોથા શેઠ છે તે આગળ જતાં અનંતવિજય–ગણધર થયા.

( ૭ ) ચાર તિર્યંચોમાં જે વાનર છે તે આગળ જતાં ગુણસેન–ગણધર થયા

( ૮ ) જે સિંહ છે તે આગળ જતાં ઋષભદેવના પુત્ર મહાસેન થયા.

( ૯ ) જે નોળિયું છે તે આગળ જતાં ઋષભદેવના પુત્ર જયસેન થયા.

( ૧૦ ) જે ભૂંડ છે તે આગળ જતાં ઋષભદેવના પુત્ર શ્રીષેણ થયા.

ત્રીજા ભવમાં જ્યારે ભગવાન ઋષભદેવ વજ્રચક્રવર્તી હતા ત્યારે છેલ્લા આઠે જીવો તેમના ભાઈ હતા. છેલ્લા ભવમાં તે આઠે જીવો ઋષભદેવના પુત્રો થયા. ને આ દશે જીવો તે ભવમાં મોક્ષ પામ્યા..........તેમને નમસ્કાર હો.

卐

દશે જીવોના પૂર્વભવો બતાવીને ગણધરદેવ ભરતને કહે છે કે હે ભરત ! આપણે બધા ચરમશરીરી છીએ. આ સંસારમાં તો ઇષ્ટ–અનિષ્ટ વસ્તુનો સંયોગ–વિયોગ થયા જ કરે છે, એ જાણવા છતાં તું કેમ ખેદખિન્ન થાય છે ! ! પરમપિતા ભગવાન ઋષભદેવ તો અષ્ટ કર્મને નષ્ટ કરીને અનુપમ મોક્ષપદને પામ્યા, એ તો પરમ ઇષ્ટ છે; ને આપણે પણ થોડા જ સમયમાં એ મોક્ષમાં જવાનું છે; તો ભલા, આવી સંતોષની વાતમાં વિષાદ કેમ કરે છે ? ભગવાનના સમાગમથી આપણે શુદ્ધબુદ્ધિને પામ્યા છીએ, આત્મસ્વરૂપને જાણ્યું છે, ને મિથ્યાદ્રષ્ટિઓને દુર્લભ એવા ભગવાનના તે શ્રેષ્ઠપદને આપણે પણ તુરતમાં જ પામવાના છીએ. શુભાશુભકર્મવડે ઇષ્ટમિત્રનું મરણ થતાં તો ભલે શોક થાય–કેમકે તેને તો પાછો સંસારમાં જન્મ થાય છે; પરંતુ જો ભવનો નાશ કરીને પરમ ઇષ્ટ એવું સિદ્ધપદ મળે તો એ તો મહાન હર્ષની વાત છે, તેમાં ખેદ શાનો ? અરે ભરત ! ભગવાનના આઠે શત્રુ નષ્ટ થયા ને મહાન આઠ ગુણ પ્રાપ્ત થયા, તો ભલા ! એમાં શું હાનિ થઈ ગઈ ?–કે જેથી તું શોક કરે છે ? માટે હવે મોહને છોડ....ને શોકને જીતવા માટે વિશુદ્ધબુદ્ધિને ધારણ કર. પૂજ્ય પિતાજીનું શરીર છૂટી જતાં તું આટલો બધો શોક કરે છે તો દેખ, આ દેવલોકો કે જેઓ ભગવાનના જન્મ્યા પહેલાં જ અત્યંત અનુરાગથી તેમની સેવા કરી રહ્યા છે તેઓ ભગવાનના શરીરને ભસ્મ કરીને આટલા બધા આનંદથી કેમ નાચી રહ્યા છે !

કદાચિત તું એમ કહીશ કે–‘હવે હું પ્રભુના દર્શન નહીં કરી શકું, હવે એમનાં દિવ્યવચનો સાંભળવા નહીં મળે ને એમનાં ચરણોમાં મસ્તક ઝુકાવવાનું હવે નહીં મળે એટલે સ્નેહવશ ઘણો શોક થાય છે.’

તારું એ કહેવું ભલે ઠીક હોય, પણ વીતેલી વસ્તુને પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરવી એ પણ શું ભ્રાન્તિ નથી ? અરે ભરત ! પિતાજી તો ત્રણ લોકના અદ્વિતીય ગુરુ હતા ને તું પણ ત્રણ જ્ઞાનનો ધારક છો, તો પછી મોહજન્ય સ્નેહવડે તારી ઉત્તમતાને કેમ નષ્ટ કરી રહ્યો છો ? શું તને આ ઇન્દ્રની પણ શરમ નથી આવતી ? અને શું તને ખબર નથી કે ઇન્દ્રની પહેલાં જ તું મોક્ષ જવાનો છો ? અરે, આ સંસારમાં શું ઇષ્ટ ? ને શું અનિષ્ટ ? જીવ વ્યર્થ સંકલ્પ કરીને ક્યાંક રાગ ને ક્યાંક દ્વેષ કરે છે, ને દુઃખી થાય છે. દુઃખથી ભરેલી સંસારની આ સ્થિતિને ધિક્કાર હો. સંસારનું આવું જ સ્વરૂપ છે એમ સમજીને વિદ્વાનોએ શોક ન કરવો જોઈએ. હે રાજન ! વસ્તુનો સહજ સ્વભાવ જ એવો છે; સંસારના સ્વરૂપને તો તું ઓળખે છે,–તો શું તું એ નથી જાણતો કે અનંત સંસારમાં આ જીવને અનેક જીવો સાથે સેંકડો વખત સંબંધ થઈ ચૂક્યો છે.–તોપછી

અજ્ઞાનીની માફક મોહિત કેમ થાય છે? ત્રિલોકનાથ તીર્થંકરદેવનું શરીર પણ કર્મોદ્વારા ઉપજેલું હોવાથી સ્થાયી નથી, માટે જ વિદ્વાનો તેને હેય સમજે છે. જે ભગવાન પહેલાં આંખોવડે દેખાતા હતા તે હવે હૃદયમાં બિરાજી રહ્યા છે, તો એમાં શોક કરવા જેવું શું છે? તું પોતાના ચિત્તમાં ધ્યાનવડે સદા એને દેખ્યા કર. યથાર્થ વસ્તુસ્વરૂપને ચિન્તવીને નિર્મળજ્ઞાનજળ વડે તું આ શોકાગ્નિને બુઝાવ.

આ પ્રમાણે ઋષભસેનગણધરના પરમ ઉપદેશથી ભરતનું મન અતિશય શાન્ત થયું; ચિન્તા છોડીને તેણે ગણધરદેવના ચરણોમાં ભક્તિથી નમસ્કાર કર્યા, ને સંસારભોગથી તૃષ્ણાથી વિરક્ત થતો તથા મોક્ષને માટે ઉત્સુક થતો તે અયોધ્યાનગરીમાં પાછો આવ્યો.

કોઈ એક દિવસે દર્પણમાં જોતાં, ભગવાન ઋષભદેવના મોક્ષદૂત સમાન સફેદ વાળને દેખીને ભરતજી વૈરાગી થયા...રાજલક્ષ્મીને તૃણવત છોડીને અગમ્ય એવા મોક્ષમાર્ગમાં ગમન કર્યું. દીક્ષા લીધી કે તરત તેને મનઃપર્યયજ્ઞાન પ્રગટયું, અને ત્યારબાદ તરત જ કેવળજ્ઞાન પ્રગટ થયું. જે ભરત પહેલાં રાજાઓ વડે પૂજિત હતા તે હવે ઇન્દ્રોવડે પણ પૂજિત બન્યા, ને ત્રણલોકના સ્વામી થયા. મુનિવરોને જે પરિચિત છે એવા એ ભરતકેવળીએ સમસ્ત દેશમાં વિહાર કરીને દિવ્યધ્વનિવડે જગતનું કલ્યાણ કર્યું. પછી યોગનિરોધ કરીને, જેમાં શરીરબંધન છૂટી ગયા છે ને સારભૂત સમ્યક્ત્વાદિ અનંત ગુણોની મૂર્તિ જ રહી ગઈ છે તથા જે અનંત સુખનો ભંડાર છે–એવા આત્મધામમાં તે ભરતેશ્વર સ્થિર થયા. ને જ્યાં ભગવાન ઋષભદેવ બિરાજે છે એવા સિદ્ધાલયમાં જઈને બિરાજ્યા.

**સિદ્ધાલયસ્થિત એ સિદ્ધપ્રભુને નમસ્કાર હો.**

ભગવાન ઋષભદેવની સેવા કરનારા સૌનું કલ્યાણ થાઓ. તીર્થંકરોમાં જેઓ પ્રથમ હતા, પ્રથમ ચક્રવર્તીના જેઓ પિતા હતા, મોક્ષનો મહાન માર્ગ જેમણે સાક્ષાત્ જોયો હતો, ને દિવ્યધ્વનિવડે જેમણે આ ભરતક્ષેત્રમાં મોક્ષમાર્ગ વહેતો કર્યો હતો–એવા ભગવાન ઋષભદેવ અમને મોક્ષરૂપી ઉત્કૃષ્ટ આત્મ–સિદ્ધિ પ્રદાન કરો. જગતનું મંગલ કરો.

**जय ऋषभदेव..........जय आदिनाथ**

卐 ॐ 卐

# આત્મ-પ્રકાશ (૩)

'પ્રકાશશક્તિ' ના પ્રવચનરૂપ 'આત્મપ્રકાશ' ના બે ભાગ આત્મધર્મ અંક ૨૭૯ તથા ૨૮૫ માં આવી ગયા છે. બાકીનો ભાગ અહીં આપ્યો છે. સ્વસંવેદનરૂપ પ્રકાશ પ્રગટાવવાની એવી સુંદર રીત સન્તોએ બતાવી છે કે તેના વિચારમાં ને મનનમાં જ્ઞાનને રોકે તો સ્વાનુભવનો માર્ગ મળે ને જન્મ–મરણનો ફેરો ટળે. માટે હે જીવ! તારા વીર્યબળને સ્વતરફ ઉલ્લસાવીને તારા સ્વભાવની હા પાડ....ને પુરુષાર્થની તીખી ધારાએ તે સ્વભાવનો અપૂર્વ પક્ષ કર.–આમ કરવાથી તને તારું સ્વસંવેદન થશે ને આનંદ અનુભવાશે.

ભાઈ, તારો સ્વભાવ અચિંત્ય છે, તારો આત્મવૈભવ અનંત સામર્થ્યવાળો છે. ક્ષેત્ર મોટું હોય માટે ઝાઝા ગુણ ને ક્ષેત્ર નાનું માટે ઓછા ગુણ–એમ નથી. મોટો આકાર હો કે નાનો આકાર હો, દરેક આત્મામાં પ્રદેશો ને ગુણો સરખા છે, ઓછા–વધારે નથી. તે ગુણોનું આ વર્ણન છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તેનામાં એકલું જ્ઞાન નથી પણ જ્ઞાન સાથે અનંતગુણો છે, તે બતાવીને અનંતશક્તિવાળા આત્માની દ્રષ્ટિ કરાવવી છે.

શ્રુતપર્યાયે અંતરમાં વળીને જ્યાં ચૈતન્યસ્વભાવને ધ્યેય બનાવ્યો ત્યાં તેનું પ્રત્યક્ષ સ્વસંવેદન થયું, સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રકાશમાનપણે પ્રગટ થયો. શ્રુતપર્યાયમાં આખો આત્મા અનંતગુણસહિત પ્રત્યક્ષ થઈને સ્વસંવેદનમાં આવ્યો. સ્વાનુભવ વખતે આત્મા પોતાના દ્રવ્યગુણપર્યાયમાં તન્મય થઈને પોતે પોતાને સ્પષ્ટપણે વેદે છે, તે વેદનમાં રાગનો અભાવ છે. આવું વેદન કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આવા સમ્યગ્દર્શન પછી જ્ઞાનની વિશેષ સ્પષ્ટતા ને ચારિત્રની વિશેષ સ્થિરતા પ્રગટે.

પ્રકાશશક્તિને લીધે આત્મામાં એવો સ્વભાવ છે કે પોતે પોતાના સ્વસંવેદનથી જ પ્રત્યક્ષ થાય. અરૂપી અતીન્દ્રિય આત્મા રાગાદિના અભાવરૂપે ને અનંતગુણોની શુદ્ધિના સદ્ભાવરૂપે સ્વસંવેદનમાં સ્પષ્ટ પ્રકાશે છે. સ્વસંવેદનમાં ચોથા ગુણસ્થાને પણ આવું પ્રત્યક્ષપણું છે; એના વગર પ્રતીત સાચી થાય નહિ. દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરતાં આવું સ્વસંવેદન પ્રગટે છે ને સમ્યગ્દર્શન થાય છે. સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવાનો

આત્માનો સ્વભાવ ત્રિકાળ છે, પણ તે પ્રગટે ક્યારે ? કે એવા સ્વભાવસન્મુખ દૃષ્ટિ કરે ત્યારે.

અરે, આવા આત્મસ્વરૂપના વિચારમાં–મનનમાં જ્ઞાનને રોકે તો તેના અનુભવનો માર્ગ મળે, ને જન્મ–મરણનો ફેરો મટે. માંડ આવો દુર્લભ અવસર મળ્યો તેમાં જો આ ન સમજે તો ક્યાંય આરો આવે તેમ નથી. તારી આત્મવસ્તુ એવી છે કે એના ઉપર નજર કરતાં જ ન્યાલ કરી દ્યે. ભાઈ, દૃષ્ટિ કરવા લાયક આત્મા કેવો છે–કે જેના ઉપર દૃષ્ટિ મુકતાં સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગે ને કેવળજ્ઞાન થાય !–તો કહે છે કે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવાનો જેનો સ્વભાવ છે એવા આત્માને દૃષ્ટિમાં લે. એને દૃષ્ટિમાં લેતાં જ આનંદસહિત સ્વસંવેદન થશે. સમ્યગ્દર્શન થાય ને આનંદસહિત આત્મા પ્રત્યક્ષ ન થાય–એમ બને નહીં. જેને આનંદનો અનુભવ નથી તેને સમ્યગ્દર્શન થયું જ નથી. સાચી શ્રદ્ધા છે ને આનંદ નથી, અથવા જ્ઞાન છે ને આનંદ નથી,–એમ કોઈ કહે તો તેણે અનંતગુણના પિંડને પ્રતીતમાં લીધો જ નથી; આત્મામાં જ્ઞાન–શ્રદ્ધા–આનંદ વગેરે સર્વ ગુણોનું પરિણમન એક સાથે છે. ‘સર્વગુણાંશ તે સમ્યક્ત્વ’–જોકે સમ્યક્ત્વ તો શ્રદ્ધાગુણની પર્યાય છે, પણ તે શ્રદ્ધાની સાથે આનંદ છે, જ્ઞાન છે, પ્રત્યક્ષપણું છે, પ્રભુતા છે,–એમ સર્વે ગુણો ભેગા પરિણમે છે; જ્ઞાન અને આનંદને સર્વથા જુદા માને, અથવા શ્રદ્ધા અને આનંદને સર્વથા જુદા માને તેને અખંડ આત્માનો અનુભવ જ નથી, અનેકાન્તની તેને ખબર નથી.

રાગને લીધે આત્મા પ્રત્યક્ષ થાય–એવો નથી. જેણે રાગને આત્માના સ્વસંવેદનનું સાધન માન્યું તેણે સ્વસંવેદનમય પ્રકાશશક્તિવાળા આત્માને જાણ્યો નથી, એણે તો રાગને જ આત્મા માન્યો છે. રાગવડે આત્માનો અનુભવ થવાનું માન્યું તેણે રાગને જ આત્મા માન્યો. અંદરના સૂક્ષ્મ ગુણ–ગુણીભેદના વિકલ્પમાંયે એવી તાકાત નથી કે તે આત્માનું પ્રત્યક્ષ વેદન કરી શકે. પ્રકાશગુણમાં એવી તાકાત છે કે તે પરિણમીને સ્વસંવેદનમાં આત્માને પ્રત્યક્ષ કરે. આવા વૈભવવાળા ભગવાન આત્માને વિકલ્પગમ્ય માન્યો તે તો તેનો અપવાદ કરવા જેવું થયું, જેમ મોટા રાજાને ભીખારી કહીને કોઈ બોલાવે તો તેમાં રાજાનું અપમાન થાય છે, તેમ જગતમાં સૌથી મોટો આ ચૈતન્યરાજા, તેને એક તૂચ્છ રાગમાં પ્રાપ્ત થાય એવો માની લેવો તે તેનું અપમાન છે, મોટો ગુન્હો છે, ને તે ગુન્હાની શિક્ષા સંસારરૂપી જેલ છે. ભાઈ, આ સંસારની જેલમાં અનંતકાળથી તું પૂરાયેલો છો; હવે આ જેલમાંથી તારે છૂટવું હોય તો ચૈતન્યરાજા જેવો છે તેવો તું

ઓળખ. અરે, અનંતગુણના વૈભવથી ભરેલા ચૈતન્યભગવાનને રાગગમ્ય માનવો તે તો તેને રાગી માનવા જેવું છે. સમ્યગ્દર્શને આખા આત્મદ્રવ્યને સ્વીકાર્યું છે, તેમાં પ્રકાશશક્તિનો ભેગો સ્વીકાર છે, એટલે રાગ વગર સ્વસંવેદન થાય એવો આત્મા સમ્યગ્દર્શને સ્વીકાર્યો છે, રાગવાળો આત્મા સમ્યગ્દર્શને સ્વીકાર્યો નથી. સમ્યગ્દર્શનના આત્મામાં અનંત ગુણનું નિર્મળકાર્ય છે પણ રાગ તેમાં નથી.

અરે જીવ! એકવાર તારા વીર્યબળને સ્વતરફ ઉલ્લસાવીને તારા આવા સ્વભાવની હા તો પાડ! પુરુષાર્થની તીખી ધારાએ આવા દ્રવ્યસ્વભાવનો અપૂર્વ પક્ષ કર...તેનો ઉલ્લાસ લાવ. આવા સ્વભાવનો યથાર્થ નિર્ણય કરે તેને સ્વસંવેદન થયા વગર રહે નહિ. આત્માનું આવું સ્વસંવેદન તે જ ધર્મ છે, તે જ મોક્ષમાર્ગ છે. રાગનો અનુભવ જીવને અનાદિનો છે, તે કાંઈ ધર્મ નથી. રાગાદિ ભાવોનો અનુભવ તે તો કર્મચેતના છે, ભગવાન આત્માને અનુભવમાં લેવાની તાકાત તેનામાં નથી; અંતરમાં વળેલી જ્ઞાનચેતનામાં જ ભગવાન આત્માને અનુભવમાં લેવાની તાકાત છે.

ભાઈ, તારા અંદરના શુભ વિકલ્પમાંય સ્વસંવેદન કરાવવાની તાકાત નથી, તો પછી આત્માથી ભિન્ન બહારની વસ્તુમાં સ્વસંવેદન કરાવવાની તાકાત ક્યાંથી હોય? માટે રાગની–વ્યવહારની ને પરાશ્રયની રુચિ છોડ ત્યારે જ તને પરમાર્થ આત્મા અનુભવમાં આવશે. નિમિત્તનો ને વ્યવહારનો આશ્રય છોડીને દ્રવ્યસ્વભાવનો આશ્રય કરે ત્યારે પર્યાયમાં સ્વસંવેદન–પ્રત્યક્ષ પ્રગટે ને ત્યારે સમ્યગ્દર્શન થાય; અને ત્યારે જ ખરેખર આત્માને માન્યો કહેવાય. આવા અનુભવ પછી વિકલ્પ વખતે ધર્મીને બહુમાનનો એવો ભાવ આવે કે અહો! તીર્થંકરપ્રભુની વાણી સાંભળવા મળી હતી, તેમાં આવો જ સ્વભાવ ભગવાન બતાવતા હતા, સન્તો તે વાણી ઝીલીને આવો સ્વભાવ અનુભવતા હતા. આવા વીતરાગી દેવ–ગુરુ મારા સ્વસંવેદનમાં નિમિત્ત છે;–એમ ધર્મીને તેમના વિનય અને બહુમાનનો ભાવ આવે છે. એ રીતે તેને પરમાર્થસહિત વ્યવહારનું ને નિમિત્તનું પણ સાચું જ્ઞાન છે. અજ્ઞાનીને એકેય જ્ઞાન સાચું નથી.

આત્મા દિવ્ય વસ્તુ છે, અનંતશક્તિનો દિવ્ય વૈભવ એનામાં ભર્યો છે; એની એકેક શક્તિમાં દિવ્યતા છે. જ્ઞાનમાં એવી દિવ્યતા છે કે કેવળજ્ઞાન આપે; શ્રદ્ધામાં એવી દિવ્યતા છે કે ક્ષાયિક સમ્યક્ત્વ આપે; આનંદમાં એવી દિવ્યતા છે કે અતીન્દ્રિય આનંદ આપે; પ્રકાશશક્તિમાં એવી દિવ્ય તાકાત છે કે બીજાની અપેક્ષા વગર

પોતાના જ સ્વસંવેદન વડે આત્માને પ્રત્યક્ષ કરે. આવી દિવ્ય શક્તિવાળા આત્માને દેખે તો દિવ્યદૃષ્ટિ ઊઘડી જાય. તારા આત્માનો વૈભવ તારે દેખવો હોય તો તારી દિવ્ય આંખો ખોલ. આ બહારની આંખ વડે એ નહીં દેખાય, અંદર રાગની આંખ વડે પણ તે નહીં દેખાય; પણ ચૈતન્યના જ્ઞાનચક્ષુ ખોલ તો તને તારો દિવ્યવૈભવ દેખાશે. ચૈતન્યદરબારની શોભા કોઈ અદ્‌ભુત ને આશ્ચર્યકારી છે.

પ્રભો ! આ જે કાંઈ કહેવાય છે તે બધું તારામાં જ છે. તારા આત્મવૈભવની આ વાત સન્તો તને સંભળાવે છે. વાહ રે ચૈતન્યપ્રભુ, તારી પ્રભુતા !! એકલા જ્ઞાનપ્રકાશનો પૂંજ, એકલા આનંદનું ધામ ! આવી અનંતશક્તિના ધામરૂપ આત્મા છે. તે શક્તિઓ કારણરૂપ છે, ને તે કારણમાંથી કાર્ય આવે છે. સાચા કારણના સ્વીકાર વડે કાર્ય આવે છે. કારણનો જ્યાં સ્વીકાર નથી ત્યાં કાર્ય ક્યાંથી આવશે ? જ્યાં કારણપણે રાગનો જ સ્વીકાર છે ત્યાં કાર્યમાં પણ રાગ આવશે. રાગકારણમાંથી વીતરાગીકાર્ય આવશે નહીં. ભગવાન આત્માની અનંતી શુદ્ધ શક્તિઓ છે તેનો સ્વીકાર કરતાં ( એટલે કે તેની સન્મુખ થતાં ) તે કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય આપે છે એવી તેનામાં તાકાત છે. આત્માનું શુદ્ધ કાર્ય આપવાની તાકાત બીજા કોઈમાં નથી. અનંત કારણશક્તિથી ભરેલા પોતાના ચિદાનંદ સ્વભાવમાં દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો નાશ થાય છે ને તેમાં લીન થતાં અસ્થિરતાનો નાશ થાય છે.–આમ નિર્મળકારણના સ્વીકારથી નિર્મળ કાર્ય પ્રગટી જાય છે; બીજું કોઈ બહારમાં કારણ છે જ નહીં.

સ્વસન્મુખ થઈને આત્માનું સ્વસંવેદન જેને પ્રગટયું તેનામાં ચૈતન્યનો વીરરસ પ્રગટયો, સ્વાનુભવનું વીર્ય પ્રગટયું, તે કાયરતાને ( પરભાવને ) પોતામાં આવવા ન દે; તેને પોતાની રક્ષા માટે રાગાદિની મદદ ન હોય. રત્નત્રયના સાધક કોઈ એક મુનિ સંથારો કરે ત્યારે વૈયાવચ્ચ કરનારા બીજા મુનિઓ તેને ચૈતન્યના ઉપદેશ વડે વીરતા ઉપજાવે છે. કોઈવાર મુનિને જરાક પાણીનો વિકલ્પ આવી જાય તો બીજા મુનિ વૈરાગ્યથી કહે છે કે અરે મુનિ ! અંદર ચૈતન્યના આનંદરસ ભર્યા છે તે આનંદના જળ પીઓને ! અત્યારે તો સ્વાનુભવના નિર્વિકલ્પઅમૃત પીવાનાં ટાણાં છે. આ પાણી તો અનંતવાર પીધાં, તેનાથી તૃષા નહીં છીપે, માટે નિર્વિકલ્પ થઈને અંદરમાં સ્વાનુભવના આનંદરસનું પાન કરો. ત્યારે તે મુનિ પણ બીજી જ ક્ષણે વિકલ્પ તોડીને નિર્વિકલ્પ–આનંદના દરિયામાં ડુબકી મારે છે. તે આનંદને માટે પોતાના આત્મા સિવાય બીજા કોઈનું અવલંબન નથી.

સમ્યગ્દર્શન થતી વખતે જે સ્વસંવેદન થયું તે પ્રત્યક્ષ છે, તેમાં વ્યવહારના અવલંબનનો અભાવ છે,–આવો અનેકાન્ત છે. વાત્સલ્ય, સ્થિતિકરણ, પ્રભાવના વગેરે પ્રશસ્ત વ્યવહારના ઉપદેશ શાસ્ત્રમાં આવે છે, પણ તે બધા શુભવિકલ્પોથી પાર અંદરમાં સ્વસંવેદન–પ્રત્યક્ષની જે પરિણતિ ધર્મીને વર્તે છે તે જ મોક્ષમાર્ગ છે. ધર્માત્માને અંદરમાં ચિદાનંદ સ્વભાવના સ્વસંવેદનનું જે જોર છે તે સ્વયં પ્રકાશમાન છે, તેમાં બીજા કોઈની મદદ નથી, કે અસ્પષ્ટતા નથી. અહા, આવા આત્મસ્વભાવનું જેને સંવેદન થયું તે હવે પરમાત્માથી જુદો ન રહી શકે, સ્વસંવેદનના બળે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને તે પોતે પરમાત્મા થઈ જશે, ને અનંત સિદ્ધ ભગવંતોની સાથે જઈને રહેશે.

અરે જીવ! આવા જૈનદર્શનમાં, એટલે કે સર્વજ્ઞ પરમાત્માના પંથમાં તું અવતર્યો, ને સર્વજ્ઞદેવે કહેલા તારા સ્વભાવને તું લક્ષમાં પણ ન લે,–તો તને શું લાભ? આવો અવસર તારો ચાલ્યો જશે. પોતાના સ્વભાવમાં જે વૈભવ ભર્યો છે તેને શ્રદ્ધાવડે ખેંચીને બહાર લાવ. જેમ અંદર પાણી ભર્યું છે તે ફૂવારામાં ઊછળે છે, તેમ અંદર ચૈતન્યની શક્તિના પાતાળમાં પાણી ભર્યું છે તેમાં અંતર્દૃષ્ટિ કરતાં પર્યાયમાં તે ઊછળે છે.

આત્મા સ્વયં પોતે પોતાને પ્રગટ–સ્પષ્ટ–પ્રત્યક્ષ વેદનમાં આવે ને તેમાં પરોક્ષપણું કે અસ્પષ્ટપણું ન રહે એવો એનો પ્રકાશ–સ્વભાવ છે. પ્રકાશમાં અંધારા કેવા? ચૈતન્યજ્યોત જાગતી પ્રકાશવતી છે, તે આંધળી નથી કે પોતે પોતાને ન જાણે.

ભાઈ, તારી પ્રકાશશક્તિનો તું ભરોસો કર, એનો વિશ્વાસ કર ને પર્યાયમાં તે ન પ્રગટે એમ બને નહીં. વર્તમાન પર્યાય અલ્પશક્તિવાળી હોવા છતાં પણ અંતર્મુખ થઈને અનંત ગુણરત્નોથી ભરેલા આખા અદ્‌ભુત દરિયાને પ્રતીતમાં ને અનુભવમાં લઈ લ્યે–એવી અદ્‌ભુત તારી તાકાત છે. દ્રવ્યસ્વભાવમાં અદ્‌ભુત તાકાત છે તેની સન્મુખ થતાં પર્યાયમાં પણ અદ્‌ભુત તાકાત પ્રગટે છે. પર્યાય પોતે એક સમયની છતાં અનંત ગુણના ત્રિકાળી પિંડને કબુલે–એ પર્યાયની તાકાત કેવી? ભગવાન! તારી તાકાત તો જો. જેની સામે નજર કરતાં અમૃતની રેલમછેલ થાય એવા તારા વૈભવની વાત અમૃતચંદ્રાચાર્ય દેવે કરી છે. ભગવાને જેવો આત્મા જોયો તેવો આત્મા બતાવ્યો, ને તું સ્વસંવેદનથી પ્રત્યક્ષ જોઈ શકે એવી તારામાં તાકાત છે. સમયસારની શરૂઆતમાં જ આચર્યદેવે કહ્યું હતું કે અમે સ્વાનુભવરૂપ

નિજવૈભવથી શુદ્ધાત્માનું સ્વરૂપ કહીએ છીએ અને તમે તમારા સ્વસંવેદનથી તે પ્રમાણ કરજો.–એટલે એવું પ્રત્યક્ષ સ્વસંવેદન કરવાની આત્મામાં તાકાત છે; માટે 'અમને ન સમજાય' એવી કલ્પના કાઢી નાંખજે, ને સિદ્ધભગવાનને અંતરમાં સ્થાપીને સ્વસંવેદન–પ્રત્યક્ષથી આત્માને અનુભવમાં લેજે. પરોક્ષ રહેવાનો તારો સ્વભાવ નથી પણ પોતે પોતાને પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. અહો ! આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય–આ વાત અલૌકિક છે. જેમ ઊંચા હીરાની કિંમતની તો શી વાત ! પણ તેની રજ પણ કિંમતી હોય; તેમ જગતમાં શ્રેષ્ઠ એવા આ ચૈતન્યહીરાનું સ્વસંવેદન કરે તેના આનંદની તો શી વાત ! પણ તેના બહુમાનપૂર્વક શ્રવણ–મનન કરે તો તેનું ફળ પણ અલૌકિક છે. એવા વિકલ્પ વડે પુણ્ય બંધાય તે પણ ઊંચી જાતના હોય.

સ્વયં પ્રકાશમાન એવા આત્મસ્વભાવનું ભાન થતાં પર્યાયમાં તેનું પરિણમન પ્રગટે એટલે કે સ્વસંવેદન થાય. ગુણી એવા સ્વભાવના આશ્રયે તેનું વેદન થાય છે, કોઈ નિમિત્તના પરના રાગના કે ગુણભેદના આશ્રયે તેનું વેદન થતું નથી. વર્તમાન પર્યાય અંતરમાં તન્મય થઈને આખાય સ્વભાવને સ્વસંવેદનમાં લઈ લ્યે છે–એવી તેની અદ્ભુતતા છે, ને તેની સાથે પ્રશાંત આનંદરસ પણ ભેગો છે.

卐

* દુનિયા ગમે તેમ ડોલે સિદ્ધને કાંઈ વિકલ્પ નથી–એ તો નિજસ્વરૂપમાં અડોલ છે.
* આત્માનો જાણવાનો સ્વભાવ છે, વિકલ્પ કરવાનો નહીં.
* મારું શાંતિધામ મારામાં છે, એમાં ડુબકી મારતાં શાંતિ છે.
* શુદ્ધતામાં લીનતા તે સન્તોનું ચારિત્ર છે; રાગ તે ચારિત્ર નથી.
* ચારિત્ર તે ધર્મ છેઃ રાગ તે ચારિત્ર નથી એટલે રાગ તે ધર્મ નથી.
* શુદ્ધોપયોગ તે આત્માના પ્રાણ છે; તે પ્રાણ રાગવડે હણાય છે માટે રાગ તે હિંસા છે.
* વીતરાગભાવવડે શુદ્ધોપયોગ જીવંત રહે છે, માટે વીતરાગભાવ તે અહિંસા છે.
* હિંસા તે અધર્મ છે, અહિંસા તે ધર્મ છે.
* તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ.

વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.

卐

## પરમ શાંતિ દાતારી અધ્યાત્મ ભાવના

( અંક ૨૮૫ થી ચાલુ ) * ( લેખાંક ૫૩ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

卐

જેને દેહથી ભિન્ન આત્મતત્ત્વનું જ્ઞાન નથી એવો મોહી જીવ આત્માની ક્રિયાને દેહમાં જોડે છે ને દેહની ક્રિયાને આત્મામાં જોડે છે, તે વાત દૃષ્ટાંતથી સમજાવે છે–

अनंतरज्ञः संधत्ते दृष्टि पंगोर्यथाऽन्धके।
संयोगात् दृष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः।।९१।।

એક આંધળા માણસના ખભા ઉપર લંગડો બેઠો છે; તે લંગડો આંખવડે માર્ગ દેખે છે, ને આંધળો ચાલે છે. ચાલવાની તાકાત લંગડામાં નથી ને દેખવાની તાકાત આંધળામાં નથી. દેખવાની ક્રિયા તો લંગડાની છે ને ચાલવાની ક્રિયા આંધળાની છે –આવા આંધળા અને લંગડા વચ્ચેના અંતરની જેને ખબર નથી તે માણસ લંગડાની દ્રષ્ટિનો આંધળામાં આરોપ કરીને એમ માને છે કે આ લંગડો જ માર્ગ દેખીને ચાલે છે. –તેનો આ આરોપ મિથ્યા છે, તેને ખબર નથી કે માર્ગ દેખનારો તો ઉપર જુદો બેઠો છે. એ જ પ્રમાણે આ શરીર તો જ્ઞાન વગરનું આંધળું–જડ છે, ને આત્મા દેખતો છે પણ તે શરીરની ક્રિયા કરવા માટે પાંગળો છે. શરીર હાલે–ચાલે તેને આત્મા જાણે છે, તે જાણવાની ક્રિયા આત્માની છે; ને શરીરાદી ચાલવાની ક્રિયા તો જડની છે.–પણ જેને જડ–ચેતનના અંતરની ખબર નથી, આત્મા અને શરીરની ભિન્નતાનું ભાન નથી એવો અજ્ઞાની જીવ આત્માના જ્ઞાનનો શરીરમાં આરોપ કરીને એમ માને છે કે આ શરીર જ જાણે છે–આંખથી જ બધું દેખાય છે, એટલે શરીર તે જ આત્મા છે.–પણ તેનો આ આરોપ મિથ્યા છે, તેને ખબર નથી કે જાણનારો તો શરીરથી જુદો છે, શરીર કાંઈ નથી જાણતું, જાણવાની ક્રિયા તો આત્માની છે.

વળી તે અજ્ઞાની જીવ એમ માને છે કે શરીર હાલે–ચાલે–બોલે તે બધી મારી ક્રિયા છે, હું જ તે ક્રિયા કરું છું. પણ શરીર હાલે–ચાલે–બોલે તે તો જડની ક્રિયા છે, તે જડ–આંધળું તેના પગથી ( –તેની પર્યાયથી )

હાલે-ચાલે-બોલે છે, તે ક્રિયા આત્માથી થઈ નથી; આત્માએ તો તેને જાણવાની ક્રિયા કરી છે. આ રીતે જડ-ચેતનની ભિન્ન ભિન્ન ક્રિયાઓ છે. જડ-ચેતનની ક્રિયાનો આવો ભેદ-તફાવત નહિ જાણનાર અજ્ઞાની જીવ તે બંનેને એકપણે માનીને સંસારમાં પરિભ્રમણ કરે છે.

( વીર સં. ૨૪૮૨, શ્રાવણ સુદ સાતમઃ રવિવાર )

જુઓ, આ ભેદજ્ઞાનની વાત ચાલે છે. જડ-ચેતનની ભિન્નતાનું જેને જ્ઞાન નથી તેને કદી સમાધિ થતી નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેની ક્રિયા તો જાણવારૂપ જ છે. અને શરીર જડસ્વરૂપ છે તે સ્વયં હાલવા-ચાલવાની ક્રિયાવાળું છે પણ તેનામાં દેખવાની ક્રિયા નથી. આત્મા અને શરીર બંને પદાર્થો ભિન્ન ભિન્ન છે. બંનેની ક્રિયાઓ પણ ભિન્ન ભિન્ન છે. શરીર ઊંચું-નીચું થાય-વ્યવસ્થિત પગ ઊપડે, ભાષા બોલાય તે બધી જડની ક્રિયા છે, જડ આંધળા સ્વયં ચાલે છે, ને ત્યાં તે-તે ક્રિયાનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાન આત્માની ક્રિયા છે. પણ અજ્ઞાની કહે છે કે 'મેં શરીરની ક્રિયા કરી; હું બોલ્યો, મેં જાળવીને પગ મૂક્યો.'-એવી ભ્રમણાને લીધે તે અજ્ઞાની શરીરાદિ બાહ્યપદાર્થોમાં જ ઉપયોગની એક્તા કરે છે, પણ શરીરથી ભિન્ન આત્મામાં ઉપયોગને જોડતો નથી. તેને અહીં સમજાવે છે કે અરે મૂઢ! જડ અને ચેતનની ક્રિયાઓ ભિન્નભિન્ન છે; તારી ક્રિયા તો જાણવારૂપ છે, શરીરની ક્રિયાઓ તારી નથી. માટે શરીરાદિ જડ સાથેનો સંબંધ તોડ ને ચૈતન્યસ્વભાવ સાથે સંબંધ જોડ!

જડ-ચેતનના ભેદજ્ઞાન માટે અહીં આંધળા અને લંગડાનું સરસ દૃષ્ટાંત આપ્યું છે. આંધળામાં હાલવા-ચાલવાની તાકાત છે પણ માર્ગ દેખવાની તાકાત નથી; તેના ખભા ઉપર લંગડો બેઠો છે, તેનામાં જાણવાની તાકાત છે પણ દેહને ચલાવવાની તાકાત નથી. આંધળો ચાલે છે ને લંગડો દેખે છે. ત્યાં ચાલવાની ક્રિયા કોની છે?-આંધળાની છે. દેખવાની ક્રિયા કોની છે? લંગડાની છે. એ રીતે બંનેની ક્રિયા ભિન્નભિન્ન છે. તેમ શરીર જડ આંધળું છે, તેનામાં સ્વયં હાલવા-ચાલવાની તાકાત છે, પણ જાણવા-દેખવાની તાકાત તેનામાં નથી. તેની સાથે એકક્ષેત્રે આત્મા રહેલો છે, તેનામાં જાણવા-દેખવાની તાકાત છે પણ શરીરને ચલાવવાની તાકાત તેનામાં નથી. શરીર તેના સ્વભાવથી જ હાલે-ચાલે છે, તે જડની ક્રિયા છે, ને તેને જાણે છે તે આત્માની ક્રિયા છે. -આમ જડ-ચેતન બંનેની ભિન્નભિન્ન ક્રિયાઓ છે. આવી ભિન્નતાને જે જાણે તેને શરીરથી ઉપેક્ષા થઈને આત્મસમાધિ થાય છે.

પ્રશ્નઃ- આંધળાને તો કાંઈ ખબર નથી, એટલે લંગડો જ તેને માર્ગ બતાવીને હલાવે-ચલાવે છે; તેમ શરીર તો જડ છે, તેને કાંઈ ખબર નથી, આત્મા જ તેની ક્રિયાઓ કરે છે!

ઉત્તરઃ– અરે ભાઈ! એમ નથી. આંધળો તેના પગથી ચાલે છે, કાંઈ લંગડો તેને નથી ચલાવતો. તેમ શરીર અને આત્માનો સંયોગ હોવા છતાં, શરીર તેની પોતાની શક્તિથી ચાલે છે, તેનામાં જ્ઞાન ન હોવા છતાં તે સ્વયં પોતાની શક્તિથી જ હાલેચાલે છે, આત્મા તેને નથી હલાવતો. આત્મા શરીરની ક્રિયા કરે છે–એમ અજ્ઞાનથી જ પ્રતિભાસે છે; તેમજ શરીરની આંખ વડે આત્મા દેખે છે–એમ પણ અજ્ઞાનથી જ પ્રતિભાસે છે. હું તો જ્ઞાન છું ને શરીર તો જડ છે, હું તો જાણનાર છું ને શરીર આંધળું છે, હું તો અરૂપી છું ને શરીર જડ છે,–બંનેની ક્રિયાઓ અત્યંત ભિન્ન છે–એવું ભેદજ્ઞાન અજ્ઞાની જીવ કરતો નથી, ને ભેદજ્ઞાન વિના જગતમાં કોઈ શરણ ભૂત નથી, ક્યાંય શાંતિ કે સમાધિ નથી. અજ્ઞાની જીવ દેહથી ભિન્ન આત્માના ભાન વિના અનાદિથી અનાથ થઈને રહ્યો છે. દેહ અને આત્માનો સંયોગ દેખીને એક્તાનો ભ્રમ અજ્ઞાનીને થઈ ગયો છે, ને તેથી તે સંસારમાં રખડે છે. સંયોગ હોવા છતાં બંનેની ક્રિયાઓ જાુદી જ છે– એમ જો ભિન્નતા ઓળખે તો દેહબુદ્ધિ છોડે ને આત્મામાં એકાગ્રતા કરે.–એ રીતે આત્મામાં એકાગ્રતાથી સમાધિ થાય, શાંતિ થાય ને ભવભ્રમણ છૂટે.।। ૯૧।।

દેહ અને આત્માનો સંયોગ હોવા છતાં, ભેદજ્ઞાની અંતરાત્મા તેમને ભિન્નભિન્ન સમજે છે, એ વાત હવે ૯૨ મી ગાથામાં કહેશે.




દેહ અને આત્મા એકક્ષેત્રે હોવા છતાં વચ્ચે ‘અત્યંત અભાવ’ રૂપી મોટો પર્વત છે.

卐 ❋ 卐

# સમ્યગ્દર્શન માટે પ્રાપ્ત થયેલો સોનેરી અવસર

( બીજું બધું ભૂલીને
આત્મદર્શન માટે કટિબદ્ધ થઈએ )

વીર સં. ૨૪૮૯ ના શ્રાવણ વદ બીજ-કે જે દિવસે પૂ. બેનશ્રી ચંપાબેનનો ૫૦ મો જન્મ દિવસ હતો-તે દિવસના પ્રવચનમાં પૂ. ગુરુદેવે મોહક્ષયનો અપૂર્વ માર્ગ દર્શાવ્યો...અહા, જે ઉપાય ઉલ્લાસથી સાંભળતાં પણ મોહબંધન ઢીલા પડવા માંડે....અને જેનું ઊંડું અંતર્મથન કરતાં ક્ષણવારમાં મોહ નાશ પામે એવો અમોઘ ઉપાય સન્તોએ દર્શાવ્યો છે. જગતમાં ઘણો જ વિરલ ને ઘણો જ દુર્લભ એવો જે સમ્યક્ત્વાદિનો માર્ગ, તે આ કાળે સન્તોના પ્રતાપે સુગમ બન્યો છે...એ ખરેખર મુમુક્ષુ જીવોના કોઈ મહાન સદ્ભાગ્ય છે. આવો અલભ્ય અવસર પામીને સંતોની છાયામાં બીજું બધું ભૂલીને આપણે આપણા આત્મહિતના પ્રયત્નમાં કટિબદ્ધ થઈએ.

* * *

સ્વભાવની સન્મુખતા વડે લીન થઈને, મોહનો ક્ષય કરીને જેઓ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા થયા, તેમણે ઉપદેશેલો મોહના નાશનો ઉપાય શું છે? તે અહીં આચાર્યદેવ બતાવે છે. પહેલાં એમ બતાવ્યું કે ભગવાન અર્હંતદેવનો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી શુદ્ધ છે, એમના આત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખીને, પોતાના આત્માને તેની સાથે મેળવતાં, જ્ઞાન અને રાગની ભિન્નતા જાણીને સ્વભાવ અને પરભાવનું પૃથક્કરણ કરીને જ્ઞાનનો ઉપયોગ અંતર્-સ્વભાવમાં વળે છે, ત્યાં એકાગ્ર થતાં ગુણ-પર્યાયના ભેદનો આશ્રય પણ છૂટી જાય છે, ને ગુણભેદનો વિકલ્પ છૂટીને, પર્યાય શુદ્ધાત્મામાં અંતર્લીન થાય છે, પર્યાય અંતર્લીન થતાં મોહનો ક્ષય થાય છે, કેમકે ત્યાં મોહને રહેવાનું કોઈ સ્થાન ન રહ્યું.

એ રીતે ભગવાન અર્હંતના જ્ઞાનદ્વારા મોહના નાશનો ઉપાય બતાવ્યો; હવે એ જ વાત બીજા પ્રકારે બતાવે છે, તેમાં શાસ્ત્રના જ્ઞાનદ્વારા મોહના નાશની રીત બતાવે છેઃ પ્રથમ તો, જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવની વાત છે. સર્વજ્ઞભગવાન કેવા હોય ? મારો આત્મા કેવો છે ? મારા આત્માનું સ્વરૂપ સમજીને મારે મારું હિત કરવું છે-એવું જેને લક્ષ હોય તે જીવ મોહના નાશને માટે શાસ્ત્રનો અભ્યાસ ક્યા પ્રકારે કરે ? તે બતાવે છે. તે જીવ સર્વજ્ઞોપજ્ઞ એવા દ્રવ્યશ્રુતને પ્રાપ્ત કરીને, એટલે કે ભગવાનના કહેલા સાચા આગમ કેવા હોય તેનો નિર્ણય કરીને, પછી તેમાં જ ક્રીડા કરે છે...એટલે આગમમાં ભગવાને શું કહ્યું છે-તેના નિર્ણય માટે સતત અંતરમંથન કરે છે. દ્રવ્યશ્રુતના વાચ્યરૂપ શુદ્ધઆત્મા કેવો છે તેનું ચિંતન-મનન કરવું એનું જ નામ દ્રવ્યશ્રુતમાં ક્રીડા છે.

દ્રવ્યશ્રુતના રહસ્યના ઊંડા વિચારમાં ઊતરે ત્યાં મુમુક્ષુને એમ થાય કે આહા ! આમાં આવી ગંભીરતા છે ! ! રાજા પગ ધોતો હોય ને જે મજા આવે-તેના કરતાં શ્રુતના સૂક્ષ્મ રહસ્યોના ઉકેલમાં જે મજા આવે-તે તો જગતથી જુદી જાતની છે. શ્રુતના રહસ્યના ચિંતનનો રસ વધતાં જગતના વિષયોનો રસ ઊડી જાય છે. અહો, શ્રુતજ્ઞાનના અર્થના ચિંતનવડે મોહની ગાંઠ તૂટી જાય છે. શ્રુતનું રહસ્ય જ્યાં ખ્યાલમાં આવ્યું કે અહો, આ તો ચિદાનંદ સ્વભાવમાં સ્વસન્મુખતા કરાવે છે...વાહ ! ભગવાનની વાણી ! વાહ, દિગંબર સંતો !-એ તો જાણે ઉપરથી સિદ્ધભગવાન ઊતર્યા ! અહા, ભાવલિંગી દિગંબર સંતમુનિઓ !-એ તો આપણા પરમેશ્વર છે, એ તો ભગવાન છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદસ્વામી, ધરસેનસ્વામી, વીરસેનસ્વામી, જિનસેનસ્વામી, નેમિચંદ્રસિદ્ધાંતચક્રવર્તી, સમન્તભદ્રસ્વામી, અમૃતચંદ્રસ્વામી, પદ્મપ્રભસ્વામી, અકલંકસ્વામી, વિદ્યાનંદસ્વામી, ઉમાસ્વામી, કાર્તિકેયસ્વામી-એ બધાય સન્તોએ અલૌકિક કામ કર્યા છે.

અહા ! સર્વજ્ઞની વાણી અને સન્તોની વાણી ચૈતન્યશક્તિના રહસ્યો ખોલીને આત્મસ્વભાવની સન્મુખતા કરાવે છે. એવી વાણીને ઓળખીને તેમાં ક્રીડા કરતાં, તેનું ચિંતન-મનન કરતાં જ્ઞાનના વિશિષ્ટ સંસ્કાર વડે આનંદની સ્ફુરણા થાય છે, આનંદના ફૂવારા ફૂટે છે, આનંદના ઝરા ઝરે છે. જુઓ, આ શ્રુતજ્ઞાનની ક્રીડાનો લોકોત્તર આનંદ ! હજી શ્રુતનો પણ જેને નિર્ણય ન હોય તે શેમાં ક્રીડા કરશે ? અહીં તો જેણે ભૂમિકામાં ગમન કર્યું છે એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય તેની કંઈક

ઓળખાણ કરી છે તે જીવ કઈ રીતે આગળ વધે છે ને કઈ રીતે મોહનો નાશ કરીને સમ્યક્ત્વ પ્રગટ કરે છે-તેની આ વાત છે. દ્રવ્યશ્રુતમાં ભગવાને એવી વાત કરી છે કે જેના અભ્યાસથી આનંદના ફૂવારા છૂટે! ભગવાન આત્મામાં આનંદનું સરોવર ભર્યું છે, તેની સન્મુખતાના અભ્યાસથી એકાગ્રતા વડે આનંદના ફૂવારા ફૂટે છે. અનુભૂતિમાં આનંદના ઝરા ચૈતન્યસરોવરમાંથી વહે છે.

આચાર્યદેવે કહ્યું હતું કે હે ભવ્ય શ્રોતા! તું અમારા નિજવૈભવની-સ્વાનુભવની આ વાતને તારા સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરજે. એકત્વસ્વભાવનો અભ્યાસ કરતાં અંતરમાં સ્વસન્મુખ સ્વસંવેદન જાગ્યું ત્યારે તે જીવ દ્રવ્યશ્રુતના રહસ્યને પામ્યો. જ્યાં એવું રહસ્ય પામ્યો ત્યાં અંતરની અનુભૂતિમાં આનંદના ઝરણાં ઝરવા માંડયા...શાસ્ત્રના અભ્યાસથી, તેના સંસ્કારથી વિશિષ્ટ સ્વસંવેદન શક્તિરૂપ સંપદા પ્રગટ કરીને, આનંદના ફૂવારા સહિત પ્રત્યક્ષાદિ પ્રમાણથી યથાર્થ વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો ક્ષય થાય છે. અહો, મોહના નાશનો અમોઘ ઉપાય-કદી નિષ્ફળ ન જાય એવો અફર ઉપાય સંતોએ પ્રસિદ્ધ કર્યો છે.

વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે-તેનું અંતર્લક્ષ કરવું તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે. રાગની અપેક્ષા છોડીને સ્વનું લક્ષ કરતાં ભાવશ્રુત ખીલે છે, ને તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે. પ્રત્યક્ષ સહિત પરોક્ષ પ્રમાણ હોય તો તે પણ આત્માને યથાર્થ જાણે છે. પ્રત્યક્ષની અપેક્ષા વગરનું એકલું પરોક્ષજ્ઞાન તો પરાલંબી છે, તે આત્માનું યથાર્થ સંવેદન કરી શક્તું નથી. આત્મા તરફ ઝૂકીને પ્રત્યક્ષ થયેલું જ્ઞાન, અને તેની સાથે અવિરુદ્ધ એવું પરોક્ષપ્રમાણ, તેનાથી આત્માને જાણતાં અંદરથી આનંદના ઝરણાં વહે છે,-આ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ને મોહનો નાશ કરવાનો અમોઘ ઉપાય છે, એને માટેનો સોનેરી અવસર અત્યારે પ્રાપ્ત થયો છે.

અરિહંત ભગવાનના આત્માને જાણીને, તેવું જ પોતાના આત્માનું સ્વરૂપ ઓળખતાં, જ્ઞાનપર્યાય અંતર્લીન થઈને સમ્યગ્દર્શન થાય છે ને મોહનો ક્ષય થાય છે...પછી તેમાં જ લીન થતાં પૂર્ણ શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે ને સર્વ મોહનો નાશ થાય છે.-બધાય તીર્થંકર ભગવંતો અને મુનિવરો આ જ એક ઉપાયથી મોહનો નાશ કરીને મુક્તિ પામ્યા...ને તેમની વાણીદ્વારા જગતને પણ આ એક જ માર્ગ ઉપદેશ્યો. આ એક જ માર્ગ છે ને બીજો માર્ગ નથી-એમ પહેલાં કહ્યું હતું; ને અહીં ગાથા ૮૬માં કહ્યું કે સમ્યક્પ્રકારે શ્રુતના અભ્યાસથી, તેમાં ક્રીડા કરતાં તેના

સંસ્કારથી વિશિષ્ટ જ્ઞાનસંવેદનની શક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં, આનંદના ભેદસહિત ભાવશ્રુતજ્ઞાન વડે વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો નાશ થાય છે. આ રીતે ભાવજ્ઞાનના અવલંબનવડે દ્રઢ પરિણામથી દ્રવ્યશ્રુતનો સમ્યક્ અભ્યાસ તે મોહક્ષયનો ઉપાય છે.– આથી એમ ન સમજવું કે પહેલાં કહ્યો હતો તે ઉપાય અને અહીં કહ્યો તે ઉપાય જુદા પ્રકારનો છે; કાંઈ જુદા જુદા બે ઉપાય નથી. એક જ પ્રકારનો ઉપાય છે, તે જુદી જુદી શૈલીથી સમજાવ્યો છે. અરિહંતદેવનું સ્વરૂપ ઓળખવા જાય તો તેમાં આગમનો અભ્યાસ આવી જ જાય છે, કેમ કે આગમ વગર અરિહંતનું સ્વરૂપ ક્યાંથી જાણશે? અને સમ્યક્ દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવામાં પણ સર્વજ્ઞની ઓળખાણ ભેગી આવે જ છે કેમકે આગમના મૂળ પ્રણેતા તો સર્વજ્ઞ અરિહંતદેવ છે, તેમની ઓળખાણ વિના આગમની ઓળખાણ થાય નહિ.

હવે એ રીતે અરિહંતની ઓળખાણ વડે કે આગમના સમ્યક્ અભ્યાસ વડે જ્યારે સ્વસન્મુખજ્ઞાનથી આત્માના સ્વરૂપનો નિર્ણય કરે ત્યારે જ મોહનો નાશ થાય છે. એટલે બંને શૈલીમાં મોહના નાશનો મૂળ ઉપાય તો આ જ છે કે શુદ્ધ ચેતનાથી વ્યાપ્ત એવા દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ શુદ્ધ આત્મામાં સ્વસન્મુખ થવું. અહીં એકલા શાસ્ત્રના અભ્યાસની વાત નથી કરી, પણ 'ભાવશ્રુતના અવલંબનવડે દ્રઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ' કરવાનું કહ્યું છે. ભાવશ્રુત ત્યારે જ થાય કે જ્યારે દ્રવ્યશ્રુતના વાચ્યરૂપ શુદ્ધઆત્મા તરફ જ્ઞાનનો ઝુકાવ થાય.–**આવા પ્રકારના દ્રઢ અભ્યાસથી અવશ્ય સમ્યગ્દર્શન થાય છે. માટે હે જીવ! આવા સોનેરી અવસરમાં બીજું બધું ભૂલી જઈને સમ્યગ્દર્શન માટે કટિબદ્ધ થા.**

સમ્યક્ત્વસાધક સન્તોને નમસ્કાર હો.

'પ્રવચન મંડપ' ના એક ચિત્રમાં શાંતિનાથ ભગવાનના પૂર્વભવોના બે પ્રસંગોનું આલેખન છે. આજથી ૧૮ વર્ષ પહેલાં ( સં. ૨૦૦૫ માં ) જ્યારે છ બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી અને આત્મધર્મનો પહેલો બ્રહ્મચર્યઅંક પ્રગટ થયો ત્યારે તેમાં આપવા માટે એ બે પ્રસંગોની કથા તૈયાર કરી હતી, પણ પ્રસંગવશાત્ તે આજે આ ચોથા–બ્રહ્મચર્યઅંકમાં, નવ બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા પ્રસંગે પ્રગટ થાય છે. ( જુઓ પાછળ )

*

## શાંતિનાથ ભગવાનના પૂર્વભવોમાં-

# તત્ત્વજ્ઞાન અને બ્રહ્મચર્યની પરીક્ષા

卐

ભગવાન શ્રી શાંતિનાથ પ્રભુ પૂર્વે પાંચમા ભવમાં તેમજ ત્રીજા ભવમાં-બંને વખતે તીર્થંકરદેવના પુત્ર હતા; બંને વખતે સ્વર્ગમાં ઈંદ્રસભામાં ઇન્દ્રે તેમના ગુણોની પ્રશંસા કરી હતી અને દેવ-દેવી તેમની પરીક્ષા કરવા આવ્યા હતા. પાંચમા ભવમાં તેઓ ક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રયુધ્ધ હતા ત્યારે એક દેવ તેમના તત્ત્વજ્ઞાનની પરીક્ષા કરવા આવ્યો હતો અને ત્રીજા ભવમાં તેઓ ધનરથ તીર્થંકરના પુત્ર મેઘરથ હતા, ત્યારે બે દેવીઓ તેમના બ્રહ્મચર્યની પરીક્ષા કરવા આવી હતી. તે ધીર-વીર-ધર્માત્મા બંને વખતે પોતાના પવિત્ર ગુણોમાં નિષ્કંપ-અડોલ રહ્યા હતા. તેમનું ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન તથા ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય સૂચવનારા એ બે પ્રસંગો મુમુક્ષુ જીવોને જ્ઞાન અને વૈરાગ્યની દ્રઢતાના પ્રેરક છે ને આત્મસાધના માટે ઉત્સાહ પ્રેરે છે;-તેથી તે બે પ્રસંગોનું ટૂંક વર્ણન અહીં શાંતિનાથ-પુરાણમાંથી આપ્યું છે. ( સં. )


-૧-

### વજ્રયુધચક્રવર્તીના ભવમાં તત્ત્વજ્ઞાનની પરીક્ષા

જંબુદ્વીપમાં પૂર્વ વિદેહક્ષેત્રમાં મંગલાવતી નામે દેશ છે, તે દેશમાં ‘રત્નસંચયપુર’ નગર છે. તે રત્નસંચયપુર નગરમાં ધર્માત્માઓ વસે છે, અને અનેક જિનમંદિરો છે. તે નગર બહારમાં તો, જિનમંદિરોના શિખર ઉપર જડેલા રત્નોના પ્રકાશથી શોભી રહ્યું છે અને અંતરંગમાં, ધર્માત્માઓના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નોથી શોભી રહ્યું છે. તે સુશોભિત નગરીમાં મહા પુણ્યવંત, ધર્માત્મા **ક્ષેમંકર મહારાજ** રાજ્ય કરતા હતા; રાજા ક્ષેમંકર ધીર અને વીર હતા, ચરમશરીરી હતા, તીર્થંકર હતા, ને રાજ્યમાં ધર્મની મૂર્તિ સમાન શોભતા હતા. તેમને **કનકચિત્રા** નામની ગુણવંતી રાણી હતી.

શ્રી શાંતિનાથ ભગવાન, પૂર્વે પાંચમા ભવે આ ક્ષેમંકર મહારાજાને ત્યાં કનકચિત્રા રાણીની કૂંખે **‘વજ્રયુધ’** નામના પુત્ર તરીકે જન્મ્યા હતા. **શ્રી વજ્રયુધકુમાર** બુદ્ધિમાન અને મહા રૂપવાન્ હતા, જૈન સિદ્ધાંતના પારંગામી હતા, મતિ-શ્રુત-અવધિ એ ત્રણ

જ્ઞાનોથી શોભાયમાન હતા, ચતુર હતા, શ્રી જિનેન્દ્રદેવના ચરણકમળના ભક્ત હતા, જૈનધર્મની પ્રભાવના કરનારા હતા, અને બુદ્ધિમાનોથી પૂજ્ય હતા. વળી તે રાજકુમાર નિર્મળ સમ્યગ્દર્શનથી સુશોભિત હતા, સૂક્ષ્મદર્શી હતા અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ હતા. દેવો દ્વારા પણ ડગે નહિ એવા નિર્મળ તત્ત્વજ્ઞાનના ધારક હતા; તેઓ ધર્મધ્યાનમાં તત્પર રહેતા હતા.



કોઈ એક દિવસે ઈશાન નામના બીજા સ્વર્ગનો ઇન્દ્ર દેવોથી ભરેલી સભામાં ઇન્દ્ર સિંહાસન પણ બેસીને કહેવા લાગ્યો કે–"હે દેવો ! હું મધ્યલોકના એક ધર્માત્માની વાત કહું છું તે સાંભળો. આ વાત કાનોને સુખ દેનારી છે, ઉત્તમ છે; પુણ્યઉપાર્જન કરનારી છે, ગુણોની કારણ છે અને ધર્મયશથી ઉત્પન્ન થયેલી છે. જાુઓ ! પૂર્વ વિદેહક્ષેત્રના મંગલાવતી દેશના રત્નસંચયપુર નગરમાં, તીર્થંકર ભગવાન શ્રી ક્ષેમંકર મહારાજના પુત્ર વજ્રયુધકુમાર છે તે મહાન બુદ્ધિમાન છે, ગુણોના સાગર છે, તત્ત્વોના જાણનાર છે, ધર્માત્મા છે અને મતિ–શ્રુત–અવધિ એ જ્ઞાનોથી શોભાયમાન છે. તેઓ નિઃશંક્તિ વગેરે ગુણોથી શોભિત છે અને શંકા વગેરે દોષોથી રહિત છે; તેણે સમ્યગ્દર્શનની વિશુદ્ધતા પ્રાપ્ત કરી છે અને જિનપ્રણીત તત્ત્વાર્થ–શ્રદ્ધાનમાં તે અડગ છે" આ પ્રકારે ઇન્દ્રે વજ્રયુધકુમારની સ્તુતિ કરી.

ઇન્દ્રના મુખથી વજ્રયુધકુમારની એ પ્રકારની સ્તુતિ સાંભળીને **વિચિત્રશૂલ** નામના દેવના મનમાં શંકા ઉત્પન્ન થઈ, તેથી વજ્રયુધકુમારની પરીક્ષા કરવા માટે તે આ પૃથ્વી પર આવ્યો. તે દેવ પોતાનું રૂપ બદલાવીને વજ્રયુધકુમારની પાસે પહોંચ્યો અને તેમની પરીક્ષા કરવા માટે એકાંતવાદનો આશ્રય લઈને તે બુદ્ધિમાન પ્રત્યે કહેવા લાગ્યો કે હે કુમાર! આપ જીવ વગેરે પદાર્થોનો વિચાર કરવામાં ચતુર છો, તેથી તત્ત્વોના સ્વરૂપને સૂચિત કરનારા મારા વચનો ઉપર વિચાર કરો, ( એમ કહ્યા પછી નીચે પ્રમાણે પ્રશ્ન-ઉત્તર થાયા.- )

દેવે પૂછયું કે-શું આ જીવ ક્ષણિક છે? અથવા નિત્ય છે?

તેના ઉત્તરમાં વજ્રયુધકુમાર અનેકાંતસ્વભાવનો આશ્રય લઈને મીઠા અને શ્રેષ્ઠ શબ્દોમાં કહેવા લાગ્યા કે-હે દેવ! હું જીવાદિ પદાર્થોનું સ્વરૂપ પક્ષપાતરહિત કહું છું, તમે તમારા મનને સ્થિર કરીને સાંભળો. જીવાદિ સર્વે પદાર્થો સર્વથા ક્ષણિક નથી તેમજ સર્વથા નિત્ય પણ નથી; કેમ કે જો તેને સર્વથા ક્ષણિક માનવામાં આવે તો પુણ્ય-પાપનું ફળ બને નહિ, ચિંતા વગેરેથી ઉત્પન્ન થનારું કાર્ય થાય છે તે બની શકે નહિ, વિચારપૂર્વક કરાતાં ચોરી-વ્યાપાર વગેરે કાર્ય બને નહિ, જ્ઞાન-ચારિત્ર વગેરેનું અનુષ્ઠાન તથા તપશ્ચરણ વગેરે કાંઈ પણ બની શકે નહિ તથા ગુરુ દ્વારા શિષ્યને જ્ઞાનની પ્રાપ્તિ પણ બનશે નહિ, પૂર્વજન્મસંસ્કાર પણ રહેશે નહિ અને તે પ્રકારના પ્રત્યભિજ્ઞાન વગેરેનો પણ લોપ થશે.-માટે જીવને સર્વથા ક્ષણિકપણું તો નથી. અને જો જીવને સર્વથા નિત્ય માનવામાં આવે તો જ્ઞાન-ક્રોધાદિની વધ-ઘટ તથા કર્મના બંધ-મોક્ષ વગેરે કાંઈ નહિ બની શકે.- માટે જીવ સર્વથા નિત્ય પણ નથી. આ પ્રમાણે બુદ્ધિમાન પુરુષોએ સર્વપ્રકારના દોષો ટાળવા માટે પરીક્ષા કરીને, એકાંતવાદથી દૂષિત બધા મતોના પક્ષને દૂરથી જ છોડી દેવો જોઈએ. બુદ્ધિમાનોએ પરિક્ષાપૂર્વક અનેકાંતસ્વરૂપ જૈનધર્મનો જ પક્ષ સ્વીકાર કરવો જોઈએ, કેમ કે તે જ સત્ય છે, તે જ તત્ત્વોના યથાર્થ સ્વરૂપને સૂચિત કરનાર છે અને નયો દ્વારા વસ્તુસ્વરૂપનું કથન કરનાર છે. જીવ કથંચિત્ નિત્ય-અનિત્ય સ્વભાવવાળો છે; જીવાદિ પદાર્થો પોતાના દ્રવ્યસ્વભાવથી નિત્ય છે અને પર્યાયસ્વભાવથી અનિત્ય છે. એટલે દ્રવ્યાર્થિકનયથી જીવ નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી જીવ અનિત્ય છે.-આવો અનેકાંતસ્વભાવ છે. એકાંત ક્ષણિક કે એકાંત નિત્ય એવો વસ્તુસ્વભાવ નથી. વ્યવહારનયથી આ જીવ જન્મ-મરણ, બાલ-યુવાન-વૃદ્ધ આદિ અવસ્થાઓ સહિત છે, અને કર્મથી બંધાયેલો છે તથા કર્મથી મૂકાય છે,-એ બધી જાુદી જાુદી અવસ્થાઓ જીવનું અનિત્યપણું સૂચવે છે. તથા પરમાર્થનયથી જીવ સદા નિત્ય છે કેમ કે નિશ્ચયથી તે

જન્મ–મરણ, બાલ–યુવાન–વૃદ્ધ, બંધ–મોક્ષ–સંસાર વગેરે બધાથી રહિત છે, સર્વ અવસ્થાઓમાં પોતે એક સ્વરૂપે જ રહેનાર છે; આમ પદાર્થનું સ્વરૂપ નિત્ય–અનિત્યાત્મક સમજવું.–એ પ્રમાણે વજ્રયુધકુમારે ઉત્તર આપ્યો.

**દેવઃ**- શું જીવ કર્મોનો કર્તા છે? કે કોઈનો કર્તા નથી?

**વજ્રયુધઃ**- ત્યાગ કરવાયોગ્ય એવા ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાથી આ જીવને શરીર, કર્મ, ઘટ, પટ વગેરેનો કર્તા કહેવાય છે, એટલે ખરેખર તો જીવ તે શરીરાદિનો કર્તા છે જ નહીં. અશુદ્ધનિશ્ચયનયથી આ જીવ રાગાદિ ભાવોનો કર્તા છે,–એ પણ ત્યાગ કરવા યોગ્ય છે. અને શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તો જીવ કર્મનો કે રાગાદિ ભાવોનો કર્તા નથી. એ રીતે જીવનું કર્તાપણું તેમજ અકર્તાપણું સમજવું.

**દેવઃ**- શું આ જીવ કર્મના ફળનો ભોક્તા છે?–કે નથી?

**વજ્રયુધઃ**- વ્યવહારનયથી આ જીવ કર્મના ફળને ભોગવે છે પણ નિશ્ચયનયથી તે તેનો ભોક્તા નથી.

**દેવઃ**– જે જીવ કર્મ કરે છે તે જ તેના ફળનો ભોક્તા છે? કે કોઈ બીજો છે?

**વજ્રયુધઃ**- પર્યાય અપેક્ષાએ જોતાં જે પર્યાયમાં જીવ કર્મો કરે છે તે પર્યાયમાં તેના ફળને ભોગવતો નથી પણ બીજા પર્યાયમાં–બીજા જન્મમાં ભોગવે છે, એથી પર્યાયઅપેક્ષાએ જે કરે છે તે ભોગવતો નથી; પરંતુ નિશ્ચયનયથી–દ્રવ્યઅપેક્ષાએ જોતાં જે જીવ કર્મોને કરે છે તે જ તેના ફળને ભોગવે છે, અન્ય કોઈ ભોગવતું નથી.

**દેવઃ**- આ જીવ સર્વ વ્યાપક છે? કે તલનાં ઝીણાં ફોતરાંની માફક સૂક્ષ્મ છે?

**વજ્રયુધઃ**- નિશ્ચયથી આ જીવ સદાય અસંખ્યાત પ્રદેશી છે; કેવલિસમુદ્‌ઘાત વખતે તે જગતવ્યાપી થઈ જાય છે. પરંતુ સમુદ્‌ઘાતના વખત સિવાય આ જીવ, વ્યવહારનયથી જેવું નાનું–મોટું શરીર હોય તેવા આકારવાળો હોય છે; તેનું કારણ એ છે કે દીપકના પ્રકાશની જેમ જીવમાં સંકોચ–વિસ્તાર થવાની શક્તિ છે, તેથી તે શરીરના નાના–મોટા આકાર જેવડો થઈ જાય છે. મુક્તદશામાં પણ જીવ સર્વવ્યાપી નથી પરંતુ લગભગ છેલ્લા શરીરપ્રમાણ આકારવાળો હોય છે.

**દેવઃ**- આ જીવ જ્ઞાની છે કે જડ છે?

**વજ્રયુધઃ**- જીવ જ્ઞાનસ્વરૂપ છે, તેથી તે જાણે છે. શરીર જડ છે, તેનાથી જીવ

જુદો છે. જીવ જડ નથી. શુદ્ધ નિશ્ચયનયથી આ જીવ કેવળજ્ઞાન અને કેવળદર્શનથી અભિન્ન અર્થાત્ એકમેક છે, પરંતુ વ્યવહારનયથી તે મતિજ્ઞાની–શ્રુતજ્ઞાની વગેરે અવસ્થાવાળો છે.

–આ પ્રમાણે જીવનું નિત્યપણું–અનિત્યપણું, બંધ–મોક્ષ, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે બધું અનેક નયોથી ( અર્થાત્ અનેકાંત મતથી ) જ સિદ્ધ થાય છે, એકાંતનયથી ( –અર્થાત્ એકાંતવાદથી ) તો કર્તૃત્વ–ભોકતૃત્વ, બંધ–મોક્ષ આદિ બધા ધર્મો સર્વથા મિથ્યા ઠરે છે!

એ પ્રમાણે તે દેવે જે જે પ્રશ્નો પૂછયા તે સર્વેનું સમાધાન વજ્રયુધકુમારે ઘણી ગંભીરતા અને દ્રઢતાથી યુક્તિપૂર્વક કર્યું. તેમની તત્ત્વાર્થશ્રદ્ધાન્‌ની દ્રઢતા જોઈને અને તત્ત્વોના સ્વરૂપથી ભરેલા અમૃતસમાન તેમનાં વચનો સાંભળીને તે દેવ એટલો બધો સંતુષ્ટ અને પ્રસન્ન થયો–જાણે કે તેને મોક્ષપદ મળી ગયું હોય!

ત્યારબાદ તે દેવે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું અને સ્વર્ગમાં ઇન્દ્રે તેમની જે પ્રશંસા કરી હતી તે કહી સંભળાવી. વળી તે દેવે દિવ્ય વસ્ત્ર વગેરે પહેરાવીને મહાભક્તિથી વજ્રયુધકુમારનું બહુમાન કર્યું, વારંવાર તેમની પ્રશંસા કરી, અને પછી નમસ્કાર કરીને પોતાના સ્વર્ગમાં ચાલ્યો ગયો.

અહો, જગતમાં તે ધર્માત્મા પુરુષ ધન્ય છે કે જે સમ્યગ્દર્શનરૂપી નિર્મળ રત્નથી સુશોભિત છે, ઇન્દ્ર પણ જેની સ્તુતિ કરે છે અને દેવો આવીને જેની પરીક્ષા કરે છે છતાં જેઓ તત્ત્વશ્રદ્ધાનમાં રંચમાત્ર ડગતા નથી. એવા ધર્માત્માઓના સમ્યગ્દર્શનાદિ ગુણો જોઈને જિજ્ઞાસુઓનું હૃદય તેમના પ્રત્યે પ્રમોદથી ઉલ્લસ્યા વગર રહેતું નથી. શ્રી વજ્રયુધકુમારનું નિર્મળ તત્ત્વાર્થશ્રદ્ધાન્ દરેક જિજ્ઞાસુ જીવોને અનુકરણીય છે.

* * *

ઉપરના પ્રસંગ પછી અમુક વખત બાદ, વજ્રયુધકુમારના પિતા ( –શ્રી ક્ષેમંકર તીર્થંકર ) ને વૈરાગ્ય થતાં દેવો તેમનો દીક્ષાકલ્યાણક મહોત્સવ કરવા આવ્યા. ક્ષેમંકર મહારાજા વજ્રયુધકુમારનો રાજ્યાભિષેક કરીને પોતે દીક્ષા લેવાને વનમાં ગયા. વનમાં જઈને, સિદ્ધપદ પ્રાપ્ત કરવા માટે સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા. અને પછી કેશલોચ કરીને સર્વ પરિગ્રહ ત્યાગીને અત્યંત વિરક્ત ભાવથી ભગવતી દીક્ષા ધારણ કરી. આત્મધ્યાનમાં લીનતા વડે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અને સમવસરણમાં દિવ્યધ્વનિવડે ભવ્ય જીવોને ધર્મોપદેશ દેવા લાગ્યા.

આ બાજુ શ્રી વજ્રયુધકુમાર રાજ્ય કરતા હતા, તેમની આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થયું અને છએ ખંડ ઉપર વિજય મેળવીને તેમણે ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું.

તેમને કનકશાંતિ નામના ચરમશરીરી પૌત્ર હતા. એક વખત તે કનકશાંતિ પોતાની સ્ત્રીઓ સાથે વનમાં ગયા હતા. જેમ માટી ખોદતાં નિધિ નીકળી પડે તેમ જંગલમાં તેઓને વિમલપ્રભ નામના મુનિનાં દર્શન થયા. તે મુનિરાજ અદ્‌ભુત જ્ઞાનપ્રભાના ધારક હતા. તેમની પાસેથી પરમ હિતકર વૈરાગ્યમય ધર્મોપદેશ સાંભળતાં તે કનકપ્રભ વૈરાગ્ય પામ્યા અને તે મુનિરાજ પાસે દીક્ષા ધારણ કરી લીધી.

કનકશાંતિએ દીક્ષા ધારણ કરતાં, વિવેકરૂપી નેત્રોને ધારણ કરનારી તેમની રાણીઓએ પણ શરીર, ભોગ અને સંસારથી વૈરાગ્ય ધારણ કરીને વિમલમતિ નામના ગણિની ( –આર્જિકા માતા ) પાસે દીક્ષા ધારણ કરી લીધી.

કનકશાંતિ મહારાજ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામ્યા. પોતાના પૌત્રને કેવળજ્ઞાન થવાના સમાચાર સાંભળતાં જ વજ્રયુધ ચક્રવર્તીએ ‘આનંદ’ નામના ગંભીર વાજાં વગડાવ્યાં અને પોતે તેમનું વંદન–પૂજન કરવા માટે ગયા. ત્યાં તેમની સ્તુતિ કરીને ધર્મશ્રવણ કરવા માટે તેમના ચરણ–સમીપ બેઠા. કેવળી ભગવાને દિવ્યધ્વનિ દ્વારા ધર્મનું સ્વરૂપ કહ્યું: આ સંસાર અનંત છે, અજ્ઞાની જીવો તેનો પાર પામી શક્તા નથી. સંસાર અનાદિ હોવા છતાં ભવ્ય જીવો સમ્યગ્દર્શન વડે તેનો પાર પામી જાય છે. રત્નત્રયથી ભરેલી ધર્મનૌકામાં જેઓ નથી બેસતા તેઓ અનંત વાર સંસાર–સમુદ્રમાં ડુબે અને ઊછળે છે. તેથી અવશ્ય ધર્મનું સેવન કરવું જોઈએ. ધર્મ જ બંધુ છે, ધર્મ જ પરમ મિત્ર છે, ધર્મ જ સ્વામી છે, ધર્મ જ પિતા છે, ધર્મ જ માતા છે, ધર્મ જ હિતકારક છે. ધર્મ જન્મ–જરા–મૃત્યુથી બચાવનાર શરણભૂત છે, ધર્મ જ મુક્તિદાતાર છે.

એ પ્રમાણે કેવળી ભગવાનનો ઉપદેશ સાંભળીને ધર્માત્મા વજ્રયુધ ચક્રવર્તીનું ચિત્ત ભવ–તન–ભોગથી વિરક્ત થયું. અને ચિંતવવા લાગ્યા કે અહો, આ સંસારમાં ભોગોની લંપટતા મહા વિચિત્ર છે! આશ્ચર્ય છે કે આ મારા પૌત્ર છે છતાં તેણે આજે પોતાના આત્મબળથી બાલકપણામાં જ કેવળજ્ઞાન સંપદા પ્રાપ્ત કરી લીધી છે, તેથી સંસારમાં તેમનો આત્મા ધન્ય છે!–ઇત્યાદિ વિચારથી તેમનો વૈરાગ્ય બમણો વધી ગયો. અને ભગવાનને નમસ્કાર કરીને ઘેર આવ્યા.

સમસ્ત સંસારથી વિરક્ત થયેલા તે બુદ્ધિમાન વજ્રયુધે ઘેર જતાં જ પોતાના

પુત્ર સહસ્રાયુધને રાજ્ય સોંપી દીધું અને પોતે પોતાના પિતા શ્રી ક્ષેમંકર તીર્થંકરના સમવસરણમાં જઈને ભગવતી જિનદીક્ષા ધારણ કરી લીધી. અને સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રની પવિત્ર આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને અહમીન્દ્ર થયા.

**( અહમીન્દ્ર થયેલ શાંતિનાથ ભગવાનનો જીવ ત્યાંથી ચવીને ધનરથ તીર્થંકરના મેઘરથ નામના પુત્ર તરીકે અવતરશે ને તે વખતે દેવી દ્વારા તેમના બ્રહ્મચર્યની પરીક્ષા થશે-તે પ્રસંગનું વર્ણન હવે આવશે. )**

( ૨ )

## શાંતિનાથપ્રભુના મેઘરથના ભવમાં બ્રહ્મચર્યની પરીક્ષા

આપણે રહીએ છીએ તે આ જંબુદ્વીપ, તેના પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી દેશ, તેમાં ધર્મની જાહોજલાલીથી શોભતી પુંડરીકિણી નગરી ( એટલે કે વિદ્યમાન સીમંધર ભગવાનની જન્મનગરી ), તે નગરીમાં અસંખ્યવર્ષો પહેલાં મહારાજ ધનરથ–તીર્થંકર રાજ્ય કરતા હતા. તેમને મનોહરા રાણી હતી. અહમીન્દ્ર થયેલ આપણા ચરિત્રનાયક ભગવાન શાંતિનાથ, તે અહમીન્દ્રપર્યાય છોડીને આ મનોહરા માતાની કુંખે મેઘરથકુમાર તરીકે અવતર્યા. મેઘરથકુમાર જન્મથી જ મતિ–શ્રુતજ્ઞાન ઉપરાંત અનુગામી અવધિજ્ઞાન સાથે જ લાવ્યા હતા.

એકવાર રાજસભામાં લડી રહેલા બે કૂકડાના પૂર્વભવોનું તેમણે વર્ણન કર્યું. બંને કૂકડા પૂર્વભવ સાંભળીને વૈરાગ્ય પામ્યા ને મરીને દેવ થયા. દેવ થઈને તેઓએ મેઘરથકુમારનો ઉપકાર માન્યો કે અરે અમે નિર્દય માંસભક્ષી હિંસક પ્રાણી હતા તેમાંથી અમને અહિંસામય જૈનધર્મનો ઉપદેશ આપીને મેઘરથકુમારે અમારો ઉદ્ધાર કર્યો. આમ કહીને બહુમાનપૂર્વક દેવવિમાનમાં બેસાડીને તેમને માનુષોત્તર સુધીના અઢીદ્વીપની યાત્રા કરાવી. મેઘરથકુમારે અઢીદ્વીપના શાશ્વત જિનાલયોના દર્શન કર્યા. તથા અનેક તીર્થંકરો ને મુનિવરોના શાશ્વત દર્શન–પૂજન કર્યા.

યોગ્ય સમયે ધનરથ તીર્થંકરને વૈરાગ્ય થતાં, મેઘરથનો રાજ્યાભિષેક કરીને તેઓએ સંયમ ધારણ કર્યો. રાજા મેઘરથ અનેક ગુણોસહિત સારભૂત સમ્યક્ત્વનું પાલન કરતા હતા; જોકે તેઓ ત્રણ જ્ઞાનસહિત હતા તોપણ પોતાના જ્ઞાન–વૈરાગ્યની પુષ્ટિ માટે મોક્ષમાર્ગના ઉપદેશક એવા જિનશાસ્ત્રોની તેઓ સ્વાધ્યાય કરતા હતા. તેઓ સમ્યક્ત્વ સહિત બારવ્રત પાળતા હતા અને પર્વના દિવસે સમસ્ત ગૃહકાર્ય છોડીને પ્રૌષધ–ઉપવાસ કરતા હતા. ભક્તિપૂર્વક દેવશાસ્ત્રગુરુની પૂજા કરતા હતા ને મોટા મોટા

ધર્માત્માઓનું બહુમાન કરતા હતા. આ પ્રમાણે મોક્ષપ્રાપ્તિ અર્થે તેઓ સદા જિનધર્મનું પાલન કરતા હતા.

સૌધર્મસ્વર્ગમાં એકવાર તેમની દાનશીલતાની પ્રશંસા સાંભળીને દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો હતો. હિંસાનું પોષક દાન ન કરવું તથા યોગ્ય પાત્રને યોગ્ય વસ્તુનું દાન કરવું–ઇત્યાદિ વિવેકબુદ્ધિ દેખીને તે દેવે મેઘરથની સ્તુતિ કરી.

આત્મસાધનામાં ને જિનેન્દ્રભક્તિમાં તત્પર રહેનારા તે મહારાજા મેઘરથ દાન–પૂજન તેમજ પર્વના દિવસોમાં પ્રૌષધોપવાસ વગેરે અનેક પ્રકારે ધર્મસાધન કરતા હતા. એકવાર નંદીશ્વર–અષ્ટાહ્નિકાના પર્વમાં જિનબિંબોની મહાપૂજા કરીને તેમણે પ્રૌષધઉપવાસ કર્યો. અને રાત્રે એકાન્ત ઉદ્યાનમાં તે ધીર–વીર ધર્માત્મા એકાગ્રચિત્તથી ધ્યાનમાં ઊભા; સિદ્ધોનાં ગુણોના સ્મરણપૂર્વક પ્રતિમાયોગ ધારણ કરીને મેરુસમાન અચલપણે આત્મધ્યાનમાં સ્થિર થયા. અહો, શુદ્ધ ચૈતન્યના ધ્યાનમાં તત્પર એવા તે ધર્માત્મામેઘરથ, મુનિરાજ સમાન શોભતા હતા. એવામાં ઇન્દ્રસભામાં એક વિશેષ ઘટના બની. શું બન્યું ?


આ તરફ મેઘરથ તો આત્મચિંતનમાં મગ્ન છે. સંસારમાં શું બની રહ્યું છે તેનાથી ઉદાસ થઈને ચિત્તને નિજસ્વરૂપમાં જોડયું છે. એ વખતે ઈશાનસ્વર્ગમાં દેવોની સભામાં બિરાજમાન ઇન્દ્રે, ધ્યાનમાં બિરાજમાન ધીર–વીર મેઘરથ મહારાજાને દેખીને આશ્ચર્યથી તેમની પ્રશંસા કરી. ઇન્દ્રે કહ્યું કે અહો, આપ ધન્ય છો ! આપ સમ્યક્ત્વાદિ ગુણોના સાગર છો, આપ જ્ઞાની છો, વિદ્વાન છો, ધૈર્યવાન છો; આત્મચિન્તનમાં તત્પર એવા આપને દેખીને આશ્ચર્ય થાય છે. આપ દ્રઢ શીલવાન છો...મેરુસમાન આચલ છો.–એમ અનેકપ્રકારે ઇન્દ્રે સ્તુતિ તથા પ્રશંસા કરી.

ઇન્દ્રમહારાજને આ પ્રમાણે સ્તુતિ કરતા દેખીને દેવોએ પૂછયું કે હે નાથ ! અત્યારે આપ ક્યા સજ્જનની આ સ્તુતિ કરી રહ્યા છો ? એવા તે કોણ મહાત્મા છે કે ઇન્દ્રસભામાં જેની સ્તુતિ થાય ?

ત્યારે ઇન્દ્રે કહ્યું–હે દેવો ! સાંભળો,. સ્તુતિ કરવાયોગ્ય જે મહાત્માની મેં સ્તુતિ કરી છે તેમની ઉત્તમ કથા હું કહું છું. મધ્યલોકમાં વિદેહક્ષેત્રમાં મેઘરથરાજા શુદ્ધસમ્યગ્દ્રષ્ટિ છે, તેઓ મહાગંભીર છે, રાજાઓના શિરોમણિ છે, ત્રણ જ્ઞાનના ધારણ છે, તેઓ એક ભવ પછી ભરતક્ષેત્રમાં શાંતિનાથ તીર્થંકર થનાર છે. અને અત્યારે પ્રતિમાયોગ ધારણ કરીને આત્મધ્યાનમાં લાગેલા છે, તેમણે શરીરનું પણ મમત્વ છોડી દીધું છે, ને

મહાન ત્યાગી થઈને શીલરૂપી આભૂષણથી શોભી રહ્યા છે.–તેમના ગુણોથી પ્રભાવિત થઈને મેં અત્યારે તેમની સ્તુતિ કરી છે.

ઇન્દ્રની આ વાત સાંભળીને બીજા દેવો તો પ્રસન્ન થયા, પરંતુ અતિરૂપા અને સુરૂપા નામની બે દેવીઓ તેમની પરીક્ષા કરવા માટે પૃથ્વીપર આવી.



એ વખતે મહારાજા મેઘરથ શરીરનું મમત્વ છોડીને ક્રોધાદિ કષાયોથી રહિત સમતાભાવપૂર્વક ધ્યાનમાં બિરાજમાન હતા. તેઓ ક્ષમાવાન, અત્યંત ધીર–વીર, ને સમસ્ત વિકારોથી રહિત હતા; સમુદ્ર જેવા ગંભીર ને પર્વત જેવા અડોલ હતા. એકાંતમાં અત્યંત નિસ્પૃહ થઈને શાંત પરિણામપૂર્વક આત્મધ્યાનમાં લાગેલા હતા. આત્મા સિવાય બીજી બધી ચિંતાઓથી રહિત હતા, અને નિર્ભયપણે કાયોત્સર્ગમાં શોભી રહ્યા હતા.

આવા ગુણોના ધારક મહારાજ મેઘરથ, જાણે કે ઉપસર્ગને લીધે વસ્ત્રોથી ઢંકાયેલા કોઈ મુનિરાજ હોય–એવા લાગતા હતા. સ્વર્ગમાંથી આવેલી બંને દેવીઓએ તેમને દેખ્યા; અને પછી તે દેવીઓએ અત્યંત ધીર એવા તે મેઘરથ ઉપર ભારે મોટો ઉપસર્ગ શરૂ કર્યા.–એવો ભારે ઉપસર્ગ કર્યો કે કાયરનું તો દિલ કંપી ઊઠે. એમના ધ્યાનમાં ક્ષોભ ઉત્પન્ન કરવા માટે તે દેવીઓ અનેક પ્રકારે મનોહર હાવભાવ વિલાસ, ગીત–નૃત્ય કરવા લાગી, રાગવર્ધક કામચેષ્ટા કરવા લાગી, આલિંગન વગેરે દ્વારા એમને

ચલિત કરવાનો પ્રયત્ન કર્યો; વીણાવાદનથી અને પ્રીતિભરેલા મધુર વચનાલાપથી તેમને રીઝવવા પ્રયત્ન કર્યો.....પણ મેઘરથરાજા તો ન ડગ્યા તે ન જ ડગ્યા. પોતાના આત્મચિંતનથી જરાપણ ચલિત ન થયા. છેવટે દેવીઓએ તેમને ડગાવવા ને ભયભીત કરવા માટે અનેક પ્રકારના તીરસ્કાર ભરેલાં ભયંકર વચનો કહ્યા ને કાયરને ભય ઉપજાવનારી બિહામણી ચેષ્ટાઓ કરી; તેમને ધ્યાનથી ડગાવવા માટે દેવીઓએ ઘોર ઉપસર્ગો કર્યા.....

પરંતુ મુનિ જેવા મેઘરથ રાજાએ તો તીવ્ર વૈરાગ્યમય સંવેગરૂપી બખ્તર ધારણ કરીને પોતાનું મન જિનેન્દ્રદેવના ચરણકમળમાં જ નિશ્ચલપણે જોડયું હતું.....ભગવાને કહેલા શુદ્ધાત્મસ્વરૂપને જ તેઓ ભાવી રહ્યા હતા...આવી ભાવનામાં તત્પર ધર્માત્માને બહારના ઉપદ્રવો શું કરી શકે? અત્યંત ધીર અને વીર એવા તે મહારાજા મેઘરથે મેરુપર્વત સમાન અત્યંત નિશ્ચલ રહીને, તે દેવીઓ દ્વારા કરાયેલા તીવ્ર ઘોર ને રૌદ્ર ઉપસર્ગોને જીતી લીધા.....જેમ વીજળીના કડાકા પણ મેરુને હલાવી શકતા નથી તેમ તે દેવીઓ રાગચેષ્ટા વડે પણ મેઘરથરાજાના મનરૂપી મેરુપર્વતને ડગાવી ન શકી.....સિંહ જેવા વીર મેઘરથે આત્મભાવનાના બળવડે બધા ઉપસર્ગો સહી લીધા..... દેવીઓનો બધો પરિશ્રમ વ્યર્થ ગયો. અંતે બંને દેવીઓને ખાતરી થઈ કે આ મેઘરથરાજાની જે પ્રશંસા ઇન્દ્રે કરી હતી તે યથાર્થ છે. તેમનું મન નિશ્ચલ છે, આત્મભાવનામાં તેઓ અડોલ છે, અને તેમનું શીલ-બ્રહ્મચર્ય દેવીઓથી પણ ડગી શકે તેવું નથી.-આમ તેમના ગુણો દેખીને બંને દેવીઓ અત્યંત પ્રસન્ન થઈ, અને બહુમાનપૂર્વક તેમનું વંદનપૂજન કરીને પોતાના દેવલોકમાં ચાલી ગઈ. રાત્રિ વ્યતીત થતાં મહારાજા મેઘરથે નિર્વિઘ્નપણે પોતાનો કાયોત્સર્ગ પૂર્ણ કર્યો.

**અહા, ધન્ય છે આવા ધર્માત્માઓને,...કે દેવો દ્વારા પણ જેમનું મન ડગતું નથી...જેમનું જ્ઞાન અને શીલ અતિ પ્રશંસનીય છે...આત્મચિંતનમાં જેઓ સદા તત્પર છે.**

( ત્યારબાદ મેઘરથ એકવાર પોતાના પિતા ધનરથતીર્થંકરની વંદના કરવા ગયા અને ત્યાં પ્રભુના શ્રીમુખથી ધર્મોપદેશ સાંભળી સંસાર-ભોગોથી વિરક્ત થયા, ને પોતાના ભાઈ દ્રઢરથ તેમજ બીજા સાત હજાર રાજાઓ સહિત જિનદીક્ષા અંગીકાર કરી.....દર્શનવિશુદ્ધિઆદિ સોળ ઉત્તમ ભાવનાઓ વડે તીર્થંકર-નામકર્મ બાંધ્યું.....ને ત્રીજાભવે ભરતક્ષેત્રના હસ્તિનાપુરમાં સોળમા શાંતિનાથ તીર્થંકરપણે અવતર્યા....તે શાંતિદાતાર શ્રીશાંતિનાથજિનેન્દ્રને નમસ્કાર હો. )

卐

# એકત્વ ભાવના

૧. જે સ્વાનુભૂતિથી જ જણાય છે અને વાણી તથા મનથી અગોચર છે તથા આત્માના અનુભવી પુરુષોને જે રમ્ય છે એવી પરમજ્યોતિનું હું વર્ણન કરું છું.

૨. જે કોઈ જીવ, એકત્વસ્વરૂપને પ્રાપ્ત એવા આત્મતત્ત્વને જાણે છે, તેની અન્ય જીવો આરાધના કરે છે, પરંતુ તે જીવને આરાધ્ય કોઈ નથી. ( પોતે જ પોતાનો આરાધ્ય છે. )

૩. જેમ ઉત્તમ નૌકામાં બેઠેલો ધૈર્યવાન અને બુદ્ધિમાનપુરુષ સમુદ્રના પાણીથી ભય પામતો નથી તેમ આત્માના એકત્વસ્વરૂપને જાણનારા યોગીઓ ઘણા કર્મોથી પણ જરાય ભય પામતા નથી.

૪. ચૈતન્યના એકત્વની અનુભૂતિ દુર્લભ છે અને તે એકત્વની અનુભૂતિ જ મોક્ષની દાતાર છે; તેથી કોઈ પણ પ્રકારે ચૈતન્યના એકત્વની અનુભૂતિ પામીને તેનું વારંવાર ચિંતન કરવું જોઈએ.

૫. મોક્ષ એ જ સાક્ષાત્ સુખ છે અને મુમુક્ષુ જીવોને તે જ સાધ્ય છે. અહીં સંસારમાં જે છે તે સાચું સુખ નથી–પણ દુઃખ છે.

૬. ખરેખર આ સંસારસંબંધી કાંઈ પણ અમને પ્રિય નથી; અમને તો શ્રીગુરુના ઉપદેશથી એક મોક્ષપદ જ પ્રિય છે.

૭. આ સંસારમાં સ્વર્ગસુખ પણ મોહના ઉદયરૂપી ઝેરથી ભરેલું અને નાશવાન છે, તોપછી સ્વર્ગ સિવાયના બીજા સુખોની તો શું વાત કરવી ? એવા સંસારસુખોથી અમને બસ થાવ.–હવે અમારે એવા સંસારસુખ જોઈતા નથી.

૮. જે મુનિવર આ ભવમાં શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માને સદા લક્ષ્ય કરીને રહે છે, તે શ્રેષ્ઠ બુદ્ધિમાન મુનિવર અન્ય ભવમાં પણ એ જ રીતે આત્માને લક્ષ્ય કરીને રહે છે.

૯. પોતાના એકત્વસ્વરૂપમાં સ્થિર થઈને જે મુનિશ્વરોએ વીતરાગમાર્ગમાં પ્રસ્થાન કર્યું છે તેમને મુક્તિસુખની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર ત્રણ જગતમાં કોણ છે ?

૧૦. આ પ્રમાણે આ ભાવનાપદોને એટલે કે તેમાં દર્શાવેલા એકત્વસ્વરૂપને એકાગ્રચિત્તથી જે સદાય ભાવે છે તે જીવ મોક્ષલક્ષ્મીના કટાક્ષરૂપ જે ભ્રમરસમૂહ, તેને માટે 'પદ્મ' સમાન થાય છે.

૧૧. આ મનુષ્યભવનું ફળ ધર્મ છે; જો મારો તે ધર્મ નિર્મળપણે વિદ્યમાન છે તો આપત્તિની પણ શું ચિંતા છે? ને મૃત્યુનો પણ શું ભય છે?

આ એકત્વભાવનાદ્વારા મુમુક્ષુ જીવો પોતાના એકત્વસ્વરૂપને પ્રાપ્ત કરો. આ ભાવના એક શાસ્ત્રમાં છે, અને તે મૂળ સૂત્રોસહિત 'આત્મધર્મ' માં એકવાર આવી ગયેલ છે. જરા ધ્યાનપૂર્વક વાંચશો તો આપને પણ ખ્યાલમાં આવી જશે કે તે કોની બનાવેલી છે.

卐

# શ્રી જૈન અતિથિ સેવા સમિતિ-સોનગઢ

## વાર્ષિક મીટીંગ

શ્રી જૈન અતિથિ સેવા સમિતિની વાર્ષિક મીટીંગ ભાદરવા સુદ ૧ ને તા. ૫-૯-૬૭ ના રોજ સાંજે ૪-૦ વાગ્યે પ્રવચન-મંડપમાં રાખવામાં આવી છે. સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

લિ.

હેડ, **શ્રી જૈન અતિથિ સેવા સમિતિ-સોનગઢ**

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢ

## વાર્ષિક મીટીંગ

આપણા ટ્રસ્ટની વાર્ષિક મીટીંગ ભાદરવા સુદ ૨ ને તા. ૬-૯-૬૭ ના રોજ સાંજે ૪-૦ વાગ્યે ટ્રસ્ટની ઓફિસમાં મળશે તો દરેક ટ્રસ્ટીઓને સમયસર હાજર રહેવા વિનંતી છે.

લિ.

ફોનઃ ૩૪ **પ્રમુખ, દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ**

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

**૧૮ વર્ષ પહેલાં છ કુમારિકા બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા પ્રસંગે જે બ્રહ્મચર્યઅંક પ્રગટ થયો તેમાં તત્કાલીન સંપાદક મુરબ્બી શ્રી રામજીભાઈ એ જે સંપાદકીય લેખ લખેલ તે આ પ્રસંગે ઉપયોગી હોવાથી ફરીને આ અંકમાં પણ આપીએ છીએ. ( સં. )**

પરમ પૂજ્ય સદ્ગુરુદેવના સત્સંગનો લાભ લેવાના હેતુથી સોનગઢમાં આવીને રહેલા કુમારિકા બહેનોએ પૂ. સદ્ગુરુદેવશ્રી સમીપે આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી છે; તે માટે તે બહેનોને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. સોનગઢમાં રહીને તે બહેનો લાંબા વખતથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે અને નિરંતર પૂજ્યપાદ સદ્ગુરુદેવશ્રીના વ્યાખ્યાનોનો તેમ જ ભગવતી બહેનો–શ્રી ચંપાબહેન અને શાંતાબહેનના સમાગમનો લાભ લઈ રહ્યાં છે. લાંબા વખતના તત્ત્વજ્ઞાનના અભ્યાસપૂર્વક એક સાથે કુમારિકા બહેનોના જીવનભર બ્રહ્મચારી રહેવાનો આવો બનાવ જૈન જગતમાં લાંબા કાળથી બન્યાનું જોવામાં આવતું નથી, તેથી તે જેટલો પ્રશંસનીય છે તેટલો જ વિરલ છે. તે બહેનોનો હેતુ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આગળ વૃદ્ધિ કરવાનો છે, તે ભાવના તેમના બ્રહ્મચર્યને વિશેષ દેદીપ્યમાન બનાવે છે.

( ૨ ) હાલ સમાજમાં અને જૈન ફીરકાઓમાં કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય ગ્રહણ કર્યાના બનાવો ક્યારેક ક્યારેક જોવામાં આવે છે, પણ તેની પાછળ લૌકિક સેવાનો હેતુ હોય છે અગર તો ક્ષણિક વૈરાગ્ય કે સાંપ્રદાયિક હેતુ વગેરે હોય છે, પણ જેની પાછળ પરમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના લાંબા વખતના અભ્યાસનું બળ હોય અને જેની સાથે તે જ પ્રકારના તત્ત્વજ્ઞાનને વિશેષ વિસ્તૃત કરવાની ભાવના હોય–એવો બનાવ હાલમાં જોવામાં આવતો નથી. જ્યારે આ પુણ્યભૂમિમાં તીર્થંકર ભગવંતો વિચરતા હતા અને તેમના

દિવ્યધ્વનિવડે આ દેશમાં ધીકતી ધર્મપેઢી ચાલતી હતી, તેમ જ જ્યારે આત્મજ્ઞાની સંત–મુનિવરોનાં ટોળાં જ્યાં જોઈએ ત્યાં દેખવામાં આવતા અને તેમની પાસેથી પરમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનનો લાભ જગતના જીવોને મળતો ત્યારે તો આવા પ્રકારના બ્રહ્મચર્યાદિના અનેક બનાવો બનતા, પરંતુ અત્યારે તો લોકોની વૃત્તિ ઘણી જ બાહ્ય થઈ ગઈ છે, ધર્મના નામે પણ બાહ્ય વૃત્તિઓ પોષાઈ રહી છે, જૈનધર્મના નામે પ્રાયઃ અજૈનત્વનો ઉપદેશ જોરશોરથી ચાલી રહ્યો છે અને એ રીતે વર્તમાનમાં જે મોક્ષમાર્ગ બહુ સુષુપ્ત અને બહુ લુપ્ત અવસ્થામાં પડયો છે તેને સર્વથા લુપ્ત કરી દેવાના પ્રયત્નો જૈનધર્મના નામે ચાલી રહ્યા છે.

( ૩ ) પરંતુ એવા આ કાળે પણ ભવ્ય જીવોના મહાભાગ્ય બાકી છે અને પવિત્ર જૈન શાસનનું પરમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન આ પંચમકાળના છેડા સુધી રહેવાનું છે તેથી, પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું મહાન્ પ્રભાવના યોગ સહિત આ કાળે પ્રાગટય થયું છે અને નિરંતર તેમના પરમ તત્ત્વજ્ઞાનના ઉપદેશનો લાભ હજારો મુમુક્ષુઓ લઈ રહ્યા છે. જ્યારે ચારે તરફ ગૃહીત મિથ્યાત્વના પોષણની પેઢીઓ ચાલી રહી છે ત્યારે આ પરમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની ધીક્તી પેઢી શરૂ થઈ છે અને ખૂબ પ્રફુલ્લિત થઈ છે ને થતી જાય છે; તેનાં અનેક સુશોભિત, મીઠાં–મધુર અને સુખમય ફળો આવ્યા છે; અને તેમાંનું એક સુશોભિત–મીઠું–મધુરું અને સુખમય ફળ આ બહેનોના બ્રહ્મચર્ય લેવાનો બનાવ છે.

( ૪ ) કુમાર ભાઈઓ બ્રહ્મચર્ય ધારણ કરે તેના કરતાં કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય ધારણ કરવું તે વિશેષ કઠિન કાર્ય છે, ને તેમાં વિશેષ પુરુષાર્થની જરૂર છે. છતાં તેવી હિંમત સત્સમાગમે તત્ત્વજ્ઞાનના અભ્યાસપૂર્વક બહેનોએ પ્રગટ કરી છે અને તે પણ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આગળ વધવા માટે છે. આ કાર્ય એવું સુંદર છે કે તે પ્રત્યે સહૃદય માણસોને પ્રશંસાભાવ આવ્યા વગર રહે નહિ.

( ૫ ) બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેનારી બહેનો સારી રીતે સમજે છે કે આ બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા તે શુભભાવ છે, તે ધર્મ નથી; પણ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા અને ધર્મમાં પ્રવેશ કરનારા મુમુક્ષુ જીવોને અશુભ ભાવ ટળીને આવા પ્રકારના શુભભાવ આવ્યા વગર રહેતા નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એ શુભભાવનું કાર્યક્ષેત્ર કેટલું છે તે તેઓ જાણે છે. વળી તેઓ સમજે છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા જ મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગ હોતો નથી; તેથી તે માટેના પુરુષાર્થની જ તેમની ભાવના છે, તેમની એ ભાવના સફળ થાઓ અને તેઓ આત્માની સંપૂર્ણ શુદ્ધતાને અલ્પકાળમાં પામો એવી મારી પ્રાર્થના છે.

( ૬ ) હવે, આ પ્રસંગે તે બહેનોને ઉદ્દેશીને થોડા શબ્દો કહેવાની જરૂર છે–જાુઓ, બહેનો! તમે લાંબા કાળથી સત્પુરુષોના સમાગમમાં રહો છો, નિરંતર તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો છો અને તે તત્ત્વજ્ઞાનમાં આગળ વધવા માગો છો, તમારી તે ભાવના સુંદર છે; તે કાર્યમાં તમે ખંતપૂર્વક હોંશ અને ઉત્સાહથી આગળ વધજો, પરમ સત્યધર્મ પ્રત્યેના તમારા પુરુષાર્થને દિન–પ્રતિદિન આગળ વધારજો. સતી ચંદના, સીતા, અંજના, દ્રૌપદી વગેરે ધર્માત્માઓના જીવનના અનેક પ્રસંગો અને તે તે સંયોગોમાં તેમની ધર્મદ્રઢતાને સર્વ પ્રસંગે હૃદયમાં રાખજો. તમે ગમે તેવા સંજોગોમાં મુકાઓ તો પણ ત્યારે તમારા તત્ત્વજ્ઞાન અને બ્રહ્મચર્યને તમે દીપાવજો, અને ધર્મની શોભા તથા પ્રભાવના વધે તેવા પવિત્ર કાર્ય કરજો. તમે પણ એવા જ મનોરથો સેવો છો; તમારા તે મનોરથો સફળ થાઓ–એવા મારા તમને આશીર્વાદ છે.

શ્રી જિનશાસનમાં આવા અનેક કુમાર ભાઈઓ ને કુમારિકા બેનો થાઓ, સત્ ધર્મના પંથે ચડો, તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યમાં આગળ વધી ધર્મની પ્રભાવના વધારો અને પોતાના આત્માનું કલ્યાણ કરો,–એવી ભાવના સાથે વિરમું છું

* * *

---

## શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ-સોનગઢ
## વાર્ષિક મીટીંગ

આપણા મહામંડળની વાર્ષિક મીટીંગ શ્રી પ્રવચન મંડપમાં અત્રે રાખવામાં આવી છે તો દરેક સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**સામાન્ય સભા**– ભાદરવા સુદ ૨, તા. ૬–૯–૬૭

સમય સવારે ૯–૩૦

લિ.

ઉપ–પ્રમુખ

**દિ. જૈન મુમુક્ષુ મહામંડળ-**
**સોનગઢ**

---

# બ્રહ્મચર્યજીવનની ભૂમિકા

卐

**( બ્રહ્મચારી બહેનો પ્રત્યે અભિનંદન અને શુભેચ્છારૂપે ભાઈશ્રી પં. હિંમતલાલ જે. શાહે કરેલા ભાષણમાંથી..... )**

પૂ. ગુરુદેવના ઉપદેશના પ્રતાપે આ કાળમાં ઘણા ઘણા પ્રકારે પ્રભાવના થઈ છે; ‘આત્મતત્ત્વને ઓળખો, અંદર જ્ઞાનમૂર્તિ ભગવાન છે–એને ઓળખ્યા વિના બધા કાર્યો નિષ્ફળ જાય છે,’–એવા ગુરુદેવના પાવન ઉપદેશને અનુસરીને, એવા આત્મતત્ત્વને પામવાની ગડમથલ અંતરમાં કરતાં, એની ઝંખના કરતાં, એનું મંથન કરતાં, જાતજાતના શુભભાવો સહજપણે, કષ્ટદાયક જુદો પ્રયત્ન કર્યા વિના, આપોઆપ જીવને આવી જાય છે. આખા ભારતવર્ષની અંદર અનેક અનેક જીવો અનેક ગામોની અંદર સ્વાધ્યાય, વાંચન, મનન, તત્ત્વજ્ઞાનનો વિચાર, મંથન, આત્મસ્વરૂપ ઓળખવાની ઝંખના–એવા ઊંચા પ્રકારના શુભભાવો કરતા ગુરુદેવના પરમ પ્રતાપે થયા છે. વળી અંદર સર્વજ્ઞસ્વભાવી તત્ત્વ પડયું છે–એનો આદર કરનાર જીવને, જેમણે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે એવા અર્હંતો અને સિદ્ધો પ્રત્યે ભક્તિના ભાવ વહે છે; એવો ભક્તિનો પ્રવાહ –એવા શુભભાવો પણ ગુરુદેવના અધ્યાત્મ–ઉપદેશના પ્રતાપે ધોધમાર નદીની જેમ વહ્યા છે. લોભ પણ અનેક જીવોના મોળા પડયા છે, તન, ધન, યૌવન, સ્ત્રી, પુત્ર એ બધું વિદ્યુતના જેવું ચંચળ છે એમ લાગવાથી, એક આત્મા જ અમરતત્ત્વ છે એવું ઘૂંટણ રહેવાથી, અંદર લોભ મોળો પડે છે, માયા મોળી પડે છે, સમતાના ભાવ ખીલે છે; એ રીતે જીવોને લોભની મંદતા થતાં ઠેકઠેકાણે સર્વજ્ઞ ભગવાનના મંદિરો પણ થયા છે. આ રીતે અનેક જીવોને પોતાની યોગ્યતાનુસાર આત્મતત્ત્વને પામવાની ધગશમાં, એની ગડમથલ સેવતાં–સેવતાં, પોતાની યોગ્યતાનુસાર અનેક સદ્ગુણો ઉદ્ભવ પામ્યા છે. એવા એક પ્રકારનો આ બ્રહ્મચર્યનો સદ્ગુણ પણ જીવને ઉદ્ભવ થાય છે; તે જીવોને વૈરાગ્ય થાય છે કે ‘ધિક્કાર છે આ આત્માને કે જે વિષયોની અંદર રમીને પ્રાપ્ત સત્સંગોનો પણ લાભ લઈ શક્તો નથી. એ જો નહિ લે તો અનંત ભવસાગરની અંદર ગળકાં ખાતાં ખાતાં

મહાભાગ્યથી આ હાથમાં આવેલું નૌકાનું લાકડું છૂટી જશે, અને જીવને પશ્ચાતાપનો પાર નહિ રહે' –એમ વૈરાગ્યભાવના સેવતા જીવોને બ્રહ્મચર્ય સહજપણે આવે છે.

આ બહેનો જાણે છે કે આત્મઅનુભવ પહેલાંની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા તે માત્ર શુભ ભાવ જ છે, અને એ શુભભાવ એ મુક્તિનો પ્રયત્ન નથી, એ મુક્તિનો પુરુષાર્થ નથી. મુક્તિનો પુરુષાર્થ તો આત્મસ્વભાવની ઓળખાણ થતાં પ્રગટ થાય છે; આત્મતત્ત્વચિંતામણીની ઓળખાણ જ્યારે થાય ત્યારે એની પહેલૂરૂપે દર્શન–જ્ઞાન –ચારિત્ર આદિ મોક્ષમાર્ગની પર્યાયો પ્રગટ થાય છે, ત્યારપહેલાં નહીં. બીજા અન્ય માર્ગ પ્રરૂપનારા જીવો તો એમ કહે છે કે જો એકવાર બ્રહ્મચર્ય કષ્ટે કરીને પણ સહન કરો તો મોક્ષ જરૂર મળશે.–એવું માનનારામાં પણ, એવા માર્ગમાં પણ, એ બ્રહ્મચર્ય પાળનારા અત્યંત અલ્પ નીકળે છે; ગુરુદેવકથિત સ્વાનુભૂત અમરતત્ત્વની વાત એવી અદ્‌ભુત છે કે શ્રોતાઓને એ સોંસરી ઊતરી જાય છે, શુદ્ધિના પુરુષાર્થમાં એ પડે છે, અને શુદ્ધિના પુરુષાર્થની અંદર પડતાં શુભભાવો પ્રગટ થાય છે. આ રીતે પ્રગટ થયેલો શુભભાવ એ આ બહેનોએ અંગીકાર કરેલું બ્રહ્મચર્ય છે. એ રીતે, શુદ્ધિના પ્રયત્નની ગડમથલ કરતાં, એની પાછળ પ્રયત્ન કરતાં કરતાં આ બહેનોને શુભભાવ આવેલો છે.

કોઈ ક્ષણિક વૈરાગ્યની અંદર, કોઈના ઉપદેશની તાત્કાલિક અસરની અંદર, અથવા સ્વતંત્ર રહેવાની ધૂનની અંદર લેવાયેલું બ્રહ્મચર્ય એ જુદી વાત છે, અને વર્ષોના સત્સંગ, વર્ષોના અભ્યાસ પછી, એક આત્મહિતના નિમિત્તે પૂજ્ય ગુરુદેવની સુધાસ્યંદિની વાણીના નિરંતર સેવનના અર્થે, એ સુધાપાન પાસે બીજા સાંસારિક, કથનમાત્ર, કલ્પિત સુખો તો અત્યંત ગૌણ થઈ જવાથી, અને પરમપૂજ્ય બેનશ્રીબેન ( ચંપાબેન–શાંતાબેન ) ની શીતળ છાયામાં રહીને કલ્યાણ કરવાની ભાવનાથી લેવાયેલું આ બ્રહ્મચર્ય–એ તદ્‌ન જુદી વાત છે. સામાન્ય રીતે પહેલા પ્રકારનું બ્રહ્મચર્ય પણ જગતમાં અત્યંત અલ્પનહિવત્ જેવું–હોય છે, તો આ પ્રકારનું બ્રહ્મચર્ય તો ખૂબ પ્રશંસનીયપણાને પામે છે.

આ કુમારિકા બહેનોએ બ્રહ્મચર્ય ગ્રહણ કરી સત્સંગને અર્થે બધું ન્યોચ્છાવર કરવાના જે શુભ ભાવ પ્રગટાવ્યા છે તે અતિ પ્રશંસનીય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે–પ્રથમ તો સર્વ સાધનાને ગૌણ જાણી, મુમુક્ષુ જીવે એક સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવા યોગ્ય છે, એની ઉપાસનામાં સર્વ સાધનો આવી જાય છે. જેને એ સાક્ષીભાવ પ્રગટ થયો છે કે આ જ સત્પુરુષ છે, અને આ જ સત્સંગ છે,–એણે તો પોતાના દોષો કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે, ક્ષણે ક્ષણે જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા, અને સત્સંગને પ્રતિબંધક જે કાંઈ હોય એને દેહત્યાગના જોખમે પણ છોડવું; દેહત્યાગનો પ્રસંગ આવે

તોપણ એ સત્સંગને ગૌણ કરવા યોગ્ય નથી. આવા મળેલા સત્સંગને આપણે સર્વે પુરુષાર્થથી આરાધીએ. આ બહેનોએ સત્સંગને અર્થે સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની જે ભાવના પ્રગટાવી છે તે આપણને પણ પુરુષાર્થપ્રેરક હો. નાના નાના પ્રસંગોમાં પણ સત્સંગને આપણે આવરણ ન કરીએ, અને નાના કલ્પિત સુખોની અંદર આપણે અનંતભવનું દુઃખ ટાળવાનો જે પ્રયત્ન એને ન ભૂલીએ. આજે આ બ્રહ્મચારી બહેનોએ જે અસિધારાવ્રત લીધું છે તેનાથી તેમણે તેમના કુળને ઉજ્જવળ કર્યું છે અને સારાય મુમુક્ષુમંડળનું તેમણે ગૌરવ વધાર્યું છે. તેમને સર્વ મુમુક્ષુમંડળ તરફથી, આપણા બધા તરફથી, હૃદયનાં, વાત્સલ્યપૂર્ણ, ભાવભીનાં અભિનંદન છે. તેમના બ્રહ્મચર્યજીવન દરમ્યાન સત્સંગનું માહાત્મ્ય તેમના અંતરમાં કદી મંદ ન હો અને સત્સંગસેવન દરમ્યાન ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિનું ધ્યેય તેમના હૃદયમાં હંમેશા બની રહો–એમ આપણી સૌની અંતરની શુભેચ્છાઓ છે.

( બ્રહ્મચર્ય–અંક ત્રીજામાંથી )

*************************

## શ્રાવણ વદ બીજના પ્રવચનમાંથી

* વૈરાગ્ય અને વીતરાગતાવર્દ્ધક આ શાસ્ત્ર છે. તેમાં કહેલા શુદ્ધાત્માની ભાવનાથી આત્માને આનંદની વૃદ્ધિ થાય છે.

* હે જીવ ! આ શાસ્ત્રના શ્રવણમાં તારી પણ એ જ ભાવના હોવી જોઈએ કે આત્મામાં આનંદની પ્રાપ્તિ કેમ થાય ? એ સિવાય જગતની બીજી કોઈ ભાવના રાખીશ નહીં.

* જેમને સંસારનો અંત નજીક છે એવા ભવ્ય જીવો જિનવાણીના અભ્યાસવડે અંતરમાં શુદ્ધાત્માને દેખે છે, ને મોહને નષ્ટ કરે છે.

* હું શુદ્ધ જ્ઞાયકભાવમાત્ર છું એવી નિઃશંક આત્મપ્રતીતિ સહિત સમ્યગ્દ્રષ્ટિને આઠ અંગ હોય છે. તેને શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે; ને અશુદ્ધતા તથા કર્મો ટળતા જાય છે.

* સમ્યગ્દ્રષ્ટિ નિઃશંક જાણે છે કે હું હવે મોક્ષનો સાધક થયો છું; મારી પરિણતિ હવે પરભાવોથી પાછી વળીને જ્ઞાનાનંદરૂપ નિજસ્વભાવ તરફ ઝૂકી છે–સંસારસમુદ્રનો કિનારો નજીક આવી ગયો છે.

*************************

## 卐 -તે પવિત્ર સ્ત્રી જગતને શોભાવે છે 卐

સ્ત્રી અનેક દોષોના કારણરૂપ છે, તેથી સ્ત્રીસંસર્ગનો નિષેધ કર્યો છે. એ પ્રમાણે સંસારથી વિરક્ત સંયમી મુનિવરોએ સ્ત્રીઓને દુષિત બતાવી છે, તોપણ એકાન્તપણે બધી સ્ત્રીઓ દોષયુક્ત જ હોય છે–એમ નથી, પરંતુ તેમનામાં પણ કોઈ પવિત્ર આત્મા શીલ–સંયમાદિ ગુણોથી અલંકૃત હોય છે, તે પ્રશંસનીય છે.–એમ જ્ઞાનાર્ણવ ગા. ૫૬ થી ૫૯ માં બતાવ્યું છે:

ननु सन्ति जीवलोके काश्चित् शम-शील-संयमोपेता:।
निजवंशतिलकभूता: श्रुतसत्यसमन्विता नार्य:।।५७।।
सतीत्वेन महत्त्वेन वृत्तेन विनयेन च।
विवेकेन स्त्रिय: काश्चिद् भूषयन्ति धरातलम्।।५८।।

અહો, આ જગતમાં અનેક સ્ત્રીઓ એવી પણ છે કે શમ–શાંતભાવ અને શીલસંયમથી ભૂષિત છે, તથા પોતાના વંશના તિલક સમાન છે અર્થાત્ પોતાના વંશને શોભાવે છે અને શાસ્ત્રાભ્યાસ તથા સત્યવચન સહિત છે.

અનેક સ્ત્રીઓ એવી છે કે જે પોતાના સતીત્વથી, મહાનતાથી, સદાચરણથી, વિનયથી અને વિવેકથી આ પૃથ્વીને શોભાયમાન કરે છે.

निर्विर्ण्णैभवसंक्रमात् श्रुतधरै: एकान्ततो निस्पृहै:
नार्यो यद्यपि दूषिता: शमधनै: ब्रह्मव्रतालम्बिभि:।
निन्द्यन्ते न तथापि निर्मलयम स्वाध्यायवृत्तांकिता
निर्वेदप्रशमादिपुण्यचरितै: या: शुद्धिभूता भुवि।।५९।।

સંસારભ્રમણથી વિરક્ત, શ્રુતના ધારક, સ્ત્રીઓથી સર્વથા નિસ્પૃહ, અને ઉપશમભાવ જ જેમનું ધન છે એવા બ્રહ્મવ્રતધારી મુનિવરોએ જોકે સ્ત્રીઓને નિંદ્ય કહી છે, તોપણ–જે સ્ત્રીઓ પવિત્ર યમ–નિયમ–સ્વાધ્યાય–ચારિત્ર વગેરેથી ભૂષિત છે અને નિર્વેદ–પ્રશમ ( વૈરાગ્ય–ઉપશમ ) વગેરે પવિત્ર આચરણવડે શુદ્ધ છે તે સ્ત્રીઓ જગતમાં નિંદનીય નથી પણ પ્રશંસનીય છે; કેમકે નિંદા તો દોષની જ કરવામાં આવે છે; ગુણોની નિંદા હોતી નથી, ગુણોની તો પ્રશંસા જ થાય છે.

( શુભચંદ્રાચાર્ય રચિત જ્ઞાનાર્ણવમાં અધ્યાત્મ સહિત વૈરાગ્યનો સુંદર ઉપદેશ છે. તેમાં બ્રહ્મચર્ય સંબંધી વિસ્તૃત વર્ણન ૧૧ થી ૧૫–એ પાંચ પ્રકરણોમાં કર્યું છે તે જિજ્ઞાસુઓને પઠનીય છે. અહીં ઉપર જે ગાથાઓ આપી છે તે તેમાંથી લીધેલી છે. )

– – -

## 卐 ભગવતીઆરાધનામાં ધર્માત્મા-સ્ત્રીની પ્રશંસા 卐

ભગવતીઆરાધનાના બ્રહ્મચર્યવર્ણન-અધિકારમાં સ્ત્રી સંબંધી અનેક દોષ બતાવીને અંતભાગમાં કહે છે કે સામાન્યપણે સ્ત્રીઓમાં દોષ બતાવ્યા પણ તેમાં અપવાદરૂપે કોઈ ગુણવાન-ધર્માત્મા સ્ત્રીઓ પણ જગતમાં છે ને તે પ્રશંસનીય છે. ( આ સંબંધી ગાથા ૯૯૪ થી ૯૯૯ નો અર્થ અહીં આપીએ છીએ.-સં. )

વળી જે શીલ વગેરે ગુણોથી સહિત છે, જેનો યશ વિસ્તાર પામ્યો છે, મનુષ્યલોકમાં જે દેવીસમાન છે અને દેવો વડે પણ જે વંદનીક છે, એવી સ્ત્રી પણ શું લોકમાં વિદ્યમાન નથી ?-અવશ્ય છે જ.

તીર્થંકર-ચક્રવર્તી-વાસુદેવ-બળદેવ-ગણધર એ મહાપુરુષોને ઉત્પન્ન કરનારી તેમની જનેતા ઉત્તમ દેવ-મનુષ્યો વડે પણ વંદનીક છે.-એવી ઉત્તમ સ્ત્રીઓ પણ જગતમાં હોય છે.

અનેક સ્ત્રીઓ એકપતિવ્રત સહિત અણુવ્રતોને ધારણ કરે છે અને જીવનપર્યન્ત કદી પણ વિધવાપણાના તીવ્ર દુઃખને પામતી નથી.

આ લોકમાં શીલવ્રતને ધારણ કરતી થકી, શીલના પ્રભાવથી પૃથ્વીમાં દેવો વડે સિંહાસનાદિક પ્રાતિહાર્યને પામેલી, તથા જીવો ઉપર અનુગ્રહ કરવાની જેની શક્તિ છે એવી પણ અનેક સ્ત્રીઓ પૃથ્વીતળમાં વિદ્યમાન છે જ.

જગતમાં કેટલીક એવી શીલવતી સ્ત્રીઓ છે કે જેના શીલના પ્રભાવને લીધે પાણીના લોઢ પણ તેને ડુબાડી શક્તા નથી, અને પ્રજ્વલિત ઘોર અગ્નિ પણ તેને બાળી શક્તો નથી; તથા સર્પ-સિંહ-વાઘ વગેરે દુષ્ટ જીવો દૂરથી જ તેને છોડી દે છે,-એવી સ્ત્રીઓ પણ વિદ્યમાન છે જ.

વળી સર્વગુણસંપન્ન એવા સાધુઓ તેમ જ ચરમશરીરી એવા શ્રેષ્ઠ પુરુષો તેમના માતૃત્વને ધારણ કરનારી અનેક સ્ત્રીઓ પણ જગતમાં છે જ.

જગતમાં એવી શીલવાન-ધર્માત્મા સ્ત્રીઓ પણ હોય છે કે દેવો જેને વંદના કરે છે; સમ્યગ્દર્શનની ધારક, વચ્ચે એક ભવ ધારણ કરીને ત્રીજા ભવે મોક્ષ પામનારી, મહાન પુરુષાર્થવંતી, જગતની પૂજ્ય, મહાસતી ધર્મની મૂર્તિ વીતરાગરૂપિણી-તેના મહિમાનું કરોડ જીભવડે કરોડ વર્ષે પણ વર્ણન કરવા કોઈ સમર્થ નથી.

**( એવા વિદ્યમાન ધર્માત્માઓને નમસ્કાર. )**

# સંતોની છાયામાં જ્ઞાન-વૈરાગ્યનું સીંચન

**આત્મજ્ઞાની અને વૈરાગ્યવંત સન્તોની મંગલછાયામાં વસતા જિજ્ઞાસુને જીવનમાં જ્ઞાન-વૈરાગ્યનું સીંચન થતું જ હોય છે. જ્ઞાનીની વૈરાગ્યમય ચેષ્ટાઓ, અનુભવથી ભરેલી તેમની મુદ્રા, તેમની આત્મસ્પર્શી વાણી ને આરાધનામય એમનું જીવન-એ બધુંય નિરંતર પવિત્ર જ્ઞાન-વૈરાગ્યનું પોષક છે. એ ઉપરાંત કોઈ કોઈ વાર જ્ઞાન-વૈરાગ્યની અત્યંત તીવ્રતા કરાવીને આત્મહિતને માટે જગાડી દે એવા વિશિષ્ટ મંગલ પ્રસંગો પણ સંતોના સાન્નિધ્યમાં બન્યા કરતાં હોય છે. આવા સંત જ્ઞાનીઓના ચરણોમાં સદૈવ રહેવાનું અને એમના પવિત્ર જીવનને જોવાનું સદ્‌ભાગ્ય મળવું એ જિજ્ઞાસુને માટે તો જીવનનો સર્વોત્કૃષ્ટ પ્રસંગ છે. જીવનનો એ લહાવો લેવા માટે આત્મહિતની ભાવનાથી ઘણાય જિજ્ઞાસુઓ સોનગઢ આવીને સંતોના શરણોમાં વસે છે. આ શ્રાવણ વદ એકમે પણ નવ જિજ્ઞાસુ બહેનોએ આવી ભાવનાથી પૂ. ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી. આ પ્રસંગના ઉપલક્ષમાં, તેની અનુમોદનાપૂર્વક જ્ઞાન-વૈરાગ્યનું સીંચન કરનાર કેટલાક વચનામૃત અહીં આપીએ છીએ...આ વચનામૃત મુખ્યપણે પૂ. ગુરુદેવના પ્રવચનોમાંથી કે શાસ્ત્રોમાંથી તારવ્યા છે; કોઈ કોઈ વચનામૃત પૂ. બેનશ્રી-બેનનાં પણ છે.-આ વચનામૃત જિજ્ઞાસુઓને જરૂર જ્ઞાન-વૈરાગ્યની ઉત્તમ પ્રેરણા આપશે.-( સં. )**

* આત્માની શાંતિ જોઈતી હોય તો સંતો તને એક મંત્ર આપે છે કે તારો આત્મા શુદ્ધ પરમાત્મા છે તેને ઉપાદેય કરીને તેનું જ રટણ કર...તેમાં જ્ઞાનને જોડ. એમાં પરમ શાંતિ છે.

* આત્માના સારા ભાવોનું સારું ફળ જરૂર આવે જ છે. સાચા ભાવનું સાચું ફળ આવ્યા વગર રહેતું નથી. માટે બીજા પ્રસંગો ભૂલીને આત્માના ઊંચા ભાવને જે રીતે પ્રોત્સાહન મળે તેવા જ વિચારો કરવા.

* હે આર્ય! શ્રુતજ્ઞાનવડે આત્માનો નિશ્ચય કરીને સ્વસંવેદનથી આત્માની ભાવના કર. આ દેહમાં આત્મબુદ્ધિ છોડ. દેહ તો છૂટવાનો છે જ, પણ તે છૂટવાનો પ્રસંગ આવ્યા પહેલાં જ્ઞાનભાવના વડે તું દેહના મમત્વને છોડ.

* હે આરાધક! કોઈ પણ પરીષહ કે કોઈ પણ ઉપસર્ગથી તારું મન વિક્ષિપ્ત થઈ ગયું હોય તો, નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર...એટલે તારા મનનો વિક્ષેપ

મટીને તારો આત્મા પરમ શાંતિને અનુભવશે.

* ત્રણલોકને પીડા કરનાર એવો જે કામદેવરૂપી દુષ્ટ પહેલવાન, તેને જિતેન્દ્રિયજિનવરોએ બ્રહ્મચર્યરૂપી પ્રબળ શસ્ત્રદ્વારા જીતી લીધો છે. તે જિતેન્દ્રિય-જિનવરોને નમસ્કાર હો.

* જ્યાં સુધી વિષયો વગરના અતીન્દ્રિય આત્મિકસુખનો રસ ચાખવામાં ન આવે ત્યાં સુધી ક્યાંક ને ક્યાંક અન્ય વિષયોમાં સુખબુદ્ધિ રહ્યા કરે છે.

* ચૈતન્યરસનો અતીન્દ્રિયસ્વાદ જેણે ચાખ્યો, પછી તેને બાહ્ય કોઈપણ વિષયો સુહાવના લાગતા નથી, એ વિષયો એને બેસ્વાદ લાગે છે. ચૈતન્યના આનંદરસ સિવાય બીજો કોઈ રસ તેને રુચતો નથી.

* ઘોરદુઃખરૂપી મગરમચ્છોથી ભરેલા આ સંસારસમુદ્રને પાર કરીને જો મોક્ષકિનારે પહોંચવું હોય તો, રત્નત્રયરૂપી શ્રેષ્ઠ નૌકાનું શરણ લ્યો. રત્નત્રયનૌકા જ ભવસમુદ્રથી તારીને મોક્ષનગરીમાં પહોંચાડે છે.

* અનંતા દરિયા ભરાય એટલા પાણીથી પણ જેની તૃષા ન છીપી તેની તૃષા એક ટીપું પાણીથી તૂટવાની નથી; તેમ આ જીવે સ્વર્ગાદિ ભોગ અનંતવાર ભોગવ્યા છતાં તૃપ્તિ ન થઈ, તો સડેલા ઢીંગલા જેવા આ માનવદેહના ભોગોથી તેને કદાપિ તૃપ્તિ થવાની નથી; માટે ભોગ ખાતર જીંદગી ગાળવા કરતાં મનુષ્યજીવનમાં બ્રહ્મચર્ય પાળવું ને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો-તે આ માનવજીવનનું ઉત્તમ કામ છે.

* "હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાંખ...ને **આત્મામાં ગમાડ**! આત્મામાં ગમે તેવું છે....આત્મામાં આનંદ ભર્યો છે એટલે ત્યાં જરૂર ગમશે માટે આત્મામાં ગમાડ. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ."

* અહો, આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે...આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. એવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂ. ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દ્રઢ સંસ્કાર આત્મામાં પડી જાય-એ જ જીવનમાં કરવા જેવું છે."

* "અંતરના ઉંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો....અને જેને આત્માની ખરેખરી લગની લાગી,....તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંતરમાં મારગ ન થાય-એમ બને જ નહિ આત્માની લગની લાગવી જોઈએ.....તેની પાછળ

લાગવું જોઈએ...આત્માને ધ્યેયરૂપ રાખીને દિનરાત સતત પ્રયત્ન કરવો જોઈએ...‘કેમ મારું હિત થાય’...‘કેમ હું આત્માને જાણું !’ એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.”

* “જેઓ આત્માનું સુખ પામ્યા એવા જ્ઞાનીઓને પછી એમ થાય કે અહો ! જગતમાં બધાય જીવો આવું સુખ પામે...આત્માનું આવું સુખ બધાય પામે. અમારા જેવું સુખ બધા જીવો પામે..”

* જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે....પ્રસંગે–પ્રસંગે એને ભેદજ્ઞાનને યાદ કરીને ગોખવું નથી પડતું...પણ એને તો એવું પરિણમન જ સહજ થઈ ગયું છે. આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.”

* આત્માને મુંઝવણમાં ન રાખવો પણ ઉત્સાહમાં રાખવો. આત્માની આરાધનાના ભાવ રાખવાથી તેનું ઉત્તમ ફળ આવે છે. માટે આત્માને ઉલ્લાસમાં લાવીને પોતાના હિતના જ વિચાર રાખવા; તેમાં ઢીલા ન થવું. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ભક્તિ અને અર્પણતાના ભાવ વધારવા.

* કામાગ્નિનો તાપ એવો છે કે, તેનાથી સંતપ્ત પુરુષને મેઘસમૂહવડે સીંચવામાં આવે કે પાણીના દરિયામાં ઝબોળવામાં આવે તોપણ તેનો સંતાપ દૂર થતો નથી.–પરંતુ સંતજનોની શીતલ છાયામાં વૈરાગ્યરૂપી જળવડે તે સહેજે શાંત થાય છે. ( જ્ઞાનાર્ણવ )

## ગુરુજનોની સેવાનું ફળ

* આચાર્યમહારાજ ઉપદેશ આપે છે કે હે દુર્બુદ્ધિ આત્મા ! ગુરુજનોની સાક્ષીપૂર્વક અર્થાત્ ગુરુજનોના ચરણોમાં રહીને તું તારા વૈરાગ્યને નિર્મળ કર, સંસાર–દેહ–ભોગોમાં લેશપણ રાગ ન કર; ચિત્તરૂપી રાક્ષસને વશ કર, અને ઉત્તમ વિવેકબુદ્ધિને ધારણ કર કેમકે આ ગુણો ગુરુજનોની સેવાથી જ પ્રાપ્ત થાય છે.–( જ્ઞાનાર્ણવ )

* આ સંસારને કામાગ્નિના અત્યંત તીવ્ર અનંત સંતાપોથી તપ્ત દેખીને, વિષયસંગ રહિત એવા ઉત્તમ યોગીજનો હંમેશ પ્રશમરસના સમુદ્રના કિનારે સંયમરૂપી રમ્ય બગીચાનો આશ્રય કરે છે.– ( જ્ઞાનાર્ણવ )

* કામસર્પના દુર્નિવાર વિષાગ્નિની જ્વાળાથી બળબળતા આ જગતને જે મહાત્માઓએ શાંતિ પમાડી તે સોળમા તીર્થંકર શાંતિનાથ વગેરે જિનભગવંતો અમને શાંતિ પ્રદાન કરો.–( જ્ઞાનાર્ણવ )

**આરાધક જીવોનું દર્શન આરાધના પ્રત્યે ઉત્સાહ જગાડે છે.**




## બાલવિભાગના સભ્યોને પત્ર

વહાલા ધર્મબંધુઓ,

મનમાં જરા ક્ષોભ સાથે તમને આ પત્ર લખું છું. બંધુઓ, આપ સૌ જાણો જ છો કે દિન–પ્રતિદિન આપણા બાલવિભાગનું કામ કેટલું વધી રહ્યું છે! બાલવિભાગની ખૂબ વૃદ્ધિ થાય એ તો બહુ સારું છે; પરંતુ સાહિત્યના બીજા કાર્યોની સાથે બાલવિભાગની વ્યવસ્થામાં એકલા હાથે પહોંચી શકાતું નથી; તેથી છેલ્લા બે ત્રણ માસથી અવ્યવસ્થા થઈ છે; જન્મદિવસના કાર્ડ મોકલી શકાયા નથી, નવા સભ્યોની નોંધ થઈ શકી નથી, વાંચકો સાથે વાતચીત તેમજ અવનવા લેખો પણ આપી શકાયા નથી. આ અંકમાં પણ, બાલવિભાગ આપવાની તીવ્ર ઉત્કંઠા છતાં આપી શકાતો નથી. તોપણ, આ અંકમાં બ્રહ્મચારી બહેનોની પ્રતિજ્ઞાના સમાચાર તથા તમને ઉપયોગી થાય એવી બીજી અનેક સામગ્રી જોઈને તમને સન્તોષ થશે; અને વળી એ જાણીને વિશેષ આનંદ થશે કે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લેનારા બહેનોમાંથી કેટલાક તો આપણા બાલવિભાગના જુનાં સભ્યો છે. તમે તમારો ધાર્મિક ઉત્સાહ વધારતા રહેજો. બાલવિભાગને જેમ બને તેમ તુરતમાં જ વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરીશ.– તમે બધા જે સહકાર આપી રહ્યા છો ને લાગણી બતાવી રહ્યા છો તે બદલ આભાર. जय जिनेन्द्र

–તમારો ભાઈ હરિ.

*

રે આત્મા!

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સિતાર જ્યારે ઝણઝણી ઊઠી હોય...એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે, ફરીફરી તેની ભાવના કરજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી તારી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

વળી કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલા ધર્મચર્ચા વગેરે કોઈ અદ્‌ભુત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રયસંબંધી જાગેલી કોઈ ઉર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને–યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

## બોધિ નિમિત્તે દૃઢ વૈરાગ્યભાવનાનો ઉપદેશ

**ભાવપ્રાભૃત ગા. ૧૧૦ માં પરમ વૈરાગ્યનો ઉપદેશ આપતાં શ્રી કુંદકુંદપ્રભુ કહે છે કે હે જીવ! તેં સંસારને અસાર જાણીને સ્વરૂપને સાધવા માટે જ્યારે વૈરાગ્યથી મુનિદીક્ષા લીધી તે વખતના તીવ્ર વૈરાગ્યને ઉત્તમબોધિ નિમિત્તે તું યાદ કર...ફરી ફરી તેની ભાવના ભાવ. વિશુદ્ધ ચિત્તથી એટલે કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામ સહિત થઈને તું ઉત્કૃષ્ટ વૈરાગ્યની ભાવના કર. મુનિપણાની દીક્ષા વખતે આખા જગતથી ઉદાસ થઈને સ્વરૂપમાં જ રહેવાની કેવી ઉગ્ર ભાવના હતી!-જાણે કે સ્વરૂપથી બહાર હવે કદી આવવું જ નથી. આવા ઉત્તમ પ્રસંગે જાગેલી વૈરાગ્યભાવનાને હે જીવ! ફરી ફરીને તું તારા રત્નત્રયની વિશુદ્ધિને અર્થે ભાવ.**

ચિદાનંદસ્વભાવને જ સાર જાણ્યો ને સંસારને અસાર જાણ્યો તે જીવ ચૈતન્યની ઉગ્ર ભાવનાવડે ભાવશુદ્ધિ પ્રગટ કરે છે. ચિદાનંદ સ્વભાવ પવિત્ર–અકષાય છે, તેની ભાવનાથી કષાયો નષ્ટ થઈને સમ્યગ્દર્શનાદિ પવિત્ર ભાવ પ્રગટે છે. ચૈતન્યને સાધવા માટે જે વૈરાગ્યની ધારા ઉલ્લસી, કે રોગના કાળે જે વૈરાગ્યભાવના જાગી કે મરણપ્રસંગ આવી પડે તે વખતે જેવી વૈરાગ્ય ભાવના હોય એવા વૈરાગ્યને તું સદાય નિરંતર ધ્યાનમાં રાખીને વારંવાર ભાવના ભાવજે. વૈરાગ્યભાવનાને શિથિલ થવા દઈશ નહિ. જે આરાધના ઉપાડી તેને જીવનપર્યંત નિર્વહન કરજે. આરાધક જીવને તીવ્ર રોગ વગેરે પ્રતિકૂળ પ્રસંગે વૈરાગ્યની ધારા વિશેષ ઉપડે છે. પ્રતિકૂળતા આવે ત્યાં આર્તધ્યાન ન કરે પણ સ્વભાવ તરફ ઝૂકે ને તીવ્ર વૈરાગ્યવડે રત્નત્રયની આરાધનાને પુષ્ટ કરે. મુનિની જેમ શ્રાવકને પણ આ ઉપદેશ લાગુ પડે છે. હે જીવ! સમ્યગ્દર્શનની નિર્મળતા પ્રગટ કરી, સંસારને અસાર જાણી, અંતર્મુખ થઈને સારભૂત એવા ચૈતન્યની ભાવના ભાવ, વૈરાગ્યના પ્રસંગને યાદ કરીને તેની ભાવના ભાવ કે જેથી તારા રત્નત્રયની શુદ્ધતા થઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. સાર શું અને અસાર શું...એને ઓળખીને તું સારભૂત આત્માની ભાવના કર.

દીક્ષા વખતના ઉગ્ર વૈરાગ્ય પ્રસંગની વાત લઈને આચાર્યદેવ કહે છે કે અહા, દીક્ષા વખતે શાંત ચૈતન્ય દરિયામાં લીન થઈ જવાની જે ભાવના હતી, જાણે કે ચૈતન્યના આનંદમાંથી કદી બહાર જ ન આવું, એવી વૈરાગ્યભાવના હતી, તે વખતની વિરક્તદશાની ધારા તું ટકાવી રાખજે... જે સંસારને છોડતાં પાછું વાળીને જોયું નહિ, વૈરાગ્યથી ક્ષણમાં સંસારને છોડી દીધો, હવે આહારાદિમાં ક્યાંય રાગ કરીશ નહીં. તેમ જેણે ચૈતન્યને સાધવો છે તેણે આખા સંસારને અસાર જાણી પરમ વૈરાગ્યભાવનાથી સારભૂત ચૈતન્યરત્નની ભાવના વડે સમ્યગ્દર્શનાદિની શુદ્ધતા પ્રગટ કરવી. *

## ચાલો, આરાધીએ દશ ધર્મ

( ૧ ) ક્રોધના બાહ્યપ્રસંગ ઉપસ્થિત થવા છતાં, રત્નત્રયની દ્રઢ આરાધનાના બળે ક્રોધની ઉત્પત્તિ થવા ન દેવી ને વીતરાગ ભાવ રહેવો, અસહ્ય પ્રતિકૂળતા આવે તોપણ ક્રોધવડે આરાધનામાં ભંગ પડવા ન દેવો તે ઉત્તમ ક્ષમાની આરાધના છે.

( ૨ ) નિર્મળ ભેદજ્ઞાનવડે જેણે આખા જગતને પોતાથી ભિન્ન અને સ્વપ્નવત્ જાણ્યું છે, અને આત્મભાવનામાં જે તત્પર છે તેને જગતના કોઈ પદાર્થમાં ગર્વનો અવકાશ ક્યાં છે?

( ૩ ) જે ભવભ્રમણથી ભયભીત છે અને રત્નત્રયની આરાધનામાં તત્પર છે એવા મુનિરાજને પોતાની રત્નત્રયની આરાધનામાં લાગેલા નાના કે મોટા દોષ છૂપાવવાની વૃત્તિ હોતી નથી, પણ જેમ માતા પાસે બાળક સરળપણે બધું કહી દે તેમ ગુરુ પાસે જઈને અત્યંત સરલપણે પોતાના સર્વ દોષ પ્રગટ કરે છે, ને એ રીતે અતિ સરળ પરિણામ વડે આલોચના કરીને રત્નત્રયમાં લાગેલા દોષોને નષ્ટ કરે છે. તેમજ ગુરુ વગેરેના ઉપકારને સરળપણે પ્રગટ કરે છે.–આવા મુનિવરોને ઉત્તમ આર્જવધર્મની આરાધના હોય છે.

( ૪ ) ઉત્કૃષ્ટપણે લોભના ત્યાગરૂપે જે નિર્મળ પરિણામ તે ઉત્તમ શૌચધર્મ છે. ભેદજ્ઞાનવડે જગતના સમસ્ત પદાર્થોથી જેણે પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે, દેહને પણ અત્યંત જુદો જાણીને તેનું પણ મમત્વ છોડી દીધું છે, ને પવિત્ર ચૈતન્યતત્ત્વની આરાધનામાં તત્પર છે–એવા મુનિવરોને કોઈ પણ પરદ્રવ્યના ગ્રહણની લોભવૃત્તિ થતી નથી, ભેદજ્ઞાનરૂપ પવિત્ર જળવડે મિથ્યાત્વાદિ અશુચિને ધોઈ નાખી છે, તેઓ શૌચધર્મના આરાધક છે.

( ૫ ) મુનિવરો વચનવિકલ્પ છોડીને સત્સ્વભાવને સાધવામાં તત્પર છે; અને જો વચન બોલે તો વસ્તુસ્વભાવ અનુસાર સ્વપરહિતકારી સત્યવચન બોલે છે, તેમને ઉત્તમ સત્યધર્મની આરાધના છે.

( ૬ ) અંતર્મુખ થઈને નિજસ્વરૂપમાં જેમનો ઉપયોગ ગુપ્ત થઈ ગયો છે એવા મુનિવરોને સ્વપ્નેય કોઈ જીવને હણવાની વૃત્તિ કે ઇન્દ્રિયવિષયોની વૃત્તિ હોતી નથી, તે ઉત્તમ સંયમના આરાધક છે.

( ૭ ) સ્વસન્મુખ ઉપયોગના ઉગ્ર પ્રતાપવડે કર્મોને ભસ્મ કરી નાખનારા ઉત્તમ તપધર્મના આરાધક સંતોને નમસ્કાર હો.

( ૮ ) હું શુદ્ધ ચૈતન્યમય આત્મા છું, દેહાદિ કાંઈ પણ મારું નથી, એમ સર્વત્ર

મમત્વના ત્યાગરૂપ પરિણામ વડે ચૈતન્યમાં લીન થઈને મુનિવરો ઉત્તમ ત્યાગધર્મને આરાધે છે.

( ૯ ) 'શુદ્ધ જ્ઞાનદર્શનમય એક આત્મા જ મારો છે, એ સિવાય અન્ય કાંઈ પણ મારું નથી' –એવા ભેદજ્ઞાનના બળે દેહાદિ સમસ્ત પર દ્રવ્યોમાં ને રાગાદિ સમસ્ત પરભાવોમાં મમત્વ પરિત્યાગીને જેઓ અકિંચનભાવમાં તત્પર છે એવા ઉત્તમ મુનિવરોને નમસ્કાર હો.

( ૧૦ ) જગતના સર્વ વિષયોથી ઉદાસીન થઈને બ્રહ્મસ્વરૂપ નિજ આત્મામાં જ જેમણે ચર્યા પ્રગટ કરી એવા ઉત્તમ બ્રહ્મચર્યધર્મના આરાધક સંત–ધર્માત્માઓને નમસ્કાર હો.

*

## બ્રહ્મચર્યઅંક ૧-૨-૩ માંથી થોડાક અવતરણો

* હે પરમકૃપાળુ ગુરુદેવ ! અધ્યાત્મરસની ખુમારીથી ને બ્રહ્મચર્યના રંગથી આપનું જીવન રંગાયેલું છે...તેથી, આપની મહા પ્રતાપી છાયામાં નિરંતર વસતા...ને આપશ્રીના પાવન ઉપદેશનું પાન કરતા આપના નાના નાના બાળક–બાળિકાઓ પણ બ્રહ્મજીવન પ્રાપ્ત કરે તેમાં શું આશ્ચર્ય છે !

* પૂ. ગુરુદેવ વૈરાગ્યપૂર્વક કહે છે કે આ શરીર તો ધૂળનું ઢીંગલું છે, તેમાં ક્યાંય આત્માનું સુખ નથી, તેનાં ઉપરથી દ્રષ્ટિ હઠાવીને, ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં અંદરથી શાંતિનું એક ઝરણું આવે છે. જીવ જે શાંતિ લેવા માગે છે તે કોઈ સંયોગમાંથી નથી આવતી પણ પોતાના સ્વભાવમાંથી જ આવે છે.

* અરે જીવ ! બાહ્યવિષયો તો મૃગજળ જેવા છે, તેમાં ક્યાંય તારી શાંતિનું ઝરણું નથી એમ સમજીને હવે તો તેનાથી પાછો વળ...ને ચૈતન્યસ્વરૂપમાં અંતર્મુખ થા. ચૈતન્યસન્મુખ થતાં શાંતિના ઝરણામાં તારો આત્મા તૃપ્ત–તૃપ્ત થઈ જશે.

* પ્રતિજ્ઞાપ્રસંગે ગુરુદેવે કહ્યું: આ પ્રસંગ તો ખરેખર આ બે બેનોને આભારી છે...આ બેનોનાં આત્મા અલૌકિક છે...આ કાળે આ બેનો પાક્યા તે મંડળની બેનુંના મહાભાગ્ય છે...જેનાં ભાગ્ય હશે તે તેમનો લાભ લેશે.

* * *

## -: જાહેરાત:-

શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ–સોનગઢ ( બોર્ડિંગ ) ની વ્યવસ્થાપક કમિટિની મીટીંગ ભાદરવા સુદ–૧, તા. ૫–૯–૬૭ ને મંગળવારે સાંજે ૪–૧૫ વાગે તથા જનરલ મીટીંગ ભાદરવા સુદ–૨, તા. ૬–૯–૬૭ ને બુધવારે સાંજે ૪–૦૦ વાગે રાખવામાં આવી છે. તો સર્વે સભ્યોને તેમાં સમયસર પધારવા વિનંતી છે. લિ.

મંત્રીઃ મલુકચંદ છોટાલાલ શાહ

“ફોરેન આત્મધર્મનું લવાજમ રૂા. ૯–૦૦ છે. આ આત્મધર્મ SEA-MAIL થી મોકલવામાં આવશે. ફોરેનમાં એરોપ્લેનથી આત્મધર્મ મંગાવનારે એર–મેઈલ ચાર્જ જે થશે તે આપવાનો રહેશે.

## સોનગઢથી રવાના કરેલ તે પાછા આવેલ

નીચે જણાવેલા ગ્રાહકોના અંકો પોસ્ટ થયેલા હતા તે અત્રે પાછા આવેલ છે તો તે ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાનું પૂરું નામ, સરનામું તથા ગ્રાહક નંબર વળતી ટપાલે લખી જણાવેઃ–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અંબાલાલ ત્રિભોવનદાસ | ઉદેપુર | ૧૫ | રતીલાલ ચુનીલાલ દાદભાવાળા | શીવ, મુંબઈ–૨૨ |
| ૨ | નરભેરામ હંસરાજ | જામનગર | ૧૬ | પુષ્પાબેન મનહરલાલ | મુંબઈ–૯ |
| ૩ | રંગુન ફેન્સી સ્ટોર્સ | હૈદરાબાદ | ૧૭ | વકીલ રામચંદ્ર ડી શુક્લ | દાહોદ |
| ૪ | મણીલાલ ટી. દોશી | કલકત્તા | ૧૮ | બ્ર. દુલીચંદજી જૈન | નિમાડપ્રાંત |
| ૫ | મંજુલાબેન વોરા. | કલકત્તા–૧ | ૧૯ | ઉમેદલાલ ગોકળદાસ શાહ | રાજકોટ |
| ૬ | કાન્તીલાલ ત્રિકમજી | કલકત્તા–૧ | ૨૦ | પ્રવિણચંદ્ર ગુલાબચંદ કોઠારી | રાજકોટ |
| ૭ | કાન્તીલાલ મેઘાણી | કલકત્તા–૨૦ | ૨૧ | પુષ્પાબેન મનહરલાલ દોશી | મુંબઈ–૭૮ |
| ૮ | અશોકકુમાર અમીચંદ દોશી | આલન્દ | ૨૨ | પીસ્તાદેવી જૈન | દીલ્હી |
| ૯ | મદનલાલજી છાબડા | સિકર | ૨૩ | ફકીરચંદ એસ. શાહ | મદ્રાસ |
| ૧૦ | જશવંત બાલોરામજી સંઘઈ | ફાર્મગોંવ તા. હિંગોલી | ૨૪ | લક્ષ્મીરામ પુજારામ ઠક્કર | વારાણ |
| ૧૧ | ચંપાબેન લીલાધર શાહ | મુંબઈ | ૨૫ | ગંભીરદાસ જૈન વૈદ્ય | અલીગંજ |
| ૧૨ | કાન્તાબેન હરીલાલ | મુંબઈ–૬૨ | ૨૬ | અમૃતલાલ મુલચંદ | વીંછીયા |
| ૧૩ | ચનારીવાળા એડવોકેટ | મુંબઈ–૧ | ૨૭ | કેશવલાલ જૈન | દહેરાદુન |
| ૧૪ | બાલચંદ જૈન | મુંબઈ–૨ | | | |

લિ.

**દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,** સોનગઢ ( સૌરાષ્ટ્ર )

**વૈરાગ્ય સમાચારઃ-** દિલ્હીના ભાઈશ્રી માંગીરામજી તા. ૨૨–૮–૬૭ ના રોજ દિલ્હીમાં નસ તૂટવાથી સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓએ ગુરુદેવ દિલ્હી પધાર્યા ત્યારે ઘણો ઉત્સાહ બતાવ્યો હતો, ને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. તેમનો આત્મા દેવ–ગુરુના શરણે શાંતિ પામો.

# વિવિધ સમાચાર

*** ઉદ્‌ઘાટન ( તારીખમાં ફેરફાર )**

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈના સન્માન નિમિત્તે એકઠા થયેલ ફંડમાંથી શાસ્ત્રભંડાર માટેનો જે હોલ સોનગઢમાં બાંધવામાં આવેલ છે તેનું ઉદ્‌ઘાટન ભાદરવા સુદ ચોથે થવાના જે સમાચાર આત્મધર્મના આ અંકમાં પૃ. ૧૩ ૫૨ છપાયેલા છે તેમાં ફેરફાર થયેલ છે માટે તે સમાચાર રદ સમજવા; તેને બદલે હવે ભાદરવા સુદ એકમ ને મંગળવાર તા. ૫–૯–૬૭ ના દિવસે ઉદ્‌ઘાટન કરવાનું નક્કી થયું છે. આ ઉદ્‌ઘાટન જૈનસમાજના પ્રસિદ્ધ નેતા શ્રીમાન શાહુ શાંતિપ્રસાદજી જૈનના સુહસ્તે થશે; તેમજ ઈન્દોરના શ્રીમાન શેઠ રાજકુમારસિંહજી પણ વિશેષ અતિથિ તરીકે પધારશે.

* અષાઢ માસના અષ્ટાહ્નિકાપર્વ દરમિયાન તેરહદ્વીપ પૂજન વિધાનમાંથી મેરુમંદિરોની ને નંદીશ્વર જિનાલયોની પૂજા થઈ હતી. વદ એકમે જિનેન્દ્ર અભિષેક પૂર્વક પૂજનની પૂર્ણતા થઈ હતી; તથા તે દિવસે વીરશાસન જયંતિ ( દિવ્યધ્વનિનો દિવસ ) પણ ઉજવવામાં આવેલ.

* શ્રાવણ સુદ દશમના રોજ પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપરના પ્રવચનો પૂર્ણ થયા, ને સુદ અગિયારસથી સમયસાર–કલશટીકા ઉપર ફરી ( બીજીવાર ) પ્રવચનો શરૂ થયા છે. શાસ્ત્રપ્રારંભમાં 'નમઃ સમયસાર'–એ માંગળિકદ્વારા ગુરુદેવે કહ્યું કે ચારગતિના દુઃખના નાશને માટે ને મોક્ષસુખની પ્રાપ્તિ માટે આ મંગળમાણેકસ્થંભ રોપાય છે. સમયસાર એવો જે શુદ્ધઆત્મા તેને જાણતાં જાણનારને અપૂર્વસુખ અનુભવમાં આવે છે. શુદ્ધઆત્મા સુખસ્વરૂપ છે, તેને જાણતાં સુખ થાય છે. પરચીજમાં આત્માનું સુખ નથી ને પરને જાણતાં સુખ થતું નથી. માટે શુદ્ધઆત્મા જ સારભૂત છે, તેનો આદર કરવો તે મંગળ છે.

બપોરના પ્રવચનમાં સમયસાર ( પંદરમી વખત ) વંચાઈ રહ્યું છે, તેમાં બંધ અધિકાર ચાલે છે.

* શ્રાવણ સુદ પૂનમે વાત્સલ્યનું પર્વ ઉજવાયું હતું, ધર્મવાત્સલ્યના મહાન આદર્શરૂપ વિષ્ણુમુનિરાજની, તેમજ ઉપસર્ગમાં અકંપ રહેનાર અકંપનાદિ સાતસો મુનિરાજનું ભક્તિપૂર્વક સ્મરણ કરીને પૂજન કરવામાં આવ્યું હતું.
* શ્રાવણ વદ બીજના રોજ પવિત્રાત્મા પૂ. બેનશ્રી ચંપાબેનના મંગલ જન્મદિવસની ૫૪ મી જયંતિ આનંદ–ઉલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. આ પ્રસંગે ૫૪ ની રકમો જાહેર થઈ તેમાં લગભગ સાત હજાર રૂા. ની રકમો થઈ,–જે જ્ઞાનખાતામાં વપરાશે.
* શ્રાવણ માસમાં પ્રૌઢ શિક્ષણવર્ગ ચાલ્યો, તેમાં ગામેગામના ૩૦૦ ઉપરાંત જિજ્ઞાસુ ભાઈઓએ લાભ લીધો. તત્ત્વચર્ચા–પૂજન–ભક્તિ વગેરેથી આખો દિવસ ધાર્મિકઉત્સવ જેવું વાતાવરણ છવાઈ ગયું હતું.
* સોનગઢમાં ટેલીફોન ચાલુ થઈ ગયેલ છે. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટની ઓફિસનો ફોન નં. ૩૪ છે. ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમનો ફોન નં. ૩૭ છે.
* ગ્રાહકોને એક ખાસ સૂચના આપવાની કે, આત્મધર્મની વ્યવસ્થા ( અંક રવાનગી વગેરે કામકાજ ) સમ્પાદક હસ્તક નથી પરંતુ તેની વ્યવસ્થા માટેનો વિભાગ જુદો છે, માટે લવાજમ, અંક ન મળ્યાની ફરિયાદ, કે વ્યવસ્થા બાબત બીજી કાંઈ પણ સૂચના હોય તે સમ્પાદક ઉપર ન લખતાં–વ્યવસ્થાપક, આત્મધર્મ કાર્યાલય, સોનગઢ–એ સરનામે લખવું. લેખન–સમ્પાદન સંબંધી કાંઈ સૂચન હોય તો તે સમ્પાદક ઉપર લખવું. –સમ્પાદક

**વૈરાગ્ય સમાચાર**

* મોરબીના ભાઈશ્રી ઉત્તમચંદ નીમચંદ ગત માસમાં મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ મોરબી મુમુક્ષુ મંડળના એક ઉત્સાહી કાર્યકર હતા.
* સુરેન્દ્રનગરના ભાઈશ્રી કીરચંદભાઈ માસ્તર લગભગ છ માસ પહેલાં સ્વર્ગવાસ પામ્યા છે. ( આ સમાચાર અમને હમણાં જ મળ્યા હોવાથી વિલંબથી પ્રસિદ્ધ થાય છે. આ પ્રકારના સમાચારો લેખિત મળ્યા વગર છપાતા નથી તેની નોંધ લેવા સર્વે જિજ્ઞાસુઓને વિનંતી છે. )
* બડોલી ( ઈડર ) ના ભાઈશ્રી મગનલાલ કોદરલાલ દોશી અષાઢ વદ ૧૪ ના રોજ એકાએક સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ અવારનવાર ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા. જૈનધર્મના શરણે તેઓ આત્મશાંતિ પામો.

*

# બે ચિત્રોનો પરિચય

આ પ્રથમ ચિત્રમાં બનારસથી ૮ માઈલ દૂર આવેલ સિંહપુરીના મજાના જિનમંદિરનું દૃશ્ય છે. આ સિંહપુરી તીર્થધામ એ ૧૧ મા શ્રેયાંસનાથ ભગવાનનું જન્મધામ છે. હાલમાં આપણે પૂ. ગુરુદેવ સાથે જયપુર પછી સમ્મેદશિખરજી તરફ જતા હતા ત્યારે વચ્ચે ફાગણ સુદ અગિયારસે બનારસ રહ્યા હતા, ને બરાબર તે ઉત્તમ દિવસે આપણે સિંહપુરી તીર્થના જિનમંદિરની યાત્રા કરી હતી, ને બનારસમાં તે દિવસે સાંજે વરસાદ પણ આવ્યો હતો. એ યાત્રા અને એ વરસાદ યાત્રિકોને હજી પણ યાદ હશે.

અને આ બીજા ચિત્રમાં ગંધકૂટી ઉપર જે બિરાજમાન છે તે ભગવાન ઋષભદેવ છે. હાથ જોડીને ઊભા છે તે હસ્તિનાપુરના રાજા અને ભરતચક્રવર્તીના સેનાપતિ જયકુમાર છે, સંસારથી વિરક્ત થઈને તેઓ આદિનાથપ્રભુ પાસે મુનિદીક્ષા લઈ રહ્યા છે.


જે રાજકુમારો દેખાય છે તેઓ ભરતચક્રવર્તીના પુત્રો છે. સો રાજકુમારો વનમાં ખેલવા ગયા હતા...તે વખતે એક ઘોડેસવારે ત્યાં આવીને તેમને જયકુમારની દીક્ષાના સમાચાર આપ્યા...તે સાંભળતાં જ એ નાનાકડા રાજકુમારો એકદમ આશ્ચર્ય પામ્યા, ને તેમનું ચિત્ત સંસારથી વિરક્ત થયું...તેઓ પણ, ત્યાંથી ઘરે જવાને બદલે સીધા ભગવાનના સમવસરણમાં દીક્ષા લેવા માટે જઈ રહ્યા છે. વૈરાગ્યવંત નાનકડા સો રાજકુમારોની દીક્ષાનું કેવું મજાનું દૃશ્ય છે!!

卐

આ અંકમાં કેટલાક વિશેષ લેખો આપવાની ભાવના હતી પણ મર્યાદિત પૃષ્ઠસંખ્યાને કારણે કેટલાક લેખો બાકી રહ્યા છે. અને બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા સંબંધી તાજા સમાચાર જિજ્ઞાસુઓને આ અંકમાં જ મળે તે માટે આ અંક આઠ દિવસ વિલંબથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. હવે પછીનો અંક રાબેતા મુજબ ૨૦ મી તારીખે પ્રગટ થશે.

આ અંકને માટે જરૂરી ફોટા તથા બ્લોક્સ તુરત તૈયાર કરાવીને મોકલવા માટે મુંબઈના ફોટોગ્રાફર ભાઈશ્રી પુનમ શેઠનો આભાર.

# બે......ચિત્રો



ગતાંકમાં આ બે ચિત્રો આપ્યા હતા...તેનો પરિચય મેળવવાનું પાઠકો ઉપર છોડયું હતું. આ અંકે બંને ચિત્રોનો વિગતવાર ટૂંકો પરિચય આપીએ છીએ.

જુઓ સામે પાને



# આત્મધર્મના
# ગ્રાહકોને સૂચના

૧. સં. ૨૦૨૪ ની સાલનું લવાજમ રૂા. ૪=૦૦ છે.

૨. આ અંક સાથે એક કાર્ડ છે; તે ભરીને અત્રે (સોનગઢ) મોકલી આપવા વિનંતી છે.

૩. દર વર્ષની માફક આ વર્ષે કારતક માસનો પ્રથમ અંક તા. ૨૦ મી નવેમ્બરે પ્રસિદ્ધ થશે

૪. જે ગ્રાહકોનું લવાજમ તા. ૧૮ મી નવેમ્બર ૧૯૬૭ સુધીમાં અત્રે આવ્યું હશે તેઓને જ કારતક માસનો અંક તા. ૨૦ મીએ પોસ્ટ થઈ શકશે.

૫. આપને આપનો પ્રથમ કારતક માસનો અંક બરાબર સમયસર મળી રહે તે માટે આપ આપનું લવાજમ અત્રે (સોનગઢ) તા. ૧૮ મી નવેમ્બર ૧૯૬૭ સુધીમાં મળી જાય તે પ્રમાણે મોકલવા વિનંતી છે.

૬. સં. ૨૦૨૪ ની સાલનું લવાજમ લેવાનું શરૂ કરવામાં આવેલ છે. આપ અત્રે મનીઓર્ડરથી મોકલી શકો છો અથવા આપના ગામમાં મંડળ હોય તો તે મારફત પણ મોકલી શકો છો.

૭. આપ આત્મધર્મ અંગે કોઈપણ પત્ર–વ્યવહાર કરો ત્યારે આપનો ગ્રાહકનંબર, આપનું પૂરું નામ તથા સરનામું અવશ્ય લખી જણાવવું જેથી તે ઉપર તુરત ધ્યાન આપી શકાય.

૮. આ વખતે ગ્રાહક નંબર રેપર ઉપર આપના નામ સાથે આપેલા છે તે જ તમારા ગ્રાહક નંબર સમજવા, આગળના ગ્રાહક નંબર કેન્સલ સમજવા.

**દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૪૦૦)